વિશેષાંક

ISSN-0971-8397

# યોજના

ઓગસ્ટ-૨૦૧૯ વિકાસને સમર્પિત માસિક ₹ ૩૦

## કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯-૨૦

**અંદાજપત્રની સમીક્ષા**
સુભાષ ચંદ્ર ગર્ગ

**કરવેરાના પ્રસ્તાવોઃ સામાન્ય નાગરિકને ફાયદા**
અજય ભૂષણ પાંડે

**શ્રેષ્ઠ, સમાન અને વાજબી સ્વાસ્થ્ય સેવાઓ તરફ પ્રયાણ**
ઇન્દુ ભૂષણ

**ઇન્ડિયા@$૫ ટ્રિલિયન માટે કલ્પનાથી વાસ્તવિકતાનો માર્ગ**
ક્રિષ્ણમૂર્થિ વી. સુબ્રમનીયન, સુરભિ જૈન

**ફોક્સ**
**ભવિષ્યની તકો ઝડપી લેવા માટે યુવા પેઢીને પ્રોત્સાહન**
અમિતાભ કાંત

**સ્પોટલાઇટ**
**જળ સુરક્ષાઃ ભવિષ્યની દિશા**
પરમેશ્વરન્ ઐયર

**વિશેષ લેખ**
**શહેરી ભારતનું નવપરિવર્તન**
દુર્ગા શંકર મિશ્રા

# કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯-૨૦ પર પ્રધાનમંત્રીના વિચારો



"આ અંદાજપત્ર અપેક્ષાઓ, વિશ્વાસ અને આકાંક્ષાઓનું બજેટ છે. આ અંદાજપત્ર ૨૧મી સદીના ભારત અને નવા ભારતના નિર્માણની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે મહત્ત્વપૂર્ણ સેતુ પુરવાર થશે."

#Budget For New India એક આશા છે અને એ ૨૧મી સદીમાં ભારતના વિકાસને વેગ આપશેઃ PM@narendramodi

#Budget For New India ગરીબોને સક્ષમ બનાવશે, યુવા પેઢીનાં ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવાનું સુનિશ્ચિત કરે છે અને મધ્યમવર્ગના સંપૂર્ણ વિકાસની ખાતરી આપે છેઃ PM@narendramodi

#Budget For New India ઉદ્યોગો અને કૃષિ ક્ષેત્રને મજબૂત કરશે. આ ૫ ટ્રિલિયન ડોલરનું વિઝન સાકાર કરવાનું અંદાજપત્ર છેઃ PM@narendramodi

#Economic Survey 2019 ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રને હાંસલ કરવાના વિઝનની રૂપરેખા રજૂ કરે છે. આ સામાજિક ક્ષેત્ર, ટેક્નોલોજીના સ્વીકાર અને ઊર્જા સુરક્ષામાં પ્રગતિમાંથી લાભ લેવાનો ચિતાર પણ રજૂ કરે છેઃ PM@narendramodi

"આ અંદાજપત્ર નાણાકીય ક્ષેત્ર માટે સુધારા સૂચવે છે, સામાન્ય નાગરિકો માટે જીવનને સરળ બનાવે છે તેમજ ગામડાંઓ અને ગરીબો માટે કલ્યાણકારી જોગવાઈઓ પણ ધરાવે છે. આ પર્યાવરણને અનુકૂળ ગ્રીન બજેટ છે, જેમાં પર્યાવરણના સંરક્ષણ, ઈલેક્ટ્રિક પરિવહન અને સૌર ઊર્જાના ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે."

સ્રોતઃ www.pib.nic.in
અને www.narendramodi.in

ISSN-0971-8397

www.yojana.gov.in

ઑગસ્ટ-૨૦૧૯

# યોજના

*Let noble thoughts come to us from all sides - Rig Veda*

વિકાસને સમર્પિત

વર્ષ : ૪૭ અંક : ૦૫ સળંગ અંક : ૮૨૪ કિંમત : ₹ ૩૦

અપર મહાનિદેશક : ડૉ. ધીરજ કાકડિયા
મુખ્ય તંત્રી : શમીમા સિદ્દિકી
તંત્રી : જે. એસ. પટેલ

છૂટક નકલ : ₹ ૩૦-૦૦,
વાર્ષિક લવાજમ : ₹ ૨૩૦-૦૦,
બે વર્ષ : ₹ ૪૩૦-૦૦,
ત્રણ વર્ષ : ₹ ૬૧૦-૦૦.

લવાજમની રકમ
"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"ના નામે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે
**"yojanagujarati@gmail.com"**
**પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માગવું. સાથે તમારું પૂરું નામ-સરનામું, પિન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા. યોજના ગુજરાતીનું લવાજમ**

**ઑનલાઈન ભરી શકાશે :**

**(1) https://bharatkosh.gov.in/Product/Product**

**(2) https://www.publicationsdivision.com/beta01/**

**(3) http://yojana.gov.in**

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps, flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country.*

**www.publicationsdivision.nic.in**
**@DPD_India**

## વિષયસૂચિ

**તંત્રીલેખ : તમામ વર્ગ માટેનું અંદાજપત્ર** ....................4

**અંદાજપત્રની સમીક્ષા**
સુભાષ ચંદ્ર ગર્ગ ....................૫

**કરવેરાના પ્રસ્તાવોઃ સામાન્ય નાગરિકને ફાયદા**
અજય ભૂષણ પાંડે ....................૧૧

**શ્રેષ્ઠ, સમાન અને વાજબી સ્વાસ્થ્ય સેવાઓ તરફ પ્રયાણ**
ઈન્દુ ભૂષણ ....................૧૫

**ઇન્ડિયા@$૫ ટ્રિલિયન માટે કલ્પનાથી વાસ્તવિકતાનો માર્ગ**
ક્રિષ્ણમૂર્થિ વી. સુબ્રમનીયન, સુરભિ જૈન ....................૨૦

**ભવિષ્યની તકો ઝડપી લેવા માટે યુવા પેઢીને પ્રોત્સાહન**
અમિતાભ કાંત....................૨૪

**જળ સુરક્ષાઃ ભવિષ્યની દિશા**
પરમેશ્વરન્ ઐયર....................૨૮

**શહેરી ભારતનું નવપરિવર્તન**
દુર્ગા શંકર મિશ્રા ....................૩૧

**શૈક્ષણિક સુધારાઓના માધ્યમથી નવભારતનું નિર્માણ**
આલોક કુમાર, સારાહ આઈપ અને ઉર્વશી પ્રસાદ ....................૩૬

**પરિવહન ક્ષેત્રે માળખાગત સુવિધાઓ**
જી. રઘુરામ ....................૪૦

**તમામ માટે ઊર્જા સુરક્ષા**
મનોજ કુમાર ઉપાધ્યાય ....................૪૩

**ખેડૂતોના કલ્યાણ તરફ ઝડપી આગેકૂચ**
જગદીપ સક્સેના ....................૪૬

**અંદાજપત્ર અને મહિલા સશક્તીકરણ**
શાહિન રાઝી અને નૌશિન રાઝી ....................૪૯

**સુધારાઓ ઉપર કેન્દ્રિત રેલવે અંદાજપત્ર**
શાઈન જેકબ ....................૫૨

**આ નાગરિક અભિમુખ, વિકાસ અભિમુખ અને ભવિષ્યલક્ષી અંદાજપત્ર છેઃ પ્રધાનમંત્રી** ....................૫૪


**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર
C/o પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો, બીજો માળ, અખંડાનંદ હોલ
મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક
ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧ (ગુજરાત)
**ફોન :** ૦૭૯-૨૬૫૮૮૬૬૯
**E-mail : yojanagujarati@gmail.com**

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૨ થી સાંજના ૪ વાગ્યા સુધી **ફોન :** ૦૭૯-૨૬૫૮૮૬૬૯ પર મળશે.
કુલ પાનાં : ૫૬

ISSN-0971-8397

યોજના

# તમામ વર્ગ માટેનું અંદાજપત્ર




કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ માટે રજૂ કરેલું અંદાજપત્ર ન્યૂ ઇન્ડિયા માટેનું છે, જે સમાજના તમામ વર્ગ માટે સર્વસમાવેશક અભિગમ પર આધારિત છે. અંદાજપત્રનો ઉદ્દેશ રોકાણ સંચાલિત વૃદ્ધિ મોડલના આધારે ૨૧મી સદીમાં ભારતના વિકાસને વેગ આપવાનો છે, જે પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રનો લક્ષ્યાંક હાંસલ કરવા આપણા દેશને વેગ આપશે.

અંદાજપત્રમાં એના ઉદ્દેશોને પાર પાડવા કેટલાંક મુખ્ય ક્ષેત્રોમાં પગલાં લેવામાં આવ્યાં છે, જેમ કે કરવેરાની પ્રક્રિયા સરળ બનાવવી, કામગીરીને પ્રોત્સાહન આપવું અને ટેક્નોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો, જેથી સર્વસમાવેશક વિકાસ સુનિશ્ચિત થઈ શકે. ''ગાંવ, ગરીબ ઔર કિસાન'' પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે કેન્દ્રિય અંદાજપત્ર ૨૦૧૯-૨૦ એવું અંદાજપત્ર છે, જેમાં 'સ્વચ્છ ભારત અભિયાન,' 'હર ઘર જલ' વગેરે જેવી વિવિધ પહેલ મારફતે દરેક ગ્રામીણ કુટુંબોને ગેસનું જોડાણ, વીજળી, પાણી અને શૌચાલય પ્રદાન કરવાની આકાંક્ષા ધરાવે છે.

પાણીનાં સ્ત્રોતો અને પાણીના પુરવઠાનું અસરકારક રીતે વ્યવસ્થાપન સંપૂર્ણપણે કરવા નવું જળશક્તિ મંત્રાલય આ દિશામાં પ્રોત્સાહનજનક પગલું છે. ભારતમાં હેલ્થ કેર ક્ષેત્રની કાયાપલટ કરવા આયુષ્માન ભારત રોગોને નિવારવા, સારવારને પ્રોત્સાહન આપવા અને પુનર્ગઠનનાં પાસાંઓને ધ્યાનમાં રાખીને સ્વસ્થ સમાજનું સર્જન કરવા સંપૂર્ણ અભિગમ ધરાવે છે.

સરકારનો ઓછો હસ્તક્ષેપ અને સુશાસન વધારેના મંત્ર પર ભાર મૂકીને કેન્દ્રિય અંદાજપત્રમાં ભૌતિક જોડાણ, ગ્રામીણ ભારત, રેલવે, યુનિફાઇડ ડિજિટલ પેમેન્ટ, આંતરિક જળમાર્ગો વગેરે વિવિધ ક્ષેત્રોમાં વિકાસલક્ષી પહેલ સાથે સામાન્ય નાગરિક માટે જીવનને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકો (MSMEs) મંત્રાલય માટે પેમેન્ટ પ્લેટફોર્મ ઊભું કરીને સરકારી ચુકવણીમાં વિલંબને દૂર કરવામાં આવશે, જેનાં પરિણામે MSMEs ક્ષેત્રને વધારે વિકાસશીલ કરવામાં મદદ મળશે.

''નારી તુ નારાયણી''ના સૂત્રોચ્ચાર સાથે અંદાજપત્રમાં મહિલા ઉદ્યોગસાહસિકો માટે માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઇનાન્સ એજન્સી બેંક (MUDRA) યોજના અને જન ધન ખાતું ધરાવતા સેલ્ફ હેલ્પ ગ્રૂપના દરેક વેરિફાઇડ સભ્ય માટે રૂ. ૫,૦૦૦ના ઓવરડ્રાફ્ટની સુવિધા જેવી વિવિધ પહેલ દ્વારા અર્થતંત્ર તેમજ વર્કફોર્સમાં મહિલાઓની વધતી ભૂમિકા અને પ્રદાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે એટલે અંદાજપત્ર મહિલાઓનાં સશક્તીકરણની સાથે નજીકના ભવિષ્યમાં મહિલા સશક્તીકરણ અંદાજપત્ર તરીકે સ્થાન મેળવશે એ નક્કી છે.

અત્યાધુનિક ટેક્નોલોજીઓમાં ઈલેક્ટ્રિક વાહનો, સોલર ફોટોવોલ્ટેઇક, સ્ટોરેજ બેટરી અને ચાર્જિંગ માળખું રોજગારીનું સર્જન કરવાની સાથે લાંબા ગાળે ઊર્જા ક્ષેત્રને પર્યાવરણને અનુકૂળ અને ભવિષ્ય માટે સજ્જ બનાવશે. આ પર્યાવરણને અનુકૂળ 'ગ્રીન અંદાજપત્ર' છે, જેમાં વિશેષ ભાર પર્યાવરણ પર મૂકવામાં આવ્યો છે.

ગગનયાન, ચંદ્રયાન જેવી પહેલ અને ઈસરો દ્વારા સંશોધન અને વિકાસ કામગીરી માટે નવી વાણિજ્યિક કંપની ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)ની રચના કરવાની દરખાસ્ત ભારતની અંતરિક્ષ ક્ષેત્રમાં મહાસત્તા બનવાની આકાંક્ષા બયાન કરે છે.

અત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપયોગી કુશળતાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને રોબોટિક્સ અને બિગ ડેટા સામેલ છે, જે દેશની યુવા પેઢીને વિદેશમાં રોજગારી મેળવવા માટે સક્ષમ બનાવે છે. શિક્ષણ વ્યવસ્થાને ભવિષ્ય માટે સજ્જ બનાવવા અને ભારતમાં અભ્યાસને મજબૂત કરવાનો કાર્યક્રમ પણ એમાં સૂચવવામાં આવ્યો છે.

સંપૂર્ણપણે કહીએ તો અંદાજપત્ર ગ્રામીણ અને શહેરી ભારતીયોની આકાંક્ષાઓ, ખેડૂતો અને વિદ્યાર્થીઓની જરૂરિયાતોની આકાંક્ષાઓ તથા યુવાનો અને મહિલાઓને સક્ષમ બનાવવા માટેના અભિયાનને દિશા આપે છે. ન્યૂ ઇન્ડિયા અર્થાત્ નવા ભારતના નિર્માણ માટે અર્થતંત્રને દોરતું યુનિયન અંદાજપત્ર ૨૦૧૯-૨૦ ખરા અર્થમાં દેશના તમામ નાગરિકો માટેનું અંદાજપત્ર છે.

# અંદાજપત્રની સમીક્ષા

સુભાષ ચંદ્ર ગર્ગ

૧૭મી લોકસભાની રચના થઇ અને નવી સરકાર બની તે પછી ૫ જુલાઇ, ૨૦૧૯ના રોજ વર્ષ ૨૦૧૯-૨૦ માટે નિયમિત અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આ અંદાજપત્ર ફાઇનાન્સ બિલ ૨૦૧૯; ૨૦૧૯-૨૦ના ગ્રાન્ટ્સ માટે વાર્ષિક ફાઇનાન્શિઅલ સ્ટેટમેન્ટ અને ડિમાન્ડ્સ સહિત ૨૦૧૯-૨૦ માટે તમામ આર્થિક બાબતોને આવરી લેતા ૧૩ દસ્તાવેજોનું સંમિશ્રણ છે.

**મેક્રોઇકોનોમિક દૃષ્ટિબિંદુ:**

અર્થતંત્રએ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ દરમિયાન સરેરાશ ૭.૫ %ના દરે આર્થિકવૃદ્ધિ હાંસલ કરી છે. રાષ્ટ્રીય આવકના પ્રસ્તાવિત અંદાજો અનુસાર ૨૦૧૮-૧૯માં વાસ્તવિક GDPની વૃદ્ધિ ૬.૮ % હતી, જે ૨૦૧૭-૧૮ની વાસ્તવિક વૃદ્ધિ કરતાં ૪૦ બેઝિસ પોઇન્ટ ઓછી હતી. ૨૦૧૮-૧૯માં સતત મૂળભૂત કિંમતો પર ગ્રોસ વેલ્યૂ એડેડ (GVA)ની વૃદ્ધિ ૬.૬ % હતી.

ક્ષેત્ર સ્તરે જોવામાં આવે તો કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રની વૃદ્ધિ ૨૦૧૮-૧૯માં અનુક્રમે ૨.૯%, ૬.૯% અને ૭.૫%ના દરે થઇ. GDPની વૃદ્ધિમાં આ સમધોરણ મુખ્યત્વે ‘કૃષિ અને સંલગ્ન’ અને સેવાઓ (ફાઇનાન્શિઅલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સેવાઓ સિવાય)માં ઓછી વૃદ્ધિના કારણે છે.

**GDP અંકોમાં પ્રતિબિંબિત મેક્રો-માપદંડ નીચે આપેલા કોષ્ટક અનુસાર છે:**

**કોષ્ટક ૧: GDPની વૃદ્ધિ (%)**

| સૂચક | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૮-૧૯ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | Q૧ | Q૨ | Q૩ | Q૪ |
| **વાસ્તવિક GDP વૃદ્ધિ** | **૮.૨** | **૭.૨** | **૬.૮** | **૮.૦** | **૭.૦** | **૬.૬** | **૫.૮** |
| વાસ્તવિક ગ્રોસ વેલ્યૂ એડેડ વૃદ્ધિ | ૭.૯ | ૬.૯ | ૬.૬ | ૭.૭ | ૬.૯ | ૬.૩ | ૫.૭ |
| (જેમાંથી) | | | | | | | |
| કૃષિ અને સંલગ્ન | ૬.૩ | ૫.૦ | ૨.૯ | ૫.૧ | ૪.૯ | ૨.૮ | -૦.૧ |
| ઉદ્યોગ | ૭.૭ | ૫.૯ | ૬.૯ | ૯.૮ | ૬.૭ | ૭.૦ | ૪.૨ |
| સેવાઓ | ૮.૪ | ૮.૧ | ૭.૫ | ૭.૧ | ૭.૩ | ૭.૨ | ૮.૪ |

ઉપરોક્ત વૃદ્ધિના સંકલિત આંકડાઓ ઉપરાંત અન્ય મેક્રો-તથ્યોનો નીચે ઉલ્લેખ કર્યો છે:

**તથ્ય-૧: ફુગાવો નિયંત્રણ હેઠળ છે:**

- ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વર્ષોમાં ફુગાવાનો દર ૯.૯ % હતો, જે ૨૦૧૮-૧૯માં પૂરાં થતાં છેલ્લાં પાંચ વર્ષમાં સરેરાશ દર ઘટીને અડધાથી ઓછો થઇ ગયો.

● ૨૦૧૮-૧૯ માટે કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ (સંયુક્ત) આધારિત મુખ્ય ફુગાવો સરેરાશ ૩.૪ % હતો, જે ૨૦૧૭-૧૮માં ૩.૬ % નોંધાયો હતો. એપ્રિલ-મે ૨૦૧૯માં, CPI ૩.૦ % નોંધાયો હતો.

● હોલસેલ પ્રાઇઝ ઈન્ડેક્સ (WPI) ફુગાવો ૨૦૧૮-૧૯માં ૪.૩ % નોંધાયો હતો, જે ૨૦૧૭-૧૮માં ૩.૦% હતો. એપ્રિલ- મે ૨૦૧૯માં, WPI ફુગાવો ૨.૮ % નોંધાયો હતો.

**તથ્ય-૨: વૈશ્વિક મંદી છતાં બાહ્ય ક્ષેત્રોના સૂચકાંકની ઉમદા કામગીરી:**

**ભારતનો મર્ચેન્ડાઇઝ વ્યાપાર:** ૨૦૧૬-૧૭ દરમિયાન નિકાસમાં ૫.૨ % વૃદ્ધિ થઇ હતી જ્યારે આયાતમાં ૦.૯ %નો વધારો થયો હતો. ૨૦૧૭-૧૮માં ડોલરના સંદર્ભમાં મર્ચેન્ડાઇઝ નિકાસ અને આયાતમાં અનુક્રમે ૧૦ % અને ૨૧.૧ %નો વધારો થયો હતો. ૨૦૧૭-૧૮માં ઉચ્ચ વ્યાપાર ખાધનો નોંધપાત્ર હિસ્સો ઉચ્ચ ઓઇલ આયાત બિલ ગણી શકાય, કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલી વૃદ્ધિના કારણે તેમાં વધારો થયો હતો. ૨૦૧૮-૧૯માં વૈશ્વિક અર્થતંત્રમાં મંદી છતાં મર્ચેન્ડાઇઝ વ્યાપાર ખાધ માત્ર US$ ૨૧.૯ બિલિયનમાં સમેટાઇ ગઇ હતી, જે ૨૦૧૭-૧૮માં US$ ૫૩.૬ બિલિયન નોંધાઇ હતી.

**ચાલુ ખાતાની ખાધ:** ૨૦૧૭-૧૮માં GDPના ૧.૮ % હતી તેનાથી વધીને ૨૦૧૮-૧૯માં ૨.૧ % થઇ. ૨૦૧૮-૧૯માં ભારતમાં કુલ વિદેશી સીધુ રોકાણ (FDI) US$ ૬૪.૩ બિલિયનની ટોચે પહોંચી ગયું, જે ૨૦૧૭-૧૮માં GDP US$ ૬૧ બિલિયન હતું. એપ્રિલ ૨૦૧૯માં, કુલ FDIની આવક GDP ૫.૨ બિલિયન થઇ જે એપ્રિલ ૨૦૧૮માં US$ ૫.૫ બિલિયન હતી. માર્ચ ૨૦૧૯ના અંતે વિદેશી હુંડિયામણ સંગ્રહ US$ ૪૧૨.૯ બિલિયન નોંધાયો હતો જે, માર્ચ ૨૦૧૮ના અંતે US$ ૪૨૪.૫ બિલિયન હતો.

**તથ્ય-૩: રોકાણ એક ચિંતાનો મુદ્દો છે, પરંતુ છેલ્લાં બે વર્ષમાં બદલાતી સ્થિતિ જોવા મળી છે:**

૨૦૧૧-૧૨થી રોકાણના દર અને ફિક્સ્ડ રોકાણ દર બંનેમાં ઘટાડો નોંધાયો છે. રોકાણ દર (GDPમાં કુલ મૂડીનિર્માણનો હિસ્સો) ૨૦૧૬-૧૭માં ૩૦.૯% હતો ત્યાંથી સુધરીને ૨૦૧૭-૧૮માં (જે વર્ષ માટે ડેટા ઉપલબ્ધ છે તે તાજેતરનું વર્ષ) ૩૨.૩% થયો છે. ૨૦૧૬-૧૭માં ફિક્સ્ડ રોકાણ દર (GDPમાં કુલ ફિક્સ્ડ મૂળ નિર્માણનો હિસ્સો) ૨૮.૬ % હતો તે ૨૦૧૮-૧૯માં સુધરીને ૨૯.૩ % થયો.

**દેશમાં રોકાણની પરિસ્થિતિનો ટૂંકો સ્નેપશોટ નીચે કોષ્ટક -૨માં આપેલો છે:**

**કોષ્ટક ૨: મૂડીનિર્માણનો દર (%)**

| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|---|---|
| **કુલ મૂડીનિર્માણ** | **૩૩.૫** | **૩૨.૧** | **૩૦.૯** | **૩૨.૩** | **NA** |
| જાહેર ક્ષેત્ર | ૭.૧ | ૭.૬ | ૭.૧ | ૭.૨ | NA |
| ખાનગી કોર્પોરેટ | ૧૩.૪ | ૧૩.૨ | ૧૧.૬ | ૧૧.૬ | NA |
| પારિવારિક ક્ષેત્ર | ૧૨.૧ | ૯.૬ | ૧૦.૫ | ૧૦.૩ | NA |
| **કુલ ફિક્સ્ડ મૂડીનિર્માણ** | **૩૦.૧** | **૨૮.૭** | **૨૮.૨** | **૨૮.૬** | **૨૯.૩** |
| NA: ઉપલબ્ધ નથી | | | | | |

નીતિ માપદંડના કારણે ભારતીય અર્થતંત્રમાં આત્મવિશ્વાસનો વધારો થયો છે:

● મૂડીની રેટિંગ એજન્સીએ ભારતનું સ્થાનિક અને વિદેશી ચલણ જારી કરતાં રેટિંગ 'Baa૩'થી સુધારીને સ્થિર દષ્ટિબિંદુ સાથે 'Baa૨' કર્યું છે, જે ભારતમાં આર્થિક સુધારાઓમાં સતત પ્રગતિના કારણે સમય જતાં વૃદ્ધિની સંભાવનાઓ વધશે તેવી આશાએ કરવામાં આવ્યું છે.

● વર્લ્ડ બેંકના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-૨૦૧૯ અહેવાલમાં ભારતનું રેન્કિંગ સુધરીને ૨૩મા ક્રમે આવ્યું છે, જે ૨૦૧૮માં ૭૭મો રેન્ક હતો.

**નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના બાકી રહેલા વર્ષ માટે મેક્રો-આઉટલુકઃ**

૨૦૧૮-૧૯માં અર્થતંત્ર ૬.૮ % વધ્યું છે. ઓઇલના ઊંચા ભાવ અને ડોલરની સામે રૂપિયાના મૂલ્યમાં ધોવાણ છતાં પણ આ વૃદ્ધિદર હાંસલ થઇ શક્યો હતો. હવે ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે અને વિનિમયદરમાં પણ સ્થિરતા આવી છે, તેથી ભારતીય અર્થતંત્રની સંભાવનાઓ વધુ ઊજળી દેખાઇ રહી છે. ૨૦૧૯-૨૦માં અર્થતંત્ર ૭%એ વૃદ્ધિ કરશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

**અંદાજપત્ર ૨૦૧૯-૨૦૨૦:**

૨૦૧૯-૨૦ માટે BE ૨૦૧૯-૨૦માં નાણાં ખાધનું લક્ષ્ય GDPના ૩.૩ % છે જ્યારે મહેસુલ ખાધ GDPના ૨.૩ % છે.

- BE ૨૦૧૯-૨૦ માટે કેન્દ્ર સરકારનું દેવું GDPની ટકાવારી પ્રમાણે ૪૮% રહેવાની અપેક્ષા છે.
- BE૨૦૧૯-૨૦માં, GDPની ટકાવારી પ્રમાણે કુલ કર આવક ૧૧.૭% રહેવાની અપેક્ષા છે.

**અંદાજપત્ર પર એક નજરઃ**

અંદાજપત્ર એસ્ટિમેટ્સ (BE) ૨૦૧૯-૨૦માં કરવેરામાં રાજ્યનો હિસ્સો અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાઓ હેઠળ આપેલ રકમ સહિત રાજ્યને ટ્રાન્સફર કરવામાં આવેલા કુલ સ્ત્રોતો રૂ. ૧૩,૨૯,૪૨૯ કરોડ રહેવાનો અંદાજ છે. આ આંકડો ૨૦૧૮-૧૯ના અંદાજ કરતાં રૂ. ૮૨,૮૪૫ કરોડનો વધારો અને ૨૦૧૭-૧૮ માટે વાસ્તવિક કરતાં રૂ. ૨,૪૪,૨૯૮ કરોડનો વધારો આપે છે. આ બાબત કૃષિ અને સામાજિક ક્ષેત્રે રોકાણમાં વૃદ્ધિ માટે સરકારની કટિબદ્ધતા પ્રતિબિંબિત કરે છે.

**ખર્ચઃ**

કુલ ખર્ચ રૂ. ૨૭,૮૬,૩૪૯ કરોડ રાખવામાં આવ્યો છે જે BE ૨૦૧૮-૧૯ કરતાં રૂ. ૩,૪૪,૧૩૬ કરોડનો વધારો અને BE ૨૦૧૮-૧૯ કરતા રૂ. ૩,૨૯,૧૧૪ કરોડનો વધારો દર્શાવે છે. કુલ ખર્ચમાં યોજનાઓ હેઠળ રૂ. ૧૨,૦૨,૪૦૪ કરોડની જોગવાઇઓ સામેલ છે. મહેસૂલ ખર્ચ અને મૂડીખર્ચ અનુક્રમે રૂ. ૨૪,૪૭,૭૮૦ કરોડ અને રૂ. ૩,૩૮,૫૬૯ કરોડ છે. BE ૨૦૧૯-૨૦માં મૂડી ખર્ચ (IEBR સહિત) રૂ. ૮,૭૬,૨૦૯ કરોડ રહેવાનો અંદાજ છે.

**મહેસૂલ ખર્ચઃ**

સરકારના મહેસૂલ ખર્ચમાં મુખ્ય ઘટકોમાં વ્યાજની ચુકવણી, સબસિડી, પગાર, પેન્શન, સંરક્ષણ મહેસૂલ ખર્ચ, કેન્દ્રીય પોલીસ સંગઠનો પર ખર્ચ અને રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાઇનાન્સ કમિશન ગ્રાન્ટના રૂપમાં મહેસૂલ ટ્રાન્સફર, કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજનાઓ અને/અથવા ટ્રાન્સફર સામેલ છે.

૨૦૧૯-૨૦માં વ્યાજની ચુકવણી પેટે રૂ. ૬,૬૦,૪૭૧ કરોડ ખર્ચાવાનો અંદાજ છે, જે મહેસૂલની આવકના ૩૩.૭% હિસ્સો છે. BE ૨૦૧૯-૨૦માં સબસિડી પેટે રૂ. ૩,૦૧,૬૯૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

સંરક્ષણ સેવા મહેસૂલ ખર્ચ માટે BE ૨૦૧૯-૨૦ રૂ. ૨,૦૧,૯૦૨ કરોડ રહેવાનો અંદાજ છે. પેન્શનખર્ચ રૂ. ૧,૭૪,૩૦૦ કરોડ રહેવાનો અંદાજ છે. કેન્દ્રીય ક્ષેત્ર યોજનાનો ખર્ચ રૂ. ૮,૭૦,૭૯૪ કરોડ રહેવાનો અંદાજ છે જેમાં BE ૨૦૧૮-૧૯ કરતા ૧૮.૨ %નો વધારો કરેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાઓનો ખર્ચ BE ૨૦૧૮-૧૯ કરતા ૮.૮ %ની વૃદ્ધિ સાથે રૂ. ૩,૩૧,૬૧૦ કરોડ રહેવાનો અંદાજ છે.


**મૂડી ખર્ચઃ**

BE ૨૦૧૯-૨૦માં મૂડીખર્ચ રૂ. ૩,૩૮,૫૬૯ કરોડ છે. આ ભારતના એકત્રિત ભંડોળમાંથી છે. મૂડીખર્ચ મુખ્યત્વે નીચે દર્શાવેલાં મંત્રાલયમાં થાય છેઃ

**મહેસૂલ અને મૂડી આવકઃ**

BE ૨૦૧૯-૨૦માં કુલ મહેસૂલ આવક રૂ. ૧૯,૬૨,૭૬૧ કરોડ રહેવાની અપેક્ષા છે. BE ૨૦૧૯-૨૦માં કુલ કરવેરાની આવક રૂ. ૨૪,૬૧,૧૯૫ કરોડ રહેવાની અપેક્ષા છે, જે BE ૨૦૧૮-૧૯ કરતાં રૂ. ૨,૧૩,૦૨૦ કરોડ (૯.૪૮%)ની વૃદ્ધિ દર્શાવે છે. કેન્દ્રની ચોખ્ખી આવક (રાજ્યનો હિસ્સો તેમજ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા ભંડોળ ટ્રાન્સફર કર્યા પછી) રૂ. ૧૬,૪૯,૫૮૨

| | |
|---|---|
| સંરક્ષણ | રૂ. ૧,૦૩,૩૯૪ કરોડ |
| રેલવે | રૂ. ૬૫,૮૩૭ કરોડ |
| માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો | રૂ. ૭૨,૦૫૯ કરોડ |
| આવાસ અને શહેરી બાબતો | રૂ. ૧૯,૫૪૪ કરોડ |
| આર્થિક બાબતોનો વિભાગ | રૂ. ૧૧,૫૮૪ કરોડ |
| પોલીસ | રૂ. ૧૦,૭૯૦ કરોડ |



UNION BUDGET 2019-20
Budget at a Glance
pib
PRESS INFORMATION BUREAU
2017-18 (Actuals)
2018-19 (BE)
2018-19 (RE)
2019-20 (BE)
RECEIPTS
(in ₹ crore)
Revenue
Capital
14,35,233
17,25,738
17,29,682
19,62,761
7,06,740
7,16,475
7,27,553
8,23,588
EXPENDITURE
(in ₹ crore)
Revenue
Capital
18,78,833
21,41,772
21,40,612
24,47,780
2,63,140
3,004,41
3,16,623
3,38,569
Deficit Trends
% of GDP
Fiscal Deficit 3.5 3.3 3.4 3.3
Revenue Deficit 2.6 2.2 2.2 2.3
Effective Revenue Deficit 1.5 1.2 1.1 1.3
Primary Deficit 0.4 0.3 0.2 0.2
2017-18 (Actuals)
2018-19 (Budget Estimates)
2018-19 (Revised Estimates)
2019-20 (Budget Estimates)
/PIB_India
/PIBHindi
/pibindia
/pibindia
/pibindia.wordpress.com
/pibindia
pib.gov.in
PIB/KBK

કરોડ રહેવાનો અંદાજ છે, જે RE ૨૦૧૮-૧૯ કરતાં રૂ. ૧,૬૫,૧૭૬ કરોડ (૧૧.૧૩%)ની વૃદ્ધિ દર્શાવે છે.

BE ૨૦૧૯-૨૦માં પ્રત્યક્ષ કરવેરા રૂ. ૧૩,૩૫,૦૦૦ કરોડના આંકડા સુધી પહોંચવાની આશા છે. કસ્ટમ્સ - સેન્ટ્રલ એક્સાઇઝ અને GST સહિત અપ્રત્યક્ષ કરવેરા ચીજવસ્તુઓ અને સેવાઓ પર લેવામાં અને એકત્ર કરવામાં આવે છે. BE ૨૦૧૯-૨૦માં અપ્રત્યક્ષ કરવેરા રૂ. ૧૧,૨૨,૦૧૫ કરોડ રહેવાનો અંદાજ છે.

BE ૨૦૧૯-૨૦માં કરવેરા સિવાયની આવક રૂ. ૩,૧૩,૧૭૯ કરોડ રહેવાનો અંદાજ છે. BE ૨૦૧૯-૨૦માં નોન-ડેબ્ટ મૂડી આવક (NDCR) રૂ. ૧,૧૯,૮૨૮ કરોડ રહેવાનો અંદાજ છે. BE ૨૦૧૯-૨૦માં ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા થતી આવક વાસ્તવિક રૂપે રૂ. ૧,૦૫,૦૦૦ કરોડ રહેવાનો અંદાજ છે.

**દેવું:**

BE ૨૦૧૯-૨૦માં બાયબેક/સ્વિચ સિવાય ડેટેડ સિક્યુરિટીઝ દ્વારા ભારત સરકાર દ્વારા કુલ અને ચોખ્ખું બજાર દેવું અનુક્રમે રૂ. ૭,૧૦,૦૦૦ કરોડ અને રૂ. ૪,૨૩,૧૨૨ કરોડ રહેવાનો અંદાજ છે.

**અંદાજપત્ર ૨૦૧૯-૨૦ મુખ્ય અંશો:**

ત્રણ મુખ્ય મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો છે:

**રોકાણ પ્રોત્સાહન પગલાં:**

સ્થાનિક બચતો ઉપરાંત વિકાસને વેગ આપતા પ્રભાવ અને આવકમાં વૃદ્ધિના પરિણામે અર્થતંત્રમાં બચતનો વધુ ઉત્સાહ જોવા મળશે તેવું અનુમાન છે. રોકાણનાં પગલાંને પ્રોત્સાહન આપવા માટે કેટલાંક મહત્વનાં પગલાં નીચે દર્શાવ્યા અનુસાર છે.

**વિદેશી રોકાણને આકર્ષવા માટે પગલાં:**

- વીમા મધ્યસ્થીઓ માટે પ્રસ્તાવિત ૧૦૦ % સીધા વિદેશી રોકાણ (FDI)ને મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- સિંગલ બ્રાન્ડ રિટેઇલ ક્ષેત્રે FDI માટે સ્થાનિક સોર્સિંગ માપદંડો હળવા કરવામાં આવશે.
- અંદાજપત્રમાં કંપનીમાં ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટ (FPI) માટે બંધારણીય મર્યાદા ૨૪%થી ક્ષેત્રીય વિદેશી રોકાણ મર્યાદા સુધી લઇ જવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે જેથી, સંબંધિત કોર્પોરેટને નીચલી હદ સુધી મર્યાદિત કરવા માટે વિકલ્પ આપી શકાય.


**સ્થાનિક રોકાણને આકર્ષવા માટેનાં પગલાં:**

- ૨૫%ના નીચા કોર્પોરેટ કર દર માટે વાર્ષિક ટર્નઓવર મર્યાદા રૂ. ૨૫૦ કરોડથી વધારીને રૂ. ૪૦૦ કરોડ કરવી.
- ઇલેક્ટ્રિક વાહનની ખરીદી માટે લીધેલી લોન પર ચૂકવેલ વ્યાજ પર વધારાની રૂ. ૧.૫ લાખની આવકવેરા કપાત અને ઇલેક્ટ્રિક વાહન પર BE ૧૨ %થી ઘટાડીને ૫% કરવા માટે GST કાઉન્સિલ પાસે જઇ રહ્યા છે.
- આગામી પાંચ વર્ષમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ કાર્યક્રમનું પુનર્ગઠન તૈયાર કરીને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે રૂ. ૧૦૦ લાખ કરોડના રોકાણના આશય સાથે અંદાજપત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને વેગ આપે છે.
- રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવા માટે પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ મોડેલનો ઉપયોગ કરવામાં આવશે.
- પરંપરાગત ઉદ્યોગોના સુધારા અને પુનર્નિર્માણ માટે યોજના (SFURTI) શરૂ કરવામાં આવી છે, જે પરંપરાગત ઉદ્યોગોને વધુ નફાકારક કરવા માટે ક્લસ્ટર આધારિત વિકાસની સુવિધા માટે છે.
- MUDRA યોજના હેઠળ દરેક SHGમાં રૂ. ૧ લાખ સુધીની લોન માટે એક મહિલાને મંજૂરી આપવામાં આવે છે.
- સરકાર GSTની પ્રક્રિયા વધુ સરળ કરી રહી છે. સરળ કરેલું એક જ માસિક રિટર્ન લાવવામાં આવશે. રૂ. ૫ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓ ત્રિમાસિક ધોરણે રિટર્ન ફાઇલ કરી શકે છે. રિટર્ન તૈયાર કરવા માટે મફત એકાઉન્ટિંગ સોફ્ટવર નાના વ્યવસાયોને ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.
- અર્થતંત્ર પર પ્રબળ વેગ આપવા માટે જાહેર ક્ષેત્રની બેંકોની ક્રેડિટમાં વધારો કરવા માટે રૂ. ૭૦,૦૦૦ કરોડની મૂડી આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

**કનેક્ટિવિટી:**

- સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર, સમર્પિત ફ્રેટ કોરિડોર, ભારતમાલા અને સાગરમાલા પ્રોજેક્ટ્સ, જલમાર્ગ વિકાસ અને ઉડાન યોજનાઓ દ્વારા તમામ પ્રકારની ભૌતિક કનેક્ટિવિટીને વિપુલ પ્રમાણમાં આગળ ધકેલી છે.

- ૨૫%ના નીચલા કોર્પોરેટ ટેક્સ રેટ માટે વાર્ષિક ટર્નઓવરની મર્યાદા રૂ. ૨૫૦ કરોડથી વધારીને રૂ. ૪૦૦ કરોડ કરવામાં આવી છે.
- ૨૦૧૯માં અંદાજે ૨૧૦ કિમી મેટ્રોલાઇન કાર્યરત થઇ ગઇ છે. આ સાથે સમગ્ર દેશમાં કુલ ૬૫૭ કિમી મેટ્રોલાઇનનું નેટવર્ક કાર્યરત થઇ ગયું છે.
- ૨૦૧૯માં પરિવહન માટે ભારતની સૌપ્રથમ સ્વદેશી બનાવટની પેમેન્ટ ઇકો સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે, જે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) ધોરણો આધારિત છે.
- લોકો ઇલેક્ટ્રિક વાહનો અપનાવે તેને પ્રોત્સાહન આપવા માટે ફાસ્ટર એડપ્શન એન્ડ મેન્યૂફેક્ચર ઓફ (હાઇબ્રીડ એન્ડ) ઇલેક્ટ્રિક વિહિકલ્સ (FAME) યોજનાનો તબક્કો-૨ આગામી ૩ વર્ષના સમયગાળા માટે રૂ. ૧૦,૦૦૦ કરોડની ફાળવણી સાથે શરૂ કરી દેવામાં આવ્યો છે.
- ફાઇનાન્સ કરી શકાય તેવા મોડલ સાથે ઇચ્છિત લંબાઇ અને ક્ષમતાનું રાષ્ટ્રીય ધોરીમાર્ગ માળખું સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ કાર્યક્રમના વ્યાપક પુનર્ગઠનનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.




- માલની હેરફેર માટે નદીઓનો ઉપયોગ કરવાની કલ્પના કરવામાં આવી છે, જેનાથી માર્ગો અને રેલવે પરનો ટ્રાફિક ઘટાડવામાં મદદ મળશે.
- રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ૨૦૧૮-૩૦ દરમિયાન રૂ. ૫૦ લાખ કરોડના રોકાણની જરૂર પડશે તેવો અંદાજ છે. પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મુકાયો છે.
- 'એક દેશ, એક ગ્રીડ'ના મોડલથી રાજ્યને પોષાય તેવા દરે વીજળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થઇ છે તે મોડેલનો ઉપયોગ કરીને ગેસ ગ્રીડ, વોટર ગ્રીડ, આઇ-વે અને પ્રાદેશિક એરપોર્ટ્સના વિકાસનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

**સારાંશ**

૨૦૧૯-૨૦ માટે નિયમિત અંદાજપત્રમાં આગામી વર્ષ માટે કેન્દ્ર સરકારને આવક અને ખર્ચના અંદાજની વિગતો આપવામાં આવી છે. પ્રવર્તમાન મેક્રો ઇકોનોમિક સ્થિતિ અને નાણાકીય સમજદારીનાં નિયંત્રણોમાં કામ કરતી વખતે મેક્રો ઇકોનોમિક ફાળવણીઓ કરવામાં આવી છે. US$ ૫ ટ્રિલિયનના અર્થતંત્રનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં કામ કરતી વખતે પડકારોમાંથી અસરકારક રીતે બહાર નીકળવા માટે અંદાજપત્રમાં પગલાં સૂચવવામાં આવ્યાં છે.


લેખક ભારત સરકારના નાણાં મંત્રાલયમાં નાણાં સચિવ અને આર્થિક બાબતોના વિભાગમાં સચિવ છે.

ઇ-મેલ: secy-dea@nic.in

# કરવેરાના પ્રસ્તાવોઃ સામાન્ય નાગરિકને ફાયદા

અજય ભૂષણ પાંડે



ભારત સમગ્ર દુનિયામાં છઠ્ઠું સૌથી મોટું અર્થતંત્ર છે અને ભારતના આર્થિક વિકાસની આ સફરમાં કરવેરા વહીવટીતંત્રએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સારા વહીવટ અને પારદર્શકતા સાથે ઝડપથી વિકાસ કરવા માટે ભારત પાસે આર્થિક મજબૂતી હોવી આવશ્યક છે. સરકાર દ્વારા આપવામાં આવતી માળખાકીય અને સામાજિક કલ્યાણની સુવિધાઓ મોટા પાયે કરદાતાઓનાં નાણાંમાંથી પૂરી પાડવામાં આવે છે. કરદાતાઓને કરવેરો ચૂકવવા માટે તેમજ કરવેરા આધારનો હિસ્સો બનવા માટે પ્રોત્સાહિત કરવા ઈન્સેન્ટિવ આપીને તેમના માટે ઑનલાઈન કરવેરા પ્રણાલી લાવવાની જરૂર છે.

ભારત આગામી કેટલાંક વર્ષમાં 'રોકાણના નીતિમાનચક્રો' દ્વારા US $ ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનવાનું સપનું જોઇ રહ્યું છે. વર્તમાન સમયમાં આપણે આ વર્ષે US $ ૩ ટ્રિલિયનનું અર્થતંત્ર બનવા તરફ વૃદ્ધિ કરી રહ્યા છીએ. ખરીદક્ષમતાના ધોરણે ચીન અને યુએસએ પછી આપણે ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર છીએ.

“સુધારા-કામગીરી અને પરિવર્તન”ના વિકાસ મંત્ર સાથે અત્યારે પરિવર્તનકારી ક્રાંતિનો યુગ ચાલી રહ્યો છે. વિશાળ સમૂહને સશક્ત કરવા માટે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ, નાવીન્યતા, સંભાવનાઓ અને સ્ત્રોતો, સંભાવનાઓને પુનરુર્જિત કરવી, સંસ્થાઓમાં સુધારો, માળખાકીય સુવિધાઓનું પુનઃનિર્માણ, ઔપચારિક અર્થતંત્રને સમર્થન અને સમાજ-સાંસ્કૃતિક ઐક્યના કાયાકલ્પ સાથે ક્રાંતિ જેવા પગલા લેવામાં આવી રહ્યાં છે.

ભારત હવે સ્વતંત્રતા પહેલાંના સમયગાળામાં થયેલા નુકસાનની ખોટ પૂરવા માટે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સ્થાન મજબૂત કરવા માટે પુનઃ સંકલિત અને તીવ્ર પ્રયાસો કરી રહ્યું છે. આ પ્રયાસો લોકોને સશક્ત કરવા માટે પૂરતી આર્થિક તકો આપવા ઉપરાંત “સૌથી પહેલાં રાષ્ટ્ર”ની નીતિ સાથે સમાજના રાષ્ટ્રીય ઐક્યમાં પરિવર્તન લાવી રહ્યા છે.

ભારતમાં અત્યારે વિશ્વના સૌથી મોટા ડિજિટલ ઓળખ પ્લેટફોર્મ હેઠળ ૯૯% પુખ્તોના કવરેજ સાથે ૧૨૪ કરોડથી વધુ આધારકાર્ડ ધારકો છે. ૧૧૯ કરોડ બેંક ખાતાંઓ છે, જેમાં ૬૫ કરોડ અનન્ય વ્યક્તિગત ખાતાંઓ સાથે ૯૯.૮% પરિવારોનો આર્થિક સમાવેશ કરવામાં આવ્યો છે. ૯૧.૮% ટેલિ-ડેન્સિટી સાથે લગભગ ૧૧૮ કરોડ મોબાઈલ સાથે ભારત સમગ્ર દુનિયામાં સૌથી ઝડપથી વિકસી રહેલું US $ ૨.૭ ટ્રિલિયનનું અર્થતંત્ર છે.

અર્થશાસ્ત્રમાં કૌટિલ્યએ કહ્યું છે કે કોઇપણ રાષ્ટ્રનો મોભો તેની આર્થિક શક્તિ પર નિર્ભર હોય છે અને કોષા મૂલો દાંડા- અર્થાત્ આવક એ વહીવટીતંત્રની કરોડરજ્જુ છે. યોગ્ય કરવેરા પ્રસ્તાવો હોવા આવશ્યક છે અને તેનો અમલ કરવા માટે, સુધારેલી અદ્યતન કરવેરા વહીવટી પ્રણાલી હોવી જરૂરી છે. આ પ્રણાલી સરળ, અનુકૂળ, સર્વવ્યાપી, અદ્યતન અને કરદાતાઓને અનુકૂળ હોવી જરૂરી છે. તે પડકારો ઉકેલવા માટે ન્યાયપૂર્ણ, પ્રતિભાવશીલ અને ત્વરિત હોવી જરૂરી




છે, જેથી કર અનુપાલન કરતા સમાજનું નિર્માણ થઇ શકે.

**કરવેરાનીતિની કાળજી રાખવા માટે બે મહત્વપૂર્ણ ઘટકો:**

- સરકાર માટે ઉચ્ચ અને વધુ ભરોસાપાત્ર આવક ઊભી કરવા માટે ક્ષમતા - આનાથી ટકાઉક્ષમ વિકાસ અને આર્થિક મજબૂતી માટે જાહેરસેવાઓ ઉપલબ્ધ થઇ શકે છે.
- વૈશ્વિકીકૃત બજારમાં આવકમાં ગતિશીલતા લાવવી - તેમાં એવી ગોઠવણી પર કામ કરવાની જરૂર છે જેના દ્વારા ઓછા-ટેક્સ હેવન દેશોમાં નફા/મિલકતોના કૃત્રિમ સ્થાનાંતરણને નબળું પાડી શકાય અને આર્થિક હિતો બચાવવા માટે આક્રમક કર સ્પર્ધાને પહોંચી શકાય.

મોટા ભાગે કરવેરાને પેનલ્ટી તરીકે માનવામાં આવે છે, પરંતુ ખરા અર્થમાં તે દેશનું ઘડતર કરવામાં લોકોનું યોગદાન છે. નાગરિકોની વૈવિધ્યસભર સોશિયો-ઇકોનોમિક પરિઘ રેખાનો અનુલક્ષીને કરવેરા નીતિમાં ન્યાયપૂર્ણ થવા માટે, કરવેરાના પ્રસ્તાવો હંમેશાં વિવિધ વર્ગના કરદાતાઓની કર ભરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

ફાઈનાન્સ બિલ (નંબર-૨), ૨૦૧૯માં કરવેરા પ્રસ્તાવો કે જે મુખ્ય અંદાજપત્રના ભાગરૂપે રજૂ કરવામાં આવ્યા હતા તેમાં આમ આદમી અને મધ્યમવર્ગને કેટલાક લાભ આપવામાં આવ્યા છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કરપાત્ર આવક માટે લાગુ થવા પાત્ર છે. અહીં નોંધી શકાય કે ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૯ કે જે વચગાળાના અંદાજપત્રના ભાગરૂપે રજૂ કરવામાં આવ્યો હતો તેમાં મધ્યમવર્ગના કરદાતાઓ માટે સંખ્યાબંધ લાભ આપવામાં આવ્યા છે તેમ પણ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કરપાત્ર આવકને લાગુ થવા પાત્ર છે.

**ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૯ (વચગાળાનું અંદાજપત્ર)માં:**

**રૂ. ૫ લાખ સુધીની કરપાત્ર આવક માટે આવકવેરામાં રીબેટ :** રૂપિયા ૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા રહેવાસીઓને આવકવેરો ભરવાની જરૂર નથી. આવકવેરાની ધારા ૮૦-સી અંતર્ગત ઉપલબ્ધ રૂ. ૧.૫ લાખ સુધીની કપાત સાથે, રૂ. ૬.૫ લાખ સુધીની આવક પર આવકવેરો ભરવાની જરૂર નહીં પડે.

**અફોર્ડેબલ ઘરની ખરીદી માટે લોનના વ્યાજ પર રૂ. ૩.૫ લાખ (અગાઉ રૂ. ૨ લાખ હતા તેના બદલે) સુધીની કપાતઃ** જે વ્યક્તિએ લોન લઇને મકાન ખરીદ્યું હોય તે પણ આવી લોન પર રૂ. ૨ લાખ સુધી વ્યાજની ચુકવણી પર કપાત મેળવી શકે છે. જો વ્યક્તિએ લોન લઇને અફોર્ડેબલ ઘર ખરીદ્યું હોય તો તેને આવી લોન માટે વ્યાજની ચુકવણી પર રૂ. ૩.૫ લાખ

(અગાઉ રૂ. ૨ લાખ હતા તેના બદલે) સુધીની કપાત મળશે.

**ઈલેક્ટ્રિક વાહન માટે લોનના વ્યાજ પર રૂ. ૧.૫ લાખ સુધીની કપાત :** જો કોઇ વ્યક્તિએ લોન લઇને ઇલેક્ટ્રિક વાહન ખરીદ્યું હોય તો તેને આવી લોનના વ્યાજની ચુકવણી પર રૂ. ૧.૫ લાખ સુધીની કપાત મળશે. રૂ. ૧૧.૫ લાખ સુધીની આવક ધરાવતી વ્યક્તિ જો અફોર્ડેબલ ઘરની ખરીદી માટે લીધેલી લોનના વ્યાજની ચુકવણી કરી રહી હોય અને તે ઇલેક્ટ્રિક વાહનની ખરીદી માટે લોન લે તેમજ તેણે ધારા ૮૦-સી હેઠળ યોગ્યતા પ્રાપ્ત રોકાણો કર્યાં હોય તો તેણે આવકવેરો ભરવાની જરૂર નહી પડે.

**પગારદાર કરદાતાઓ માટે સ્ટાન્ડર્ડ કપાતમાં વધારો :** સ્ટાન્ડર્ડ કપાતની રકમ રૂ. ૪૦,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી છે.

**પોતાની માલિકીના બીજા મકાન પર મુક્તિ :** પોતાની માલિકીના બીજા મકાન માટે અનુમાનિત ભાડાની આવક પર લેવાપાત્ર કરવેરામાંથી મુક્તિ આપવામાં આવી હતી.

**બીજા ઘર માટે કેપિટલ ગેઇનમાંથી મુક્તિઃ** બે મકાન (અગાઉ એક મકાન હતું તેના બદલે)ની ખરીદી/બાંધકામ માટે રૂ. ૨ કરોડ સુધીના કેપિટલ ગેઇનમાંથી મુક્તિ આપવામાં આવી છે.

**સ્ત્રોત પર કરકપાત (TDS)ની ઉપલી મર્યાદામાં વધારોઃ**

(i) બેંકના વ્યાજ વગેરે પર TDS માટે ઉપલી મર્યાદા રૂ. ૧૦,૦૦૦થી વધારીને રૂ. ૪૦,૦૦૦ કરવામાં આવી છે.

(ii) ભાડાની આવક પર TDS માટે ઉપલી મર્યાદા રૂ. ૧.૮ લાખથી વધારીને રૂ. ૨.૪ લાખ કરવામાં આવી છે.

**ફાઈનાન્સ (નંબર-૨) બિલ, ૨૦૧૯ (મુખ્ય અંદાજપત્ર)માંઃ**

**અફોર્ડેબલ ઘરની ખરીદી માટે ઇન્સેન્ટિવઃ** અફોર્ડેબલ ઘરની ખરીદી માટે લીધેલી લોન પર વ્યાજ કપાત હાલમાં રૂ. ૨ લાખ છે તે વધારીને રૂ. ૩.૫ લાખ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

**ઈલેક્ટ્રિક વાહનની ખરીદી માટે ઇન્સેન્ટિવ :** ઇલેક્ટ્રિક વાહનની ખરીદી માટે લેવામાં આવેલી લોન પર રૂ. ૧.૫ લાખની વ્યાજ કપાતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

**PAN અને આધારની વિનિમયક્ષમતા :** જે લોકો પાસે રિટર્ન ફાઇલ કરવા માટે PAN નથી અને કોઇ અન્ય ટ્રાન્ઝેક્શન નથી કરતા તેવા લોકો માટે PAN ના બદલે આધારનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય પેન્શન યોજના માટે ઇન્સેન્ટિવ્સઃ** પ્રસ્તાવિત ઇન્સેન્ટિવ આ પ્રમાણે છે -

(i) NPS ખાતું બંધ કરવા પર NPSના ઉપાડથી મળી શકે તેવી સંપૂર્ણ રકમ પર છૂટ;

(ii) NPSમાં કેન્દ્ર સરકારના યોગદાન પર ૧૪%ની વધારાયેલી કપાત;

(iii) કેન્દ્ર સરકારના કર્મચારીઓ દ્વારા તેમનાં ટાયર-II NPS ખાતાંઓમાં આપવામાં આવેલા યોગદાન પર ધારા ૮૦-સી અંતર્ગત કપાત.

**વીમા પોલિસીની ચુકવણીમાં માત્ર આવકના ઘટક પર TDS :** કરપાત્ર જીવન વીમા પોલિસીની ચૂકવણીમાં, કુલ રકમના બદલે માત્ર આવકના ઘટક પર TDSનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે.

**આવકવેરા રિટર્નનું પ્રી-ફાઇલિંગ :** કરદાતાઓ સરળતાથી અનુપાલન કરી શકે તે માટે આવકવેરા રિટર્સના પ્રી-ફાઇલિંગનું રિપોર્ટિંગ કરતી થર્ડ પાર્ટીનો અવકાશ વ્યાપ વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.


ઉચ્ચ માનવ વિકાસ સૂચકાંક રેટિંગ્સ સાથે લોકોને સેવા આપવાની ભારતની દૂરંદેશી સાથે, સ્વસ્થ કરવેરા નીતિની જરૂરિયાત છે. આવી નીતિમાં મહત્તમ કરવેરા આધાર સાથે હળવે કરમાળખું, અનુપાલનમાં સરળતા, પારદર્શકતા, બિનવિરોધાભાસી કરવ્યવસ્થા, લઘુતમ કરદાવા, ઑનલાઇન સેવાઓ, ભરોસાપાત્ર ન્યાય-નિકાલ પ્રણાલી અને કર દુર્વ્યવહાર પ્રતિરોધન મિકેનિઝમ હોઇ શકે છે.

વધુમાં કરવેરા પ્રણાલીની એકીકૃતતા અને કાર્યદક્ષતા કરદાતાઓની દૃષ્ટિએ ખૂબ જ વિશ્વાસપાત્ર હોવી જોઇએ. દરેક પ્રામાણિક કરદાતા દેશના વિકાસમાં સ્વ-સુસંગત યોગદાનકર્તા હોવાનું ગૌરવ લઇ શકે છે. કરવેરા વહીવટીતંત્ર ટેક્નોલોજિકલ માધ્યમો અને કરવેરા ઇન્સેન્ટિવ્સ દ્વારા કરદાતાઓના અભિગમને પરાણે આપવા પડતા કરના બોજામાંથી બદલીને આત્મપ્રેરિત સ્વૈચ્છિક અનુપાલનના રૂપમાં બદલવાના પ્રયાસમાં છે.

ભારતે જુલાઇ-૨૦૧૭થી વસ્તુ અને સેવા કર GST લાગુ કરીને તેની અપ્રત્યક્ષ કરવેરા પ્રણાલીમાં ખૂબ જ વ્યાપાકપણે આધુનિકીકરણ લાવી દીધું છે અને તેને સરળ બનાવી છે. GST તમામ ચીજો અને સેવાઓ માટે વધુ સરળ અને એકસમાન કરમાળખું છે. તે અપ્રત્યક્ષ કરવેરા પ્રણાલીમાં સંપૂર્ણ પારદર્શકતા લાવે છે અને તેમાં રિટેલર્સના પોઇન્ટ પર કોઇ જ કેસ્કેડિંગ અસર નથી, પરિણામે જીવનજરૂરી ઘરવપરાશની ચીજોના GST દરો કાં તો શૂન્ય (NIL) છે અથવા ૫% છે. તમામ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં GSTના દરમાં કોઈ જ તફાવત નથી. દરમાં સુયોજનનો લાભ ગ્રાહકોને મળી રહે તે માટે નફાખોરી વિરોધી મજબૂત મિકેનિઝમ તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રત્યક્ષ કરવેરા પ્રણાલીના આધુનિકીકરણની કામગીરી હાલમાં તૈયાર કરવામાં આવી રહેલા પ્રત્યક્ષ કરવેરા કોડ સાથે પ્રક્રિયામાં છે. સરકાર મહત્તમ કરવેરા આધાર, જરૂરી કરવેરા સુધારા, પ્રક્રિયાનું સરળીકરણ અને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો તેમજ અન્ય યોગ્યતા ધરાવતી શ્રેણીઓના લોકોને કરવેરામાં રાહત દ્વારા વિક્રમી રકમ ઊભી કરવા માટે કામ કરી રહી છે. સરકાર વ્યવસાયમાં સરળતા, દાવાઓમાં ઘટાડો, નાણાં ઉચાપતને અંકુશમાં રાખવા માટે યોગ્ય કાયદા, કાળું નાણું, આર્થિક ભાગેડુઓ અને કરચોરો, કરવેરામાંથી છટકવા સામે વિરોધી પગલાં અને કરદાતાઓને બહેતર સેવાઓમાં ઉન્નતિ માટે કામ કરી રહી છે.

કરવેરા વહીવટીતંત્ર કરવેરા આધાર મહત્તમ કરવા માટે અને નફા આધારિત ઇન્સેન્ટિવને તબક્કાવાર પાછું ખેંચવા પર કામ કરી રહ્યું છે. આધુનિકીકરણ માટે અને કરવેરા દુર્વ્યવહારો રોકવા માટે, કાળું નાણું, બેનામી વ્યવહારો, આર્થિક ગુનેગારો વગેરેનાં જોખમો ઘટાડવા આકરા કાયદા અમલમાં મૂકવામાં આવ્યા છે. ભાવિ દુ:સાહસોને ટાળવા માટે કઠોર પ્રતિબંધના રૂપમાં આનો અમલ કરવો જરૂરી છે.



અનુપાલનમાં સરળતા અને પારદર્શકતા આપવા માટે જવાબદાર અને પ્રતિભાવક કરવેરા પ્રણાલી તરીકે કરવેરા વહીવટીતંત્રએ નિયમિત વ્યાવસાયિક પ્રક્રિયાઓમાં ઝડપ લાવવા અને ભાડૂતી સેવાઓની તકો દૂર કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા તમામ તૈયારી કરી લીધી છે. ઑનલાઇન ફાઇલિંગ અને કરવેરા રિફંડ મિકેનિઝમનો પહેલાંથી જ અમલ કરી દેવામાં આવ્યો છે. ભવિષ્યમાં ચકાસણી અને આકારણી માટે આકારણી અધિકારીને કરદાતા સાથે ભૌતિક વાર્તાલાપની ભાગ્યે જ જરૂર પડશે. ફેસલેસ આકારણી (ઇ-આકારણી યોજના) પણ લાવવામાં આવશે.

તેમજ ટૂંક સમયમાં રિટર્નનું પ્રી-ફાઇલિંગ શરૂ થવાની પણ અપેક્ષા છે. કરવેરા ઇન્સેન્ટિવ અને પેનલ્ટી દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પહેલાંથી જ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આથી તે કરવેરા જાળું વધુ ફેલાયું છે. ટેક્નોલોજીના કારણે પગલાં લેવાલાયક માહિતી એકત્ર કરવામાં તેમજ ઇ-ચકાસણીઓની કાળજી લેવામાં મદદ મળી છે. તેના કારણે કરવેરા આધારમાં વધારો થયો છે અને ભવિષ્યમાં તેમાં હજુ પણ વૃદ્ધિની આશા છે.

લેખક ભારત સરકારના નાણાં મંત્રાલયમાં મહેસૂલ વિભાગના સચિવ છે.

ઇ-મેલ:
rsecy@nic.in

# શ્રેષ્ઠ, સમાન અને વાજબી સ્વાસ્થ્ય સેવાઓ તરફ પ્રયાણ

ઈન્દુ ભૂષણ



'આયુષ્માન ભારત' ભારત સરકારની સ્વાસ્થ્ય સાથે સંબંધિત રાજકીય પ્રાથમિકતાનું પ્રતિનિધિત્વ કરે છે, જે સર્વોચ્ચ સ્તર પરથી નીચેની તરફ આગળ વધે છે અને નાગરિકોના સ્વાસ્થ્યને મુખ્ય પ્રવાહમાં લાવવાની 'ઇચ્છાશક્તિ'ને પ્રદર્શિત કરે છે તેમજ તેમની આર્થિકવૃદ્ધિ અને દેશના વિકાસને જોડે છે. હેલ્થ કેરની ફાળવણી સ્વાસ્થ્યનાં પરિણામો સુધારવાની સાથે સરકારની કટિબદ્ધતાનું પ્રતિબિંબ છે પણ વિશાળ, સમાન, વાજબી અને સુલભ ઇકો સિસ્ટમ ઊભી કરવામાં રોકાણ કરે છે, જે સારસંભાળની તમામ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રદાન કરે છે.

છેલ્લા ત્રણ દાયકામાં ભારતમાં જાહેર સ્વાસ્થ્યના સૂચકાંકમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. પોલિયો, કૃમિ, ચામડીમાં થતી ગાંઠ અને માતૃત્વ તથા નવજાત શિશુઓને થતા ટિટેનસ જેવા રોગો સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયા છે. આપણા દેશમાં સરેરાશ આયુષ્ય વર્ષ ૧૯૯૦માં ૫૭.૯૧ વર્ષ હતું, જે વર્ષ ૨૦૧૬માં વધીને ૬૮.૬૫ વર્ષ થયું છે. ટોટલ ફર્ટિલિટી રેટ (TFR) વર્ષ ૧૯૯૨-૯૩માં ૩.૪થી ઘટીને વર્ષ ૨૦૧૫-૧૬માં ૨.૨ થયો છે. નવજાત બાળકોમાં મૃત્યુદર વર્ષ ૧૯૯૦માં દર ૧,૦૦૦ બાળકોના જન્મદીઠ સરેરાશ ૮૮.૫ ટકાથી ઘટીને વર્ષ ૨૦૧૬માં દર ૧,૦૦૦ બાળકોનાં જન્મદીઠ સરેરાશ ૩૪ થયો છે.

ભારતે માતૃત્વ મૃત્યુદરના રેશિયોના સંબંધમાં મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ (MDG-સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો) હાંસલ કર્યો છે, જે વર્ષ ૧૯૯૦માં એક લાખ જન્મદીઠ ૫૫૬ હતો, જે વર્ષ ૨૦૧૫માં ઘટીને ૧૭૪ થયો છે તેમજ પાંચ વર્ષથી ઓછી વય ધરાવતાં બાળકોમાં મૃત્યુદરનો લક્ષ્યાંક લગભગ હાંસલ કરવામાં આવ્યો છે (૪૨ના લક્ષ્યાંક સામે ૪૩નું U5 MR સ્તર).

જોકે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં પડકારો હજુ પણ છે અને એમાં સુધારો કરવાની તક છે. અત્યારે ભારત 'રોગનાં ત્રણ પ્રકારનાં ભારણ'ની સ્થિતિનો સામનો કરી રહ્યો છે. જ્યારે મુખ્ય ચેપી રોગોને નાબૂદ કરવાનું અભિયાન હજુ પણ પૂર્ણ થયું નથી ત્યારે આપણાં લોકોમાં બિનચેપી રોગો અને ઈજાઓનું ભારણ વધી રહ્યું છે.

સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે સંબંધિત સેવાઓ અપર્યાપ્ત અને ખંડિત છે. સરકારી હોસ્પિટલમાં ભારણ વધારે છે, એને ફંડ ઓછું મળે છે અને એનાં ઉપયોગમાં પણ મોટો ફરક સ્વાસ્થ્ય સાથે સંબંધિત અડધાથી વધારે સેવાઓ ખાનગી ક્ષેત્ર પૂરી પાડે છે, જેનું નિયમન અસરકારક રીતે થતું નથી.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં લોકોને હજુ પણ પોતાના ખિસ્સામાંથી ખર્ચનું વહન કરવું પડે છે, ગ્રામીણ અને શહેરી એમ બંને પ્રકારના લોકો વચ્ચે સ્વાસ્થ્ય વીમાકવચનો પ્રસાર ઓછો છે. એક અંદાજ મુજબ, દર વર્ષે ગરીબીરેખા નીચે જીવતા લોકોમાં ૬ કરોડનો વધારો થઈ રહ્યો છે, કારણ કે તેમને તેમની આવક અને બચતના મોટા હિસ્સાનો ખર્ચ તેમની સ્વાસ્થ્ય સંબંધિત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે જરૂર પડે છે, તેમને દેવું કરવું પડે છે અથવા પોતાની મિલકતોનું વેચાણ કરવું પડે છે.

આ સ્થિતિનાં મુખ્ય કારણોમાંનું એક કારણ દેશની સરકારી સ્વાસ્થ્ય ક્ષેત્રની વ્યવસ્થાને પૂરું કરવામાં આવતું ઓછું ભંડોળ છે. છેલ્લા બે દાયકા દરમિયાન સ્વાસ્થ્ય પર ભારત સરકારનો ખર્ચ સ્થિર રહ્યો છે અને આ જીડીપીનો આશરે ૧.૨ ટકા છે (સ્ત્રોતઃ નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ, ૨૦૧૫). ભારત સરકાર એની આવકમાંથી ફક્ત ૨૧%નો ખર્ચ સ્વાસ્થ્ય માટે કરે છે, ત્યારે ૬૨% ખર્ચ લોકોને પોતાના ખિસ્સામાંથી કરવો પડે છે (સ્ત્રોતઃ નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ, ૨૦૧૫).

દેશને સ્વતંત્રતા મળ્યા પછી અત્યાર સુધી સ્વાસ્થ્ય પર સરકારી નીતિનું ધ્યાન સ્વાસ્થ્યની સારસંભાળ માટેની સરકારી સેવાઓ પ્રદાન કરવા અને એને મજબૂત કરવા પર કેન્દ્રિત છે, જેમાં સરકાર સેવાઓના 'પ્રદાતા'ની ભૂમિકા ધરાવે છે. એક પછી એક સરકારે પ્રજાના સ્વાસ્થ્યને સુધારવાના ઉદ્દેશ સાથે સેવાનો પુરવઠો વધારવા સાથે વિવિધ કાર્યક્રમો શરૂ કર્યા છે જોકે છેલ્લા દાયકામાં સરકારોએ માગ પક્ષની નાણાકીય સ્થિતિ મજબૂત કરવા તેમજ હેલ્થ કેરની ઇક્વિટી અને વાજબીપણા વચ્ચે રહેલો ફરક દૂર કરવા નવી પહેલ પ્રસ્તુત કરી છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના વર્ષ ૨૦૦૮માં શરૂ કરવામાં આવી હતી, જેમાં કેન્દ્રીય સ્તરે કુટુંબદીઠ રૂ. ૩૦,૦૦૦નું વાર્ષિક કવચ આપવામાં આવ્યું હતું તેમાં મોટા ભાગે ગૌણ સારસંભાળ માટે હોસ્પિટલમાં ભરતી થઈને સારવાર માટેની સેવા પ્રદાન કરવામાં આવતી હતી ત્યારે ઘણાં રાજ્ય ટર્શરી સારસંભાળ પ્રદાન કરે છે, જોકે આ યોજનાઓ વિસ્તૃત હેલ્થ કેર વ્યવસ્થાનું કામ સ્વતંત્રપણે કરે છે, જેના પરિણામે જોખમને આવરી લેવા માટેની વ્યવસ્થા વધુ ખંડિત થઈ છે. ઉપરાંત આ યોજનાઓ મુખ્ય હેલ્થ કેર સાથે મજબૂત જોડાણ ધરાવતી નથી. પરિણામે ભારતમાં હેલ્થ કેર કામગીરીઓ પરંપરાગત રીતે ચાલી આવી છે. હકીકતમાં એના બદલે નાગરિકોને નિવારણાત્મક, પ્રોત્સાહનજનક, પુનઃસ્થાપના અને સારવારલક્ષી સારસંભાળ પૂરી પાડવી જોઈએ.

આ સ્થિતિ તમામ પાસાંઓ પર સ્વાસ્થ્ય ક્ષેત્રની કામગીરીમાં સુધારો કરવા માટે ઉચિત કારણ પ્રદાન કરે છે, જેનાથી લાખો લોકોનું જીવન બચશે, મોટા ખર્ચમાંથી કુટુંબનું રક્ષણ કરશે અને આર્થિકવૃદ્ધિને વેગ આપશે.

**આયુષ્માન ભારત PMJAY:**

ગયા વર્ષે ભારત સરકારે આયુષ્માન ભારત યોજના શરૂ કરી હતી, જેમાં તમામને સ્વાસ્થ્યની સારસંભાળ પૂરી પાડવા માટે દ્વિપાંખિયો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. સૌપ્રથમ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ (HWCs) છે, જે વિસ્તૃત મુખ્ય હેલ્થ કેર સેવા પ્રદાન કરશે, માતૃત્વ અને બાળ સ્વાસ્થ્ય સેવાઓને આવરી લે છે, બિનચેપી રોગો માટે ચકાસણી કરવાની સુવિધા આપે છે, આવશ્યક દવાઓ નિઃશુલ્ક આપે છે અને હોસ્પિટલમાં ભરતી થવાના કિસ્સામાં ફોલો-અપ સેવા પ્રદાન કરે છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૫૦,૦૦૦ HWCs સ્થાપિત થશે અને તમામ આઉટપેશન્ટ કેરના ૭૦%થી વધારે કેસનું સંચાલન કરવાની ક્ષમતા પ્રાપ્ત થશે, જેમાં બિનચેપી રોગો અને માનસિક બીમારી સામેલ છે. આ કેન્દ્ર સુખાકારી સ્વાસ્થ્ય સંવર્ધન માટે યોગ સત્રનું પણ આયોજન કરશે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) દુનિયાની સૌથી મોટી સંપૂર્ણપણે સરકારી ભંડોળથી સંચાલિત સ્વાસ્થ્ય વીમા યોજના છે, જે ૧૦.૭૪ કરોડ ગરીબ અને વંચિત પરિવારો (અથવા ૫૦ કરોડ લોકો)ને દર વર્ષે કુટુંબદીઠ રૂ. ૫ લાખનું સ્વાસ્થ્ય વીમાકવચ પ્રદાન કરે છે. તેમને ગંભીર બીમારીની સારવાર માટે હોસ્પિટલમાં ભરતી થઈને સારવાર મેળવવા માટેનો ખર્ચ મળે છે. સરકારનો ઉદ્દેશ માગ સંચાલિત હેલ્થ કેર પહેલની વ્યવસ્થા દ્વારા લાભાર્થી કુટુંબોને નાણાકીય જોખમનું કવચ પૂરું પાડવાનો છે, જે કેશલેસ રીતે હોસ્પિટલમાં ભરતી થઈને તાત્કાલિક સારવાર મેળવવાની જરૂરિયાત પૂર્ણ કરે છે. આ યોજના ગયા વર્ષે પ્રધાનમંત્રી એ ઝારખંડના રાંચીમાં ૨૩ સપ્ટેમ્બરના રોજ શરૂ કરી હતી.

'આયુષ્માન ભારત' સારવારની સાથે નિવારણાત્મક, સંવર્ધક, સારવારાત્મક, પુનઃસ્થાપનનાં પાસાં સંયુક્તપણે લાવવા માટે સંપૂર્ણ અભિગમ તરફ નોંધપાત્ર પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે.

PM-JAY આપણા દેશનાં ૪૦% ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે શરૂ કરવામાં આવી છે. આ પ્રકારનાં કુટુંબોની કુલ સંખ્યા આશરે ૧૦.૭૪ કરોડ (૧૦૦.૭૪ મિલિયન) છે. કુટુંબોની સર્વસમાવેશકતા ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટે સામાજિક-આર્થિક જ્ઞાતિ વસતિગણતરી-૨૦૧૧

(SECC)ના આધારે વંચિત અને રોજગારલક્ષી માપદંડ પર આધારિત છે. આ આંકડામાં એવા કુટુંબોને પણ આવરી લેવામાં આવ્યાં છે, જેમને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (RSBY)માં આવરી લેવામાં આવ્યાં છે પણ ડેટાબેઝમાં સામેલ નથી.

SECCમાં કુટુંબોને તેમના સામાજિક-આર્થિક દરજ્જાના આધારે રેન્ક આપવાની પ્રક્રિયા સંકળાયેલી છે, એમાં માપદંડને સામેલ કરવામાં આવ્યા છે અને કેટલાક માપદંડને બાકાત રાખવામાં આવ્યા છે તેમજ એના આધારે કુટુંબો ઓટોમેટિક સામેલ થયાં હતાં અને બાકાત થયાં હતાં. સામેલ થયાં (બાકાત ન રહેલાં) ગ્રામીણ કુટુંબોને પછી સાત વંચિત માપદંડની સ્થિતિને આધારે રેન્ક (D1 થી D7) આપવામાં આવ્યો છે. શહેરી કુટુંબોને વ્યાવસાયિક કેટેગરીઓને આધારે વર્ગીકૃત કરવામાં આવ્યાં છે.

સરકાર સામાજિક કલ્યાણકારક યોજનાઓ માટે SECC ડેટાબેઝનો ઉપયોગ કરે છે. PM-JAYમાં આ ડેટા દ્વારા લક્ષિત લાભાર્થી કુટુંબોની ઓળખ પણ કરવામાં આવી છે.

**ગ્રામીણ લાભાર્થીઓ:** ગ્રામીણ ક્ષેત્રો માટે કુલ સાત વંચિત માપદંડમાંથી PM-JAY અંતર્ગત એવા તમામ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે, જેઓ નીચેના વંચિતતાના છ માપદંડ (D૧થી D૫ અને D૭)માંથી કોઈ એક માપદંડ હેઠળ આવે છે તથા ઓટોમેટિક સર્વસમાવેશકતાના માપદંડ છે:

D૧- કાચી દીવાલ અને કાચી છત સાથે ફક્ત એક રૂમ

D૨- ૧૬ વર્ષથી ૫૯ વર્ષ વચ્ચેની વય ધરાવતી એક પણ પુખ્ત વયની સભ્ય ન હોય

D૩- ૧૬ વર્ષથી ૫૯ વર્ષ વચ્ચેની વય ધરાવતી એક પણ પુખ્ત વયની સભ્ય ન હોય એવાં કુટુંબો

D૪- દિવ્યાંગ સભ્ય અને સક્ષમ શરીર ધરાવતો એક પણ પુખ્ત સભ્ય ન હોય

D૫- અનુસૂચિત જાતિ/અનુસૂચિત જાતિનાં કુટુંબો

D૭- જમીનવિહોણાં કુટુંબો, જેમની આવકનો મોટો હિસ્સો માનવીય શ્રમમાંથી મળતો હોય

**શહેરી લાભાર્થીઓ:** શહેરી વિસ્તારો માટે ૧૧ પ્રકારના કામદારોની વ્યાવસાયિક કામદારો આ યોજના માટેની લાયકાત ધરાવે છે:

- કચરો વીણનાર
- ભિખારી
- ઘરગથ્થુ કામદાર
- શેરીમાં ઊભા રહેતા વિક્રેતા / મોચી / ફેરી કરનાર / શેરીઓમાં કામ કરતા અન્ય સેવા પ્રદાતા
- બાંધકામ મજૂરો / પ્લમ્બર/ કડિયા / કામદારો / ચિત્રકાર/ વેલ્ડર/ સિક્યોરિટી ગાર્ડ્સ/ કૂલી અને અન્ય માથે વજન ઊંચકતા કામદારો
- સ્વીપર / સફાઈ કામદારો / માળી
- ઘરકામ કરતાં લોકો / કલાકારો / હસ્તકળા કામદારો / દરજી
- પરિવહન કામદારો / ડ્રાઇવર / કન્ડક્ટર / ડ્રાઇવર્સ અને કન્ડક્ટર્સનાં હેલ્પર / લારી ખેંચતા લોકો / રિક્ષાચાલકો
- દુકાનમાં કામ કરતા કામદારો / સહાયક / નાની સંસ્થામાં પટ્ટાવાળા / હેલ્પર/ ડિલિવરી આસિસ્ટન્ટ / એટેન્ડેન્ટ / વેઇટર
- ઇલેક્ટ્રિશિયન / મિકેનિક / એસેમ્બલર/ રિપેર વર્કર
- વોશરમેન / ચોકીદાર

રાજ્ય PM-JAY માટે તેમના પોતાનાં ડેટાબેઝનો ઉપયોગ કરી શકે છે. તેમણે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે તમામ કુટુંબોને આવરી લેવામાં આવ્યાં છે.

**PM-JAYની મુખ્ય ખાસિયતો:**

૧) PM-JAY યાદીમાં સામેલ સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે દર વર્ષે લાયક દરેક કુટુંબને રૂ. ૫,૦૦,૦૦૦ સુધીનું કેશલેસ વીમાકવચ પ્રદાન કરે છે. આ યોજના હેઠળના વીમાકવચમાં નિદાનથી લઈને પ્રયોગશાળામાં પરીક્ષણો, સંપૂર્ણ સારવાર, બિનસઘન અને સઘન સારવારની સેવાઓ, દવાઓ અને તબીબી ઉપયોગ કરી શકાય અને હોસ્પિટલમાં ભરતી થયા પછી ૧૫ દિવસ સુધી ફોલો-અપ સારસંભાળ સામેલ છે.

૨) કુટુંબના સભ્યોની સંખ્યા અને તેમની વયની મર્યાદા નથી. ફેમિલી ફ્લોટરના આધારે રૂ. ૫,૦૦,૦૦૦નો લાભ મળે છે.

૩) આ યોજના અંતર્ગત પ્રથમ દિવસથી અગાઉથી અસ્તિત્વ ધરાવતા રોગોને આવરી લેવામાં આવ્યા છે.

૪) PM-JAY અંતર્ગત આવરી લેવામાં આવેલા લાભ દેશભરમાં યોજનામાં

સામેલ કોઈ પણ હોસ્પિટલમાં મળે છે.

૫) ૧,૩૯૩ સેકન્ડરી અને ટર્શરી સારવારના પેકેજમાં ૨૩ સ્પેશિયાલિટીને આવરી લેવામાં આવી છે. PM-JAY સર્જિકલ પેકેજની યાદીમાં સામેલ ન હોય એવી બીમારીઓ માટે સારવારને આવરી લેવા અચોક્કસ સર્જિકલ પેકેજ માટેની જોગવાઈ પણ ધરાવે છે. જોકે આ પેકેજ હેઠળ દર્દીને ફરજિયાત પ્રી-ઓથોરાઈઝેશન મંજૂરીની જરૂરી છે.

**અમલીકરણ મોડલ – સહકારી સંઘવાદઃ**

**રાજ્યનાં અમલીકરણ મોડલ નીચે મુજબની પદ્ધતિ ધરાવી શકે છેઃ**

**વીમાની પદ્ધતિઃ** રાજ્ય સરકાર લાભાર્થીઓનાં નાણાકીય જોખમોને આવરી લેવા માટે સુનિશ્ચિત પ્રીમિયમ દરે વીમા કંપનીની નિમણૂક કરે છે. નવ રાજ્યએ વીમા પદ્ધતિ પસંદ કરી છે.

**ટ્રસ્ટ પદ્ધતિઃ** રાજ્ય સરકાર કોઈ સંસ્થા (સ્ટેટ હેલ્થ એજન્સી) ઊભી કરે છે, જે વાસ્તવિક ઉપયોગિતાદીઠ હોસ્પિટલોના દાવાનું વળતર ચૂકવશે. જાહેર સુરક્ષાનું જોખમ રાજ્ય સરકારનું રહેશે. ૧૭ રાજ્યએ ટ્રસ્ટ પદ્ધતિમાં અમલીકરણ યોજના પસંદ કરી છે.

**મિક્સ્ડ મોડઃ** સામાન્ય રીતે રાજ્ય સરકાર વીમા પદ્ધતિ અને ટ્રસ્ટ પદ્ધતિના સમન્વયનો ઉપયોગ કરે છે, જેમાં ઓછા ખર્ચે સામાન્ય પ્રક્રિયાઓ (સેકન્ડરી કેર)નું વ્યવસ્થાપન વીમા કંપની કરે છે અને રાજ્ય સરકારની સંસ્થા કે ટ્રસ્ટ ઊંચો ખર્ચ ધરાવતી સ્પેશિયલાઈઝ પ્રક્રિયાઓનું વહન કરે છે. છ રાજ્યએ મિક્સ્ડ મોડની પસંદગી કરી છે.

**યોજના માટે નાણાકીય વ્યવસ્થાઃ**

PM-JAY કોન્સોલિડેટેડ ફંડ ઓફ ઇન્ડિયા પાસેથી સંપૂર્ણપણે ફંડ મેળવે છે – જે રિકરિંગ ગ્રાન્ટ-ઇન-એઇડ સ્વરૂપે મળે છે. કેન્દ્ર સરકારનાં અંદાજપત્રમાં PM-JAY માટે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૬૪૦૦ કરોડની ફાળવણી કરી છે, જે નાણાં મંત્રાલયે ઇશ્યૂ કર્યા છે, તેનો હાલનો રેશિયો નીચે મુજબ છેઃ

- ઉત્તર-પૂર્વ અને ૩ હિમાલયન રાજ્ય માટેઃ ૯૦ (કેન્દ્ર): ૧૦ (રાજ્ય)
- ધારાસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય રાજ્ય માટેઃ ૬૦ (કેન્દ્ર): ૪૦ (રાજ્ય)
- ધારાસભા વિનાના કેન્દ્રશાસિત પ્રદેશો માટેઃ ૧૦૦ (કેન્દ્ર)

**કેન્દ્રીય હિસ્સા માટે ચુકવણીઃ**

a) **વીમાનું મોડલઃ** કુટુંબદીઠ ફ્લેટ પ્રીમિયમ, જે એ કુટુંબમાં PM-JAY અંતર્ગત સભ્યોની સંખ્યાને ધ્યાનમાં લીધા વિના રાજ્ય સરકારને ચૂકવવામાં આવે છે, જે લાયકાત ધરાવતાં કુંટુંબોની સંખ્યાના આધારે વીમા કંપનીને ચૂકવવામાં આવે છે.

b) **એશ્યોરન્સનું મોડલઃ** પ્રદાનમાં કેન્દ્ર સરકારનો હિસ્સો દાવાઓના વાસ્તવિક ખર્ચના આધારે કે ટોચમર્યાદાના આધારે ચૂકવવામાં આવે છે. જો રાજ્ય સરકાર અમલીકરણ સહકાર આપતી સંસ્થાનો ઉપયોગ કરે તો આઈએસએનો ખર્ચ ટેન્ડર દ્વારા નક્કી થાય છે, જેની વહેંચણી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે થાય છે.

**વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રનાં પગલાંઃ**

PM-JAY માટે વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમા રૂ. ૬,૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે વર્ષ ૨૦૧૮-૧૯ની રૂ. ૨,૪૦૦ કરોડની ફાળવણીથી વધારે છે. સંપૂર્ણ સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેનો ખર્ચ રૂ. ૬૨,૬૫૯ કરોડ છે, જે છેલ્લાં બે નાણાકીય વર્ષમાં સૌથી વધુ છે, જે વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીમાં આશરે ૧૯ ટકાનો વધારો સૂચવે છે, જ્યારે હેલ્થ માટેની ફાળવણી રૂ. ૫૨,૮૦૦ કરોડ હતી.

PM-JAY નીતિગત પરિવર્તન ધરાવે છે, જેમાં અત્યારે સરકાર એ 'પ્રદાતા' પાસેથી સેવાઓની 'ગ્રાહક'ની ભૂમિકા ધારણ કરે છે. આ પરિવર્તન સાથે સરકાર ગરીબ લોકોની સ્વાસ્થ્ય સેવાઓની સુલભતામાં વધારો કરી રહી છે એટલે PM-JAY હેલ્થ કેર સેવાઓની સુવિધા પ્રદાન કરવામાં સરકારની ભૂમિકા અને જવાબદારી ઘટાડ્યા વિના હેલ્થ કેર સેવાઓ પ્રદાન કરવામાં વધારવામાં આવી છે. આ પરિણામો દર્શાવે છે કે નીતિ કામગીરી કરે છે. એમાંથી પેનલમાં સામેલ અડધોઅડધ હેલ્થ કેર પ્રોવાઇડર્સ ખાનગી છે. આશરે ૬૪%ની સારવાર ખાનગી હોસ્પિટલો પૂરી પાડે છે.

PM-JAY પોતાની પ્રોત્સાહનોની વ્યવસ્થા દ્વારા સેવાઓ વિસ્તૃતપણે ઉપલબ્ધ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. વધારે માગ સાથે ખાનગી ક્ષેત્ર ટિયર-૨ અને ટિયર-૩ શહેરોની સેવાઓથી વંચિત વિસ્તારોમાં વિસ્તરણ કરે એવી શક્યતા છે. સરકારી હોસ્પિટલ માટે PM-JAY ગરીબ દર્દીઓને પ્રાથમિકતા આપવા પ્રોત્સાહન આપશે અને તેમના માળખાને મજબૂત કરવા માટે વધારાની આવક પેદા કરવા સંસાધનો પ્રદાન કરશે તથા તેમની

સેવામાં ફરક પૂરો કરશે. PM-JAY હેલ્થ એશ્યોરન્સ સિસ્ટમ માટે રાષ્ટ્રીય ધારાધોરણો પણ સ્થાપિત કરશે.

'આયુષ્માન ભારત'ના શરૂઆતનાં પરિણામો સુનિશ્ચિત કરે એવા છે. આ સ્થાયી વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા માટેની હરણફાળ છે, ખાસ કરીને SDG ૩.૮ને, જે સાર્વત્રિક સ્વાસ્થ્ય વીમાકવચને હાંસલ કરે છે. ભારત લાખો લોકોનું જીવન બચાવવા સક્ષમ બનશે, કુટુંબોને ગરીબીના વિષચક્રમાં સામેલ થતાં અટકાવશે, શ્રેષ્ઠ સ્વાસ્થ્યના સારાં ચક્રને મજબૂત કરશે અને ઝડપી આર્થિકવૃદ્ધિને સક્ષમ બનાવશે.

**References:**


- UN Inter-agency Group for Child Mortality Estimation (UNICEF, WHO, World Bank, UN DESA Population Division) at childmortality.org.
- NFHS-1
- NFHS-4
- UN Inter-agency Group for Child Mortality Estimation (UNICEF, WHO, World Bank, UN DESA Population Division) at childmortality.org.
- Maternal and Adolescent Healthcare; P-25; Annual Report of Department of Health and Family Welfare 2017-18.
- Destitute/ living on alms, manual scavenger households, primitive tribal group, legally released bonded labour.



લેખક આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB - PMJAY) અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સત્તામંડળ (NHA)ના CEO છે.

ઈ-મેલઃ
i.bhushan@gov.in


## શું તમે જાણો છો?

## નેશનલ કોમન મોબિલિટી કાર્ડઃ ભારતનું પ્રથમ સ્વદેશી રીતે વિકસાવેલું પેમેન્ટ પ્લેટફોર્મ

નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) ધોરણોના આધારે પરિવહન માટે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસાવેલી પેમેન્ટ વ્યવસ્થા માર્ચ-૨૦૧૯માં શરૂ કરવામાં આવી હતી. આ ભારતમાં પોતાની આગવી શૈલીની પ્રથમ વ્યવસ્થા છે. NCMC ધોરણો ઉપર NCMC કાર્ડ, SWEEKAR (સ્વચાલિત કિરાયાઃ ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ) અને SWAGAT (સ્વચાલિત ગેટ)નો ઉપયોગ થાય છે. આ ડેબિટ/ક્રેડિટ/પ્રીપેઇડ કાર્ડ પ્રોડક્ટ પ્લેટફોર્મ ઉપર બેન્ક દ્વારા ઇસ્યૂ કરાયેલાં કાર્ડ છે. આ એકમાત્ર કાર્ડનો ઉપયોગ ગ્રાહકો મેટ્રો, બસ, અર્ધશહેરી રેલવે, ટોલ, પાર્કિંગ, સ્માર્ટ સિટી અને છૂટક સહિતનાં તમામ ક્ષેત્રોમાં ચુકવણી માટે કરી શકે છે. કાર્ડમાં સંગ્રહ કરાયેલું મૂલ્ય સમાવિષ્ટ હિતધારકોને ઓછામાં ઓછા નાણાકીય જોખમે તમામ પ્રવાસન જરૂરિયાતો માટે ઓફલાઇન વ્યવહારની સહાયતા પૂરી પાડે છે. આ કાર્ડની સેવા ક્ષેત્રની વિશેષતાઓમાં માસિક પાસ, સિઝન ટિકિટ વગેરે જેવી વપરાશકર્તા આધારિત જરૂરિયાતોને સહાયતા કરે છે.

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે સમગ્ર દેશમાં છૂટક (retail) શોપિંગ અને ખરીદીઓ ઉપરાંત જુદી-જુદી મેટ્રો અને અન્ય પરિવહન વ્યવસ્થાઓમાં ઝંઝટમુક્ત પરિવહન માટે NCMCનો પ્રારંભ કર્યો છે. NCMC વ્યવસ્થા ગ્રાહકોને મૂલ્યવાન વિકલ્પ પૂરો પાડે છે, કારણ કે તેમને જુદા-જુદા વપરાશ માટે એક કરતાં વધારે કાર્ડ સાથે રાખવાની જરૂર પડતી નથી. વધુમાં એકદમ ઝડપી સંપર્કવિહિન વ્યવહાર અમર્યાદિત ઝંઝટમુક્ત અનુભવ પૂરો પાડે છે. ઓપરેટર માટે, NCMC વ્યવસ્થા વેચનારને પરોવ્યા વગર અમલીકરણનાં સામાન્ય ધોરણો રજૂ કરે છે. આ વધુ સંખ્યામાં ડિજિટલ ચુકવણીઓનો વ્યાપ વધારવામાં મદદ કરશે તેમજ ક્લોઝ લૂપ કાર્ડના જીવનકાળ દરમિયાન થતો સંચાલન ખર્ચ બચાવશે અને કાર્યકારી ખર્ચમાં ઘટાડો કરશે. ઉપરાંત ડેટાની સમૃદ્ધ માહિતીનો બિઝનેસ ઇન્ટિલિજન્સ માટે ઉપયોગ કરી શકાશે, જે કાર્યક્ષમ કામગીરી તરફ દોરી જશે. NCMC વ્યવસ્થા સરકારને ઓછું મૂલ્ય ધરાવતી ચુકવણીઓને ડિજિટલ બનાવવામાં મદદ કરશે અને સમગ્ર વ્યવસ્થાતંત્રના ખર્ચમાં ઘટાડો કરશે.

સ્રોતઃ PIB

# ઈન્ડિયા@$૫ ટ્રિલિયન માટે કલ્પનાથી વાસ્તવિકતાનો માર્ગ

ક્રિષ્ણમૂર્તિ વી. સુબ્રમનીયન, સુરભિ જૈન



'આર્થિક સર્વેક્ષણ ૨૦૧૮-૧૯'માં અર્થતંત્ર અને તેના નાગરિકોને સશક્ત બનાવવાનો ખ્યાલ અપનાવવામાં આવ્યો છે. સરવે બૃહદ સ્તર પર ઈચ્છનીય પરિણામો સંકલિત કરવા સૂક્ષ્મ સ્તરે નીતિગત બાબતો તપાસે છે અને રોકાણ અને વૃદ્ધિમાં વધારો કરવા સ્વનિર્ભર મૂલ્યવાન ચક્રના સર્જનની સુવિધા પૂરી પાડે છે. સરવે રોજગારીનું સર્જન કરવા અને વધુ ઉત્પાદક બનવા માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો (MSME)ને પોષણ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સરવે તે બાબત સ્વીકારે છે કે સમાજમાં દરેક વ્યક્તિનું પ્રતિબિંબ રજૂ થાય છે અને અર્થતંત્રની વૈવિધ્યતા અર્થતંત્રના દરેક એકમમાં પ્રતિબિંબિત થાય છે. તે દરેક નાગરિકને #India@75 અને #Economy@5trillion નું સ્વપ્ન સાકાર કરવા માટે દરેક સમસ્યા પ્રત્યે સાર્થક અભિગમ અપનાવવા અને તેના ઉપાયો શોધવા માટે અપીલ કરે છે.

આ વર્ષે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી ઊજવવામાં આવી રહી છે. સોનેરી 'નવભારત' (India#75)ને નવી દિશા પૂરી પાડવા માટે આપણી પાસે વિપુલ તકો રહેલી છે. પ્રધાનમંત્રીએ ૨૦૨૪-૨૫ સુધી ભારતને US$ ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર (#Economy@5trillion) બનાવવા માટે દૂરંદેશી રૂપરેખા તૈયાર કરી છે.

'આર્થિક સર્વેક્ષણ ૨૦૧૮-૧૯'માં અર્થતંત્ર અને તેના નાગરિકોને સશક્ત બનાવવાનો ખ્લાય અપનાવવામાં આવ્યો છે. સરવે વ્યૂહાત્મક આયોજનના માર્ગ ઉપર આગળ વધીને સુનિયોજિત સાધનો સાથે ભારત માટે અનુકૂળ આર્થિક મોડલ વિકસાવવા માટે દૂરંદેશી ખ્યાલ રજૂ કરે છે. તે જીડીપીના ૮%ના વાસ્તવિક વૃદ્ધિદરને જાળવી રાખવા માટે 'આર્થિકવૃદ્ધિના મૂલ્યવાન ચક્ર' દ્વારા ''અર્થતંત્રમાં ગતિશીલતા'' લાવવા માટે વિસ્તૃત રૂપરેખા પણ રજૂ કરે છે.

**આ કારણસર સરવે પરંપરાગત વિચારસરણીથી અલગ છે:**

- અર્થતંત્ર મૂલ્યવાન અથવા દોષપૂર્ણ ચક્રમાં રહેલું જોવું અને આમ ક્યારેય સંતુલનમાં હોતું નથી.
- રાષ્ટ્રીય મિલકતો 'સ્વતંત્ર' રીતે કાર્યરત હોવાના બદલે આર્થિકવૃદ્ધિ, માગ, નિકાસ અને રોજગારીના સર્જનના ઉત્તેજન માટે એકબીજાનાં પૂરક સાધનો તરીકે જોવી.

આંતરરાષ્ટ્રીય અનુભવ સૂચવે છે કે વૃદ્ધિના ટકાઉ ઉચ્ચ દર માટે અનુકૂળ ભૌગોલિક તબક્કા દ્વારા સમર્થિત બચતો, રોકાણ અને નિકાસને ઉત્પ્રેરક 'મૂલ્યવાન ચક્ર' જરૂરી હોય છે. રોકાણ ''મુખ્ય ચાલકબળ'' છે, જે માગને ગતિ આપે છે, ક્ષમતાઓનું નિર્માણ કરે છે, શ્રમ ઉત્પાદકતા વધારે છે, નવી તકનિકો રજૂ કરે છે, સર્જનાત્મક વિધ્વંસને તક આપે છે અને રોજગારીનું સર્જન કરે છે. આ વપરાશ આધારિત આર્થિકવૃદ્ધિ ઉપર આધારિત પરંપરાગત આર્થિક વિચારસરણી પરથી કરાયેલું વધુ એક પ્રસ્થાન છે.

### વૃદ્ધિનું 'મૂલ્યવાન ચક્ર'

સરવે બૃહદ સ્તર પર ઇચ્છનીય પરિણામો સંકલિત કરવા સૂક્ષ્મ સ્તરે નીતિગત બાબતો તપાસવાનો પ્રયત્ન કરે છે અને રોકાણમાં વધારો કરવા સ્વનિર્ભર મૂલ્યવાન ચક્રના સર્જનની સુવિધા પૂરી પાડે છે. સરવે સ્વચ્છ ભારત મિશન (SBM), જન ધન યોજના, બેટી બચાવો-બેટી પઢાઓ જેવી સરકારની વિશિષ્ટ પહેલ દ્વારા સર્જાયેલા પ્રભાવનું ચિત્ર રજૂ

કરે છે, જે ભારતમાં વર્ણનાત્મક પરિવર્તન માટે રહેલી ક્ષમતાઓના પુરાવા રજૂ કરે છે. વર્તણૂક ઢાળવામાં સામાજિક ધોરણો મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. વર્ણનાત્મક અર્થતંત્ર, માત્ર ધોરણો વર્તણૂકને કેવી રીતે પ્રભાવિત કરે છે તે સમજવા માટે જ નહીં, પરંતુ વર્તુણાત્મક પરિવર્તન અસરકારક બનાવવા આ ધોરણોના ઉપયોગ માટે જરૂરી સાધનો અને સિદ્ધાંતો પણ પૂરાં પાડે છે.

સરવે રોજગારીનું સર્જન કરવા અને વધુ ઉત્પાદક બનવા માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો (MSME)ને પોષણ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે પુરાવો રજૂ કરે છે કે ૧૦ વર્ષ કરતાં વધુ જૂની હોવા છતાં ૧૦૦થી ઓછા કામદારો ધરાવતી પેઢી સંખ્યાની દૃષ્ટિએ ઉત્પાદનમાં તમામ સંગઠિત પેઢીઓની સંખ્યા કરતાં અડધાથી પણ ઓછી છે ત્યારે રોજગારીમાં તેમનું પ્રદાન માત્ર ૧૪% અને ઉત્પાદકતામાં માત્ર ૮% છે, જ્યારે તેનાથી વિપરીત સંખ્યાની દૃષ્ટિએ ૧૫ % જેટલી હોવા છતાં મોટી પેઢીઓ (૧૦૦થી વધારે કર્મચારીઓ ધરાવતી), આવી રોજગારીનો ત્રીજો હિસ્સો અને ઉત્પાદકતામાં આશરે ૯૦% હિસ્સો ધરાવે છે. તે આવશ્યક છે કે MSMEના વિકાસ માટે વધુ સુવિધા પૂર પાડવામાં આવે અને તમામ કદ આધારિત પ્રોત્સાહનોને જરૂરી નિયંત્રણોમાંથી મુક્તિ દસ વર્ષ કરતાં ઓછા સમય માટે આપવામાં આવે. વધુમાં મજૂર કાયદાનાં નિયંત્રણો હળવાં કરવાથી વધુ રોજગારીનું સર્જન કરી શકાય છે.

એક એવી શતાબ્દી તરફ પ્રયાણ જ્યારે ડેટાને નવું ઓઈલ ગણવામાં આવે છે અને ડેટામાંથી કરેલું વિશ્લેષણ નિર્ણયનું નવું સાધન ગણવામાં આવે છે ત્યારે સરવે ''લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા'' જાહેર સુખાકારીના સાધન ડેટાનું સર્જન કરવા માટે તકોની સંભાવનાઓ તપાસે છે. સરકાર પહેલાંથી નાગરિકો વિશે વહીવટી, સરવે, સંસ્થાકીય અને વ્યવહારોનો ડેટાનો સમૃદ્ધ ભંડાર ધરાવે છે, પરંતુ આ ડેટા સંખ્યાબંધ સરકારી સંસ્થાઓમાં વિખેરાયેલો પડેલો છે. આ વિશિષ્ટ ડેટા સંગ્રહમાં ધરબાયેલી પડેલી માહિતીનો ઉપયોગ સરકારને નીચેની બાબતો માટે સક્ષમ બનાવે છેઃ

- નાગરિકોની જીવનની સુખાકારીમાં વધારો
- વાસ્તવિક પુરાવા આધારિત નીતિનું નિર્માણ
- કલ્યાણ યોજનાઓમાં સચોટ લક્ષ્યાંક નિર્ધારણ
- વિભાજિત બજાર સંકલિત કરવાં
- જાહેર સેવાઓમાં વ્યાપક જવાબદારી નક્કી કરવી
- શાસનમાં નાગરિકોની વ્યાપક ભાગીદારી સર્જવી

સરવે તે બાબત સ્વીકારે છે કે ભારતમાં વ્યવસાય કરવાની સરળતામાં એક સૌથી મોટી મર્યાદા કરારનો અમલ અને તકરાર નિવારણની ક્ષમતાનો અભાવ છે. જ્યારે ન્યાયતંત્રમાં ૩.૫ કરોડ કેસ પડતર હોવાના કારણે આ બાબત આશ્ચર્યજનક જણાતી નથી. નીચલી કોર્ટમાં માત્ર ૨,૨૭૯ ન્યાયાધીશો અને ઉચ્ચ ન્યાયાલયમાં ૯૩ ન્યાયાધીશોનો ઉમેરો કરવાથી ૧૦૦% (શૂન્ય ભરાવો)નો નિકાલ દર પ્રાપ્ત કરી શકાય છે. આ પહેલાંથી મંજૂર કરાયેલી ક્ષમતા છે અને માત્ર ખાલી પડેલી જગ્યાઓ ભરવાની જરૂર છે. પાંચ વર્ષની અંદર પડતર કેસનો નિકાલ માટે જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરવા પરિસ્થિતિનું વિશ્લેષણ સૂચવે છે કે જરૂરી ઉત્પાદકતાનો ઉમેરો મહત્ત્વાકાંક્ષી છે, પરંતુ પ્રાપ્ત કરી શકાય તેમ છે.

આર્થિકનીતિની અનિશ્ચિતતા બૃહદ આર્થિક વાતાવરણ, વ્યાપાર પરિસ્થિતિ અને અન્ય આર્થિક પરિબળો સાથે મજબૂત સહસંબંધ ધરાવે છે, જે રોકાણને પ્રભાવિત કરે છે. આર્થિકનીતિની અનિશ્ચિતતામાં થતો વધારો સંસ્થાગત જોખમમાં વધારો કરે છે અને તેના કારણે અર્થતંત્રમાં મૂડીખર્ચમાં વધારો કરે છે, જેના કારણે રોકાણમાં ઘટાડો થઈ શકે છે. અંકુશમાં ન રાખી શકાય તેવી સર્વસામાન્ય આર્થિક અનિશ્ચિતતાથી વિપરીત નીતિનિર્ધારકો દેશમાં લાભદાયક રોકાણ વાતાવરણને પ્રોત્સાહન આપવા અર્થતંત્રીય નીતિગત અનિશ્ચિતતામાં ઘટાડો કરી શકે છે.

આગામી સમયમાં ભારતના વસ્તી વૃદ્ધિદરમાં ઘટાડા જોવા મળશે, જો કે દેશ ''ડેમોગ્રાફિક ડિવિડન્ડ''ના ચરણનો લાભ પ્રાપ્ત કરશે. ૨૦૩૦ સુધીમાં કેટલાંક રાજ્ય વયોવૃદ્ધ સમાજ તરફ આગળ વધવાનું શરૂ કરશે. દક્ષિણના રાજ્ય, હિમાચલ પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર હવે ફેરબદલી દર કરતાં નીચો પ્રજનનદર ધરાવે છે. રાષ્ટ્રનો કુલ પ્રજનનદર (TFR) ૨૦૨૧ સુધીમાં ફેરબદલી દર કરતાં નીચે રહેવાનો અંદાજ છે. ૨૦૨૧-૩૧ દરમિયાન ભારતની કાર્યરત-વસ્તીમાં અંદાજે ૯૭ લાખ પ્રતિવર્ષ અને ૨૦૩૧-૪૧માં ૪૨ લાખ પ્રતિવર્ષ વધારો થશે.

પ્રાથમિક શાળાએ જતાં એટલે ૫-૧૪ વયજૂથનાં બાળકોની સંખ્યામાં નોંધપાત્ર

ઘટાડો જોવા મળશે. અનેક રાજ્યએ શાળાઓને વ્યવહારુ બનાવવા શાળાઓના વિલીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર પડશે. આ બાબત આરોગ્યસંભાળમાં રોકાણની સાથે-સાથે નિવૃતિ મર્યાદા વધારવાની જરૂરિયાત ઊભી થશે.

ગ્રામીણ ભારતનો ૯૯.૨% વિસ્તાર આવરી લેવાયો હોવાના કારણે સ્વચ્છ ભારત મિશન (SBM) સફળ રહ્યું છે. તેણે પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં ઝાડા અને મેલેરિયાના કેસ, બાળમરણ અને જન્મ સમયે ઓછા વજન (૨.૫ કિગ્રા કરતાં ઓછું વજન ધરાવતું નવજાત બાળક)ના કિસ્સા ઘટાડવામાં મદદ કરે છે. આ પરિણામો તેવા જિલ્લામાં પ્રાપ્ત થયા છે, જ્યાં ૨૦૧૫માં વ્યક્તિગત ઘરેલુ શૌચાલય (IHHL)નો ફેલાવો ઓછો હતો. છેલ્લાં ચાર વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલા સ્વચ્છતાનો ટકાઉ વિકાસ લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં ખાસ કરીને એસડીજી ૬.૨માં નોંધપાત્ર પ્રદાન કર્યું છે ત્યારે આ ગતિ ચોક્કસપણે જાળવી રાખવી જોઈએ.

સમૃદ્ધિ માટે ઊર્જા અત્યંત આવશ્યક છે. વિશ્વની વસ્તીનો ૧૮ % હિસ્સો ધરાવતો હોવા છતાં ભારત ઊર્જાના વપરાશ ક્ષેત્ર પાછળ છે. ભારત વિશ્વની પ્રાથમિક ઊર્જાના લગભગ ૬% હિસ્સાનો ઉપયોગ કરે છે. આવક સંબંધિત ગરીબી કરતાં ઊર્જા સંબંધિત ગરીબી ભારતમાં વધારે વ્યાપકતા ધરાવે છે. ચીનના ૩૦%, બ્રાઝિલના ૪% અને મલેશિયાની વસ્તીના ૧%થી ઓછા લોકોની સરખામણીમાં ૨૦૧૭માં આપણી વસ્તીના ૫૩% લોકો રાંધવા માટે સ્વચ્છ ઇંધણ પ્રાપ્ત કરી શકતાં નહોતાં. માથાદીઠ ઊર્જા વપરાશમાં ૨.૫% વધારા સાથે ભારત વાસ્તવિક માથાદીઠ જીડીપીમાં US$ ૫૦૦૦નો વધારો (૨૦૧૦ની કિંમતોએ) કરવા માટે સક્ષમ બનશે.

જો ભારતે ૦.૮ના માનવ વિકાસ સૂચકાંક (HDI) ના સ્તર ઉપર પહોંચવું હોય તો તેણે તેની માથાદીઠ ઊર્જા વપરાશમાં ૪ ગણો વધારો કરવો પડશે. એક તરફ જ્યારે કુલ ઉત્પાદનમાં પુનઃવપરાશ ઊર્જાનો હિસ્સો ૨૦૧૪-૧૫માં ૬ % હતો, જે વધીને ૨૦૧૮-૧૯માં ૧૦ % થયો છે ત્યારે ભારતે હજુ પણ આગામી દાયકા દરમિયાન US$ ૨૫૦ અબજથી વધુ રોકાણ પુનઃવપરાશ ઊર્જા ક્ષેત્રે કરવાની જરૂર છે. ઇલેક્ટ્રિક વાહનો ટકાઉ પરિવહનના ક્ષેત્રમાં આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે ઇલેક્ટ્રિક વાહનોના બજારહિસ્સામાં વધારો કરવા ઝડપી ચાર્જિંગ સુવિધાઓને વ્યાપક પ્રોત્સાહન આપવાની જરૂર છે.

૨૦૧૫માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી કાયદા (મનરેગા)ને નવું સ્વરૂપ આપવામાં આવ્યું હતું જ્યારે સરકાર ટેક્નોલોજીથી પ્રાપ્ત લાભ ઉપયોગ કરવા માગતી હતી, તેમાં સીધો લાભ હસ્તાંતરણ (DBT) અને તેનું આધાર સાથે જોડાયેલા પેમેન્ટ (ALP) સાથે જોડાણનો પણ સમાવેશ થાય છે. તેના કારણે કામદારોના બેન્ક ખાતામાં તેમનું મહેનતાણાની સીધી ચુકવણી કરવા માટે જન ધન, આધાર અને મોબાઇલ (JAM)નો મહત્તમ ફાયદો ઉઠાવવામાં આવ્યો હતો તેના કારણે વિલંબિત ચુકવણીની શક્યતાઓ ઘટાડવામાં આવી હતી.

મનરેગા હેઠળ સીધા લાભ હસ્તાંતરણ બાદ મહેનતાણાની ચુકવણીમાં વિલંબમાં ઘટાડો થયો, જેના કારણે આજિવિકાની સુરક્ષા પૂરી પાડવામાં આવી. મનરેગા હેઠળ ખાસ કરીને આપત્તિનો સામનો કરી રહેલા જિલ્લામાં બંને માગ અને પુરવઠામાં વધારો થયો. આધાર સાથે જોડાયેલી ચુકવણીએ આપત્તિ દૂર કરવા માટે ખાસ સમાજના નિર્બળ વર્ગોનું સંકટ દૂર કરવા મનરેગાને સક્ષમ બનાવી છે. મનરેગા અંતર્ગત કામની માંગ માટે ડેટા લગભગ રિયલ ટાઇમ ઉપલબ્ધ બન્યો છે, જેના કારણે જિલ્લા પંચાયત સ્તરે આપત્તિ પર રિયલ ટાઇમ દેખરેખ રાખી શકાય છે. મનરેગાની સફળ પુનઃરચના ટેક્નોલોજીના કૌશલ્યપૂર્ણ ઉપયોગ પર ભાર મૂકે છે. તે દર્શાવે છે કે જ્યારે સરકારની યોજનાઓની અસરકારકતા ઉપર દેખરેખ રાખવામાં આવે ત્યારે નોંધપાત્ર તફાવત જોઇ શકાય છે.


ભારતની આર્થિકવૃદ્ધિ છતાં ઓછા વેતન અને ભથ્થાના કારણે પ્રવર્તમાન અસમાનતા મોટો અવરોધ છે. છેવાડાના મજૂરવર્ગને નજર સમક્ષ રાખીને ઘડવામાં આવેલી લઘુતમ વેતનનીતિ કુલ માગમાં વધારો કરવામાં અને મધ્યમવર્ગના નિર્માણ અને તેમને મજબૂત કરવામાં મદદ કરી શકે છે.


જોકે જુદાં જુદાં રાજ્યમાં બિનકુશળ કામદારોની વિવિધ અનુસૂચિત નોકરીઓની શ્રેણી માટે નિર્ધારિત કરેલાં ૧,૯૧૫ લઘુતમ વેતન ધરાવતી ભારતની વર્તમાન લઘુતમ વેતન વ્યવસ્થા ખૂબ જટિલ છે. લઘુતમ વેતન કાયદો,૧૯૪૮ તમામ કામદારોને આવરી લેતો નથી. ભારતમાં ત્રણમાંથી એક વેતન કામદારને લઘુતમ વેતનના કાયદાનું રક્ષણ મળતું નથી. આર્થિક સર્વેક્ષણમાં આવરી લેવાયેલું આ પ્રકરણ આ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે છે અને સુઆયોજિત નીતિના નિર્માણ માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

સામાન્ય લોકો પણ સરવેના વિચારો જાણી શકે તે માટે દરેક પ્રકરણમાં સારાંશ અને ''પ્રકરણ પર ઊડતી નજર''નો ભાગ આપવામાં આવ્યો છે. આ દરેક પ્રકરણમાં અંગ્રેજી અને હિંદીમાં બે મિનિટના વીડિયોનો પણ સમાવેશ થાય છે. સરવે તે બાબત સ્વીકારે છે સમાજમાં દરેક વ્યક્તિનું પ્રતિબિંબ રજૂ થાય છે અને અર્થતંત્રની વૈવિધ્યતા અર્થતંત્રના દરેક એકમમાં પ્રતિબિંબિત થાય છે. તે દરેક નાગરિકને #India@75 અને #Economy@5trillionનું સ્વપ્ન સાકાર કરવા માટે દરેક સમસ્યા પ્રત્યે સાર્થક અભિગમ અપનાવવા અને તેના ઉપાયો શોધવા માટે અપીલ કરે છે.

ક્રિષ્ણમૂર્થિ વી. સુબ્રમનીયન ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર છે. સુરભિ જૈન ભારત સરકારના નાણાં મંત્રાલયમાં આર્થિક બાબતોના વિભાગના નિયામક છે. વ્યક્ત કરેલ અભિપ્રાયો વ્યક્તિગત છે.

ઈ-મેલઃ
cea@nic.in



# ભવિષ્યની તકો ઝડપી લેવા માટે યુવા પેઢીને પ્રોત્સાહન

**અમિતાભ કાંત**



કોઈ પણ દેશની પ્રગતિ માટે કૌશલ્ય વિકાસ અને માર્ગદર્શન દ્વારા ભવિષ્યની આજીવિકાની તકો માટે યુવા પેઢીને તૈયાર કરવી અને પ્રોત્સાહન આપવું મહત્ત્વપૂર્ણ પરિબળ છે. ચાલુ નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રોકાણ, ઉત્પાદન અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ અંદાજપત્ર ટેક્નોલોજીમાં ફેરફાર કરીને તથા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિઓમાં અન્ય પરિવર્તનો કરીને તકો ઝડપવા માટે યુવા પેઢીને સક્ષમ બનાવવાની સરકારની કટિબદ્ધતા પર ભાર મૂકે છે. વિવિધ અને વિકસતાં ક્ષેત્રોમાં રોજગારી અને ઉદ્યોગસાહસિકતાની સંભવિતતાનો ઉપયોગ કરવાનો ઉદ્દેશ ધરાવતી વિવિધ પહેલ સાથે ભારત એની યુવા પેઢીને દરેક પડકાર ઝીલવા તૈયાર કરવા તથા તેમના સમુદાય તેમજ આંતરરાષ્ટ્રીય મંચ પર ભવિષ્યના લીડર્સ તરીકે વિકસાવવા સજ્જ થઈ રહ્યો છે.

કોઈ પણ દેશની પ્રગતિનો પાયો છે – કૌશલ્ય વિકાસ, માર્ગદર્શન તથા સંશોધન અને વિકાસ દ્વારા યુવા પેઢીને પ્રોત્સાહન આપવું અને ભવિષ્ય માટે આજીવિકાની તકોનું સર્જન કરવું. ચાલુ નાણાકીય વર્ષ માટે સરકારે પ્રસ્તુત કરેલું અંદાજપત્ર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરના આર્થિક સ્થિતિ સંજોગોમાં ટેક્નોલોજિકલ દૃષ્ટિએ અને અન્ય ક્ષેત્રમાં થઈ રહેલાં પરિવર્તનોના પગલે ઊભી થઈ રહેલી વિવિધ પ્રકારની લાભદાયક તકોને ઝડપવા માટે યુવા પેઢીને સક્ષમ બનાવવા પર ભાર મૂકે છે.

યુવા પેઢીમાં રહેલી સંભવિતતાને ઝડપવી અને તેમને અર્થતંત્રનાં નવીન અને વિકસતાં ક્ષેત્રો સહિત વિવિધ ક્ષેત્રોમાં જુદી જુદી ભૂમિકા માટે તૈયાર કરવા માટે શિક્ષણ અને તાલીમ ચાવીરૂપ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૧૯ના મુસદ્દામાં ભારતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને વિશ્વની શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થાઓમાંની એક બનાવવા માટે એમાં પરિવર્તન લાવવા સંશોધન અને નવીન અભિગમ પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં યુવાનો પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) અને 'સ્કિલ ઇન્ડિયા' અંતર્ગત વિવિધ અન્ય યોજનાઓ અંતર્ગત ઉદ્યોગ માટે જરૂરી કે પ્રસ્તુત કૌશલ્ય તાલીમ મેળવવા સક્ષમ બન્યા છે. અત્યારે સરકાર યુવાનોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, બિગ ડેટા એનાલિટિક્સ, 3D પ્રિન્ટિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી અને રોબોટિક્સ જેવી નવી અને ભવિષ્યની કુશળતાઓ આપવા અને નવેસરથી આ પ્રકારની ટેકનોલોજીઓમાં કુશળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ પ્રકારની ટેકનોલોજીઓનું મહત્ત્વ અને ઉપયોગિતા વધી રહી છે.

જો દુનિયામાં વસતિના હાલના પ્રવાહોને ધ્યાનમાં રાખીએ તો સ્પષ્ટ જણાય છે કે દુનિયાનાં મોટાં અર્થતંત્ર માટે શ્રમિકોની તીવ્ર ખેંચ ઊભી થશે. વળી, વિદેશમાં રોજગારી મેળવવા માટે યુવાનોને સજ્જ થવાની પણ જરૂર છે એટલે ભાષાની તાલીમ સાથે વિદેશમાં જરૂરી કુશળતાઓ મેળવવા માટે ભાર વધશે.

સંશોધન અને વિકાસ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે, જે કુશળતા અને જ્ઞાન આધારિત અર્થતંત્રને વેગ આપે છે. નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેમાં વિવિધ મંત્રાલયને સંશોધન માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવો પડશે. એનાથી

દેશમાં સંશોધનની સંપૂર્ણ ઇકો સિસ્ટમ મજબૂત થશે, જેમાં આપણા દેશની પ્રાથમિકતાઓ સાથે પ્રસ્તુત ઓળખ કરાયેલા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ-લર્નિંગ ફોર યંગ એસ્પાઇરિંગ માઇન્ડ્સ દ્વારા મોટી સંખ્યામાં ઓનલાઇન મુક્ત અભ્યાસક્રમો વંચિત સમુદાયના વિદ્યાર્થીઓને મદદરૂપ થશે, જેથી વંચિત વર્ગો માટે ડિજિટલ સમાનતા ઊભી કરવામાં મદદ મળશે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉચ્ચ શિક્ષણમાં ગ્લોબલ ઇનિશિયેટિવ ઓફ એકેડેમિક નેટવર્ક્સ (GIAN) પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. એનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સ્તરના વૈજ્ઞાનિકો અને સંશોધકોનો લાભ મેળવવાનો છે. IM-PRINT (ઇમ્પેક્ટિંગ રિસર્ચ ઇનોવેશન એન્ડ ટેકનોલોજી) યોજનાને પેન-IIT (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી) અને IISc (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ)ની સંયુક્ત પહેલ તરીકે શરૂ કરવામાં આવી છે, જેનો આશય દેશમાં પસંદગીનાં ક્ષેત્રોમાં મુખ્ય ઇજનેરી અને ટેક્નોલોજી પડકારોનું સમાધાન કરવા સંશોધન માટેની રૂપરેખા વિકસાવવાનો છે.

ભારત સ્ટાર્ટ-અપ્સ માટે લોંચ પેડ તરીકે વિકસી રહ્યું છે અને એના વિકાસને સતત પ્રોત્સાહન આપવાનું જાળવી રાખવાની જરૂર છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા વિવિધ જોગવાઈઓ પ્રસ્તુત કરવામાં આવી છે, જેમ કે 'એન્જલ ટેક્સ' અને આવકવેરા વિભાગની બિનજરૂરી ચકાસણીમાંથી મુક્તિ. પરિણામે સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા અને એને અસર કરતા મુદ્દાઓ માટે ડીડીની વિવિધ ચેનલની અંદર એક્સક્લુઝિવ ટેલિવિઝન ચેનલને લોંચ કરવા ઇ-વેરિફિકેશન માટેની વ્યવસ્થા સુલભ થઈ છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (MSMEs)ને સરળતાપૂર્વક ધિરાણ મળે એ માટે સરકારે એક કટિબદ્ધ ઓનલાઇન પોર્ટલ દ્વારા ૫૯ મિનિટની અંદર રૂ. ૧ કરોડ સુધીની લોન આપવાની સુવિધા પ્રસ્તુત કરી છે. MSMEs માટે વ્યાજમાંથી મુક્તિની યોજના અંતર્ગત તમામ જીએસટી રજિસ્ટર્ડ MSMEs માટે નવી કે સંવર્ધિત લોન પર વ્યાજમાંથી ૨%ની મુક્તિ આપવા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૩૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

અંદાજપત્રના ભાષણમાં સરકારે એક અભિયાન શરૂ કરવાની દરખાસ્ત રજૂ કરી છે, જે પરંપરાગત કારીગરો-કલાકારો વચ્ચે સમન્વય સ્થાપિત કરશે અને તેમનાં રચનાત્મક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડશે. જ્યારે જરૂર પડશે ત્યારે આ કારીગરો માટે બૌદ્ધિક સંપત્તિના અધિકારો, પેટન્ટ અને જિયોગ્રાફિકલ ઇન્ડિકેટર્સ મેળવવામાં આવશે. આ અભિયાન સાથે ભારતીય પરંપરાગત રચનાત્મક ઉદ્યોગ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રથમ હરોળમાં સ્થાન મેળવશે.

ચાલુ નાણાકીય વર્ષનું અંદાજપત્ર રોકાણ, ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન આપવા ધ્યાન કેન્દ્રિત કરે છે. એનાથી રોજગારીના સર્જનમાં વધારો થશે, આર્થિક વૃદ્ધિને વેગ મળશે. સરકાર 'મેક ઇન ઇન્ડિયા'ને વેગ આપવા પણ એક યોજના શરૂ કરશે, જેમાં સેમિ-કન્ડક્ટર ફેબ્રિકેશન, સોલર ફોટો વોલ્ટેક સેલ્સ, લિથિયમ સ્ટોરેજ બેટરી, સોલર ઇલેક્ટ્રિક ચાર્જિંગ માટેનું માળખું, કમ્પ્યૂટર સર્વર્સ, લેપટોપ્સ વગેરે 'નવા અને અત્યાધુનિક ટેક્નોલોજી ધરાવતાં ક્ષેત્રો'માં મોટા પાયે ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કરવા પારદર્શક રીતે સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા આંતરરાષ્ટ્રીય કંપનીઓને આમંત્રણ આપવામાં આવશે.

સરકારનો ઉદ્દેશ ભારતને ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનના વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસાવવાનો અને આ દિશામાં હરણફાળ ભરવાનો છે. સૌરસંગ્રહ બેટરીઓનું ઉત્પાદન અને પુરવઠો તથા ચાર્જિંગનું માળખું રોજગારીના સર્જન અને ઉદ્યોગસાહસિકતાને વધુ વેગ આપશે એવી અપેક્ષા છે. દુનિયામાં ભારત ત્રીજું સૌથી મોટું નાગરિક ઉડ્ડયન બજાર છે એટલે ભારતમાંથી વિમાનના ધિરાણ અને એના ભાડાપટ્ટાની પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો સમય પાકી ગયો છે. આ ઉડ્ડયન ધિરાણમાં રોજગારીના સર્જન અને આકાંક્ષા તરફ દોરી જશે.

'ખેલો ઇન્ડિયા' યોજના ઓક્ટોબર-૨૦૧૭માં શરૂ થઈ હતી, જેનાથી દેશભરમાં કારકિર્દીના વિકલ્પ તરીકે રમતગમતમાં જાગૃતિ લાવવાની મહત્ત્વપૂર્ણ અસર થઈ છે. સરકાર જરૂરી નાણાકીય સાથ-સહકાર પ્રદાન કરવા કટિબદ્ધ છે. રમતગમતને લોકપ્રિય બનાવવા રમતવીરો માટે નેશનલ સ્પોર્ટ્સ એજ્યુકેશન બોર્ડ સ્થાપિત કરવામાં આવશે.

આપણા દેશમાં મોટા પ્રમાણમાં લોકો ગામડાંઓમાં વસે છે તથા કૃષિ અને પરંપરાગત ઉદ્યોગો પર નિર્ભર છે. 'સ્કીમ ઓફ ફંડ ફોર અપગ્રેડેશન એન્ડ રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઇન્ડસ્ટ્રીઝ' (SFURTI)નો ઉદ્દેશ સમુદાય આધારિત

વિકાસની સુવિધા પ્રદાન કરવા વધુ કોમન ફેસિલિટી સેન્ટર્સ (CFCs) સ્થાપિત કરવાનો છે. આ સેન્ટર્સ પરંપરાગત ઉદ્યોગોને વધારે ઉત્પાદક અને નફાકારક બનાવવા ટેકો આપશે તેમજ રોજગારીનું સતત સર્જન કરવાની ક્ષમતા પેદા કરશે, એમાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો વાંસ, મધ અને ખાદીનું ઉત્પાદન કરતાં સમૂહ કે સમુદાય છે.

SFURTIનો ઉદ્દેશ વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૧૦૦ નવા સમુદાય સ્થાપિત કરવાનો છે, જે આર્થિક મૂલ્યની સાંકળમાં જોડાવા ૫૦,૦૦૦ કલાકારોને ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવા સક્ષમ બનાવશે. સ્કીમ ફોર પ્રમોશન ઓફ ઈનોવેશન, રૂરલ ઈન્ડસ્ટ્રી એન્ડ આંત્રપ્રિન્યોરશિપ (ASPIRE)ને ૮૦ લાઈવ્લિહૂડ બિઝનેસ ઈન્ક્યુબેટર્સ (LBIs) અને ૨૦ ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ સ્થાપિત કરવા માટે કોન્સોલિડેટ કરવામાં આવ્યાં છે, જેનાથી ઓછામાં ઓછા ૭૫,૦૦૦ કૃષિ ઉદ્યોગસાહસિકોને વિકસવામાં મદદ મળશે.

પર્યાવરણને અનુકૂળ અર્થતંત્ર (સર્ક્યુલર અર્થતંત્ર) મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન કરવાની સંભવિતતા ધરાવે છે. સતત વિકાસના એજન્ડાના ઉદ્દેશ પ્રત્યે કટિબદ્ધ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૩૦,૦૦૦ કિલોમીટરના માર્ગોનું નિર્માણ ગ્રીન ટેક્નોલોજી, પ્લાસ્ટિકના કચરા અને કોલ્ડ મિક્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને થઈ રહ્યો છે, જેથી કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

અંદાજપત્રમાં દરેક ગામડામાં સતત ઘનકચરાનું વ્યવસ્થાપન કરવા ‘સ્વચ્છ ભારત અભિયાન’નું વિસ્તરણ કરવાની દરખાસ્ત રજૂ કરી છે. ખાનગી ઉદ્યોગસાહસિકતા ખેતરમાંથી ખેડૂતોના ઉત્પાદનના મૂલ્ય સંવર્ધનના અભિયાનને તથા વાંસ અને ટેકો આપશે તથા વાડમાંથી વાંસ અને ઈમારતી લાકડા જેવી આનુષંગિક પ્રવૃત્તિઓ કરનાર લોકો ને ટેકો આપશે તેમજ પુનઃ પ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન કરશે.

કચરામાંથી મૂલ્યનું સર્જન કરવાની આ તમામ કામગીરી રોજગારીનું સર્જન કરવાની સંભવિતતા ધરાવે છે, સતત વિકાસને પ્રોત્સાહન આપે છે. એ જ રીતે પાણીના પુરવઠાનું સતત વ્યવસ્થાપન કરવા માટે જળશક્તિ મંત્રાલય અંતર્ગત પેયજળ અને સ્વચ્છતા વિભાગની નવી પહેલ પુનઃ ઉપયોગ અને રિસાઈકલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ભારતની પાણીનું વ્યવસ્થાપન કરવાની ક્ષમતા એની દિશા અને દશા નક્કી કરશે. આ પરિવર્તનની પ્રક્રિયા દરમિયાન કેટલીક રોજગારીઓ અને ઉદ્યોગસાહસિકતાનું સર્જન થશે.

જોડાણ કોઈ પણ અર્થતંત્રને ધબકતું રાખે છે. સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (ગામડાંઓથી ગ્રામીણ બજાર સુધીના માર્ગોનું જોડાણ વધારવા પર ભાર મૂકે છે), ઔદ્યોગિક કોરિડોર, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર, ભારતમાલા અને સાગરમાલા પ્રોજેક્ટ, જળમાર્ગ વિકાસ અને ઉડાન યોજના (ઉડે દેશ કા આમ નાગરિક) દ્વારા તમામ પ્રકારના ભૌતિક જોડાણને મોટો વેગ મળ્યો છે. સરકારે સરકારી–ખાનગી ભાગીદારીને વધુ પ્રોત્સાહન આપીને મેટ્રો રેલવેનું જોડાણ વધારવાની દરખાસ્ત રજૂ કરી છે તેમજ મંજૂર થયેલાં કાર્યો પૂર્ણ થાય એવી સુનિશ્ચિતતા કરી છે ત્યારે પરિવહન કેન્દ્રની આસપાસ વાણિજિયક પ્રવૃત્તિઓ સુનિશ્ચિત કરવા ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટને ટેકો આપે છે.

રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ કરવાનો પ્રસ્તાવિત વિશાળ કાર્યક્રમ રોજગારીની તકોમાં વધારો કરી રહ્યો છે. UDAN યોજના નાનાં શહેરોને હવાઈ સેવાનું જોડાણ પ્રદાન કરે છે અને સામાન્ય નાગરિકોને હવાઈ મુસાફરીનો લાભ લેવા સક્ષમ બનાવે છે. ડિજિટલ જોડાણ સરકાર માટે પ્રાથમિકતા છે. ગ્રામીણ અને શહેરી ડિજિટલ ફરક દૂર કરીને સેતુરૂપ બનવા ભારત નેટ દરેક ગામડામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા પંચાયતમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીને લક્ષ્યાંક બનાવે છે. પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન અંતર્ગત બે કરોડથી વધારે ગ્રામીણ ભારતીયો અત્યાર સુધી ડિજિટલ ટેક્નોલોજીથી વાકેફ થયા છે. આ તમામ પહેલ રોજગારીનું સર્જન કરવાની તકોમાં વધારો કરી રહી છે.

અર્થતંત્રમાં મહિલાઓનાં પ્રદાનને મહત્ત્વનું અને અવગણી ન શકાય એવું તથા સૌથી વધુ કીમતી બની શકે એવું પ્રદાન ગણવામાં આવે છે. આ અંદાજપત્રમાં નોકરિયાત મહિલાઓ માટે હોસ્ટેલ માટેની ફાળવણી બે ગણી વધીને રૂ. ૧૬૫ કરોડ થઈ છે. આ સરકાર માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઈનાન્સ એજન્સી લિમિટેડ (MUDRA), સ્ટેન્ડ-અપ ઈન્ડિયા અને સેલ્ફ હેલ્પ ગ્રૂપ (SHG) અભિયાન જેવી વિવિધ યોજનાઓ દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકતાને ટેકો આપે છે અને પ્રોત્સાહન આપે છે. આ અંદાજપત્રમાં તમામ જિલ્લામાં મહિલાને વ્યાજમાં સહાય આપવા માટેનો કાર્યક્રમ

લંબાવવામાં આવ્યો છે. જન-ધન ખાતું ધરાવતા સેલ્ફ હેલ્પ ગ્રૂપની દરેક વેરિફાઇડ મહિલા સભ્યને તેમની બચત કરતાં રૂ. ૫૦૦૦ વધુ આપવામાં આવશે. દરેક SHGમાં ઓછામાં ઓછી એક મહિલા MUDRA સ્કીમ અંતર્ગત રૂ. ૧ લાખ સુધીની લોન લેવાની લાયકાત ધરાવશે. મહિલા કર્મચારીઓને માતૃત્વનાં લાભ પ્રદાન કરવા કંપનીઓને પ્રોત્સાહન આપવા અંદાજપત્રીય ફાળવણી પણ કરવામાં આવી છે.

સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજનાએ એના લાભાર્થીઓને માનવીય સન્માન અને સ્વમાનની ભાવના આપી છે, જેમાં મોટા ભાગની મહિલાઓ છે તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (SC & ST)ના લાભાર્થીઓ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય બલ્ક LPG પરિવહન પ્રદાન કરવા માટે SC/ST ઉદ્યોગસાહસિકોને સક્ષમ બનાવ્યા છે. મશીન અને રોબો (robots) કચરાના નિકાલ માટે સ્થાપિત કરવામાં આવ્યા છે એટલે માનવીય સફાઈ કામદારોને સન્માન મળ્યું છે. સ્ટેન્ડ અપ અને સ્ટાર્ટ-અપ તથા વાણિજ્યિક બેંકો વચ્ચેના સમન્વયે આ પરિવર્તનકારક બદલાવ લાવવા ઉદ્દીપકની ભૂમિકા ભજવે છે.

સ્ટેન્ડ-અપ ઇન્ડિયા સ્કીમ જોગાનુજોગ ૧૫મા નાણાં પંચના સમયગાળા ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન જળવાઈ રહેશે. બેંકો કચરો સાફ કરવાનાં મશીન અને રોબોની ખરીદી જેવા માગ આધારિત વ્યવસાય માટે નાણાકીય સહાય પ્રદાન કરશે.

આ અંદાજપત્રમાં રિયલ એસ્ટટ અને હાઉસિંગ ક્ષેત્રને બેઠું કરવા તથા પ્રોત્સાહન આપવાની સીધી અસર રોજગારીના સર્જન પર થઈ છે, કારણ કે આ ક્ષેત્ર અર્ધકુશળ અને અકુશળ તથા જેઓ અતિકુશળ છે એમ બંને પ્રકારના કામદારોને રોજગારી આપે છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (PMAY-G) અંતર્ગત ૧.૫૪ કરોડ વાજબી ગ્રામીણ મકાનોનું નિર્માણ કર્યું છે અને પ્રધાનમંત્રી આવાસ યોજના – અર્બન અંતર્ગત ૨૬ લાખ વાજબી મકાનોનું નિર્માણ કર્યું છે.

વર્ષ ૨૦૧૯-૨૦થી ૨૦૨૦-૨૨ દરમિયાન PMAY-Gના બીજા તબક્કામાં લાયકાત ધરાવતા લાભાર્થીઓ માટે ૧.૯૫ કરોડ મકાનોનું નિર્માણ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. રૂ. ૪૫ લાખ સુધીની કિંમત ધરાવતાં મકાનો માટે લોન પર વ્યાજની ચુકવણી માટે કરવેરાની કપાતમાં વધારો કરવાથી અને આદર્શ ગણોતધારાને અંતિમ સ્વરૂપ આપવાથી હાઉસિંગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને વધુ વેગ મળશે, જે નિર્માણ ક્ષેત્રના કામદારો, રિયલ એસ્ટેટ ડેવલપર્સ, આર્કિટેક્ટ્સ વગેરે માટે રોજગારીનું સર્જન કરવા તરફ દોરશે.

અંદાજપત્રમાં 'સ્ટડી ઇન ઇન્ડિયા' પ્રોગ્રામ શરૂ કરવાની યોજના રજૂ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણમાં વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાનો છે, જેથી સ્ટુડન્ટ હાઉસિંગ માટે વધારે માગ વધશે તથા આ મકાનોનું નિર્માણ કરવા અને સ્ટુડન્ટ હોસ્ટેલનું મેનેજમેન્ટ કરવા માટે રોજગારીનું સર્જન થશે.

સરકાર તમામ ક્ષેત્રના કામદારો માટે સામાજિક સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા કટિબદ્ધ છે. પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન ૫ માર્ચ, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીએ શરૂ કરી છે, જેમાં આશરે ૩૦ લાખ લોકોએ નોંધણી કરાવી છે. આ યોજનાનો ઉદ્દેશ અસંગઠિત અને અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરતા લોકોને ૬૦ વર્ષની વય પછી પેન્શન પેટે દર મહિને રૂ. ૩,૦૦૦ આપવાનો છે.

પ્રધાનમંત્રી કર્મ માન-ધન યોજનાની નવી પહેલ સાથે સરકાર રૂ. ૧.૫ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા આશરે ૩ કરોડ રિટેલ વેપારીઓ અને નાના દુકાનદારોને પેન્શનનો લાભ આપશે. જ્યારે આ અંદાજપત્રમાં પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે ત્યારે પ્રધાનમંત્રી કર્મ યોગી માન ધન માટે રૂ. ૭૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સરકારે ચાર શ્રમસંહિતાઓમાં વિવિધ શ્રમ કાયદાઓને સમાવવાના અને સરળ બનાવવાના પ્રયાસો કર્યા છે, જે કર્મચારીઓ માટે વ્યવસાય ચલાવવાનું સરળ બનાવશે તેમજ કામદારોનાં અધિકારો અને કલ્યાણને સુનિશ્ચિત કરશે.

વિવિધ અને વિકસતાં ક્ષેત્રમાં રોજગારી અને ઉદ્યોગસાહસિકતાની સંભવિતતાનો ઉપયોગ કરવાનો ઉદ્દેશ ધરાવતી અનેક પહેલ સાથે ભારત એની યુવા પેઢીને દરેક પડકારો ઝીલવા તૈયાર કરવા તથા તેમનાં સમુદાય તેમજ આંતરરાષ્ટ્રીય મંચ પર ભવિષ્યના લીડર્સ તરીકે વિકસાવવા સજ્જ થઈ રહ્યો છે.

લેખક નીતિ આયોગના મુખ્ય કારોબારી અધિકારી (CEO) છે.

ઈ-મેલ:
amitabh.kant@nic.in

# જળ સુરક્ષાઃ ભવિષ્યની દિશા

**પરમેશ્વરન્ ઐયર**



નાણાં મંત્રી નિર્મલા સીતારમણે તેમના અંદાજપત્રના વક્તવ્યમાં કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં તમામ માટે જળ સુરક્ષાની ખાતરી આપવા માટે લેવામાં આવેલ સૌપ્રથમ મજબૂત પગલું એ જળશક્તિ મંત્રાલયનું નિર્માણ છે. જળશક્તિ મંત્રાલય દ્વારા તાજેતરમાં જળશક્તિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે કે જે ૨૫૬ જિલ્લામાં ઓળખી કાઢવામાં આવેલા ૧૫૯૨ પાણીની તંગી ધરાવતા બ્લોક્સમાં જળસંવર્ધનની પ્રવૃત્તિઓની પ્રગતિને વેગ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો સંયુક્ત પ્રયાસ છે. આશરે ૧૦૦૦ વરિષ્ઠ કેન્દ્ર સરકારના અધિકારીઓ જળસંચય અને જળસંરક્ષણ માટે લક્ષિત પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં જોડાશે. કેટલાંક રાજ્ય, જેમ કે ગુજરાત, આશરે છ લાખથી વધુ ખેડૂતો સુધી સૂક્ષ્મ સિંચાઈની પદ્ધતિઓ પહોંચાડીને ખેતીના પાણીનો અસરકારક ઉપયોગ કરવામાં દેશનું નેતૃત્વ કરી રહ્યા છે.

નાણાં મંત્રીના અંદાજપત્ર વક્તવ્ય બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારપૂર્વક જણાવાયું કે નવી સરકારની વિકાસ નીતિમાં જળ ટોચના સ્થાન પર છે. સ્વચ્છ ભારત અભિયાનની સમાંતરે જન આંદોલન (લોકોની ચળવળ) માટે આહ્વાન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જળસંચય (જળસંગ્રહ અને સંરક્ષણ) એ જનશક્તિ (લોકોની તાકાત) વિના શક્ય નથી. નવા જળશક્તિ મંત્રાલયની રચનાના સાહસિક સંસ્થાગત પગલામાં અગાઉ જળસંસાધન, નદી વિકાસ અને ગંગા નવીનીકરણ મંત્રાલયને પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય સાથે જોડી દેવામાં આવ્યું હતું અને તેના દ્વારા સંપૂર્ણ રીતે પાણી ઉપર કેન્દ્રિત એકમાત્ર એવા નવા મંત્રાલયની રચના કરવામાં આવી હતી.

જળ સંસાધનોના એકત્રીકરણ તરફ દોરી જનારું આ એક મહત્ત્વનું પગલું છે, જ્યાં પીવાના પાણીની પહોંચ અને સ્વચ્છતાની સાથે-સાથે તમામ ઘરમાં સુરક્ષિત અને પૂરતી માત્રામાં પાઈપલાઈન વડે પાણીનો જથ્થો પૂરો પાડવાના લક્ષ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

**અત્યાર સુધીની વાર્તાઃ**

અત્યાર સુધી ભારતમાં જળ માટે સંસ્થાગત એકમો અમુક અંશે છૂટાછવાયા હતા, જેમાં આશરે સાત મંત્રાલય અને ૧૦ કરતા વધુ વિભાગ જળવ્યવસ્થાપન અને ઉપયોગનાં જુદાં જુદાં પાસાંઓ ઉપર કાર્ય કરતા હતા. તેના કારણે તેમની કેટલીક એકબીજાને આવરી લેતી ભૂમિકાઓ અને જવાબદારીઓ નહોતી, પરંતુ સાથે-સાથે કોઈ પણ એકમાત્ર સંસ્થા એવી નહોતી કે જેની પાસે ઘર્ષણના મુદ્દાઓને ઉકેલવા અને જરૂરી નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા હોય.

તેના કારણે આ મંત્રાલય અને વિભાગો કુંઠિત બનીને કાર્ય કરવા લાગ્યા હતા. જયારે નીતિ આયોગે સંકલિત જળ વ્યવસ્થાપન સૂચિની રચના કરી અને તેના આધારે રાજયને ક્રમાંકમાં ગોઠવીને જળના પેટા વિભાગોને એકત્રિત કરવાનું કાર્ય શરૂ કર્યું ત્યારે નવા જળશક્તિ મંત્રાલયની રચના એ સૌથી મોટા શાસનને લગતા સુધારાના રૂપમાં બહાર આવી કે જેની જળ ક્ષેત્રમાં સંકલન ઉપર કાયમી અને હકારાત્મક અસર હંમેશાં જોવા મળશે.

ભારતમાં સંકલિત જળવ્યવસ્થાપન એ અત્યારના સમય કરતાં વધુ ક્યારેય મહત્ત્વનું નહોતું રહ્યું. ભારત જળસંકટની




સ્થિતિમાં પ્રવેશી રહ્યું છે. કેટલાક અંદાજ દર્શાવે છે કે જો આપણે હંમેશાં જેવી જ માનસિકતા સાથે કામ કરવાનું ચાલુ રાખીશું તો ૨૦૩૦ સુધીમાં પાણીની માગ એ પુરવઠા કરતાં બે ફેક્ટર વધી જશે. તેના કારણે ૨૦૫૦ સુધીમાં અંદાજિત ૬% જીડીપીનું આર્થિક નુકસાન થવાની ભીતિ છે અને ચોક્કસપણે આપણી મહત્ત્વની ટકાવારી ધરાવતી વસતિ એવી હશે કે જેમની પાસે પીવાના પાણીની ઉપલબ્ધતા કાં તો મર્યાદિત હશે અથવા તો બિલકુલ નહી હોય.

તાજેતરની સેટેલાઈટ માહિતીઓ પણ દર્શાવે છે કે ભારતના નળ મધ્યમકાળ સુધીમાં સંપૂર્ણ સુકાઈ જશે અને નવી દિલ્હી, બેંગલુરુ, ચેન્નાઈ અને હૈદરાબાદ જેવાં શહેરોમાં ભૂગર્ભનું પાણી પણ તદ્દન ખાલી થઈ જશે.

**પડકારોને પહોંચી વળવાઃ**

જળ ક્ષેત્રોમાં કેટલીક બિનકાર્યક્ષમતાઓના લીધે વરસાદના પાણીના સંગ્રહ, ડહોળા પાણીની પ્રક્રિયા અને તેના પુનઃ ઉપયોગના સંદર્ભમાં કેટલાક પડકારો ઊભા થયા છે. વર્તમાન સમયમાં ભારત તેના વાર્ષિક વરસાદમાંથી માત્ર ૮% પાણી એકઠું કરે છે કે જે વિશ્વમાં સૌથી ઓછું છે. માળખાગત બાંધકામોની જાળવણીનો અભાવ શહેરી વિસ્તારોમાં વધારાના ૪૦% પાઈપલાઈનવાળા પાણીના નુકસાન તરફ દોરી જાય છે. ડહોળા અને ગંદા પાણી ઉપર કરવામાં આવતી પ્રક્રિયા અને તેનો પુનઃ ઉપયોગ લગભગ અસ્તિત્વમાં જ નથી. આદર્શ ઉદાહરણ તરીકે ઇઝરાયલ, એક અન્ય દેશ કે જે પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યું છે, તે તેના વપરાયેલા પાણીનો ૧૦૦% ઉપયોગ કરે છે અને તેમાંથી ૯૪% પાણીને રિસાઈકલ કરે છે. પુનઃ વપરાશવાળા પાણીના માધ્યમથી તેમની સિંચાઈની અડધાથી વધુ જરૂરિયાત પૂરી થાય છે.

જયારે તમામ વસ્તીના ૮૧% વર્તમાન સમયમાં કોઈ ને કોઈ માધ્યમથી પ્રતિદિન ૪૦ લિટર પીવાનું પાણી મેળવી રહ્યા હોવાનો અંદાજ છે ત્યારે ભારતમાં માત્ર ૧૮ થી ૨૦% ગ્રામીણ પરિવારો પાસે જ પાઈપલાઈનવાળા પાણીના પુરવઠાની વ્યવસ્થા છે, જેમ કે નાણાં મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે સરકારની અનેક પ્રાથમિકતાઓમાંની એક એ પણ છે કે ૨૦૨૪ સુધીમાં તમામ ગ્રામીણ પરિવારોને સંતુલિત પદ્ધતિએ પાઈપલાઈન આધારિત પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે. તેના માટે સ્વચ્છ ભારત મિશન—ગ્રામીણ માટે ફાળવવામાં આવેલ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના અંદાજપત્રની સાથે-સાથે જળશક્તિ મંત્રાલય માટે પણ વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગ્રામીણ સ્તરે પીવાનું પાણી પૂરું પાડવા માટે અંદાજે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

જળશક્તિ મંત્રાલય વિકેન્દ્રિત, પરંતુ સંકલિત જળસંસાધન વ્યવસ્થાપન અને સેવા પહોંચ પૂરી પાડશે, જેમાં સમુદાયો કે જે પ્રાથમિક શેરધારકો છે તેમને સહભાગી બનાવીને જળસંચય, સંસાધન સંતુલિતતા, સંગ્રહ અને પુનઃ ઉપયોગ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જળસંવર્ધન માટે વિકેન્દ્રિત

આયોજનની શ્રેષ્ઠ પદ્ધતિઓમાંથી કેટલાક મહત્ત્વના પાઠ શીખવા જેવા છે, જેમ કે હિવારે બજાર, મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં સમુદાય આધારિત પીવાના પાણીનું સ્વજલ મોડલ, તેમની સમીક્ષા કરવાની જરૂર છે.

**જળ શક્તિ અભિયાનઃ**

પાણીની તંગી ધરાવતા વિસ્તારોમાં, ખાસ કરીને અમુક ચોક્કસ બ્લોક્સમાં અને પાણીની ગુણવત્તાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ઉપલા સ્તરના પાણી આધારિત અનેકવિધ ગ્રામીણ યોજનાઓ તૈયાર કરવાની જરૂર છે. જ્યાં ભૂગર્ભનાં પાણીનો જથ્થો વિપુલ માત્રામાં છે તેવા વિસ્તારોમાં એક ગામ, ભૂગર્ભ જળ આધારિત યોજના કે જેમાં સંપૂર્ણ સંસાધન સંતુલિત પગલાંઓ હોય તેને પ્રોત્સાહન અપાવું જોઈએ. આ યોજનાઓમાં પારિવારિક અથવા સમુદાય સંગ્રહના માધ્યમથી વરસાદના પાણીનો સંગ્રહ કરવાની જોગવાઈઓ પણ હોવી જોઈએ. તેનો ઉપયોગ પણ ભૂગર્ભ જળને સિંચવા માટે કરી શકાય.

જળસંગ્રહ અને સંરક્ષણ માટેની અન્ય સ્થાનિક પદ્ધતિઓને પણ પ્રોત્સાહન અપાવું જોઈએ. જળના સંગ્રહ માટે માળખાગત બાંધકામ તૈયાર કરવા માટેનું એક સુંદર ઉદાહરણ મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં જોવા મળ્યું છે. અહીં કૃષિ સમુદાયને આપવામાં આવેલ સરકારી સહાયની મદદથી વૈકલ્પિક સંગ્રહ અને પુરવઠા સંસાધન દ્વારા આ જિલ્લાએ જળ કોઠામાં ૬થી ૪૦ ફૂટનો ઉમેરો કર્યો છે જ્યારે સિંચિત વિસ્તારમાં ૧૨૦-૧૯૦%નો વધારો નોંધાવ્યો છે.

**પ્રત્યેક ઘર જળઃ**

પ્રત્યેક પીવાના પાણીની યોજનામાં જળસંચય માટે અન્ય એક લક્ષ્ય કેન્દ્રિત કરવાની બાબત એ છે કે સ્થાનિક મળ સિવાયનું પાણી, રસોડા અથવા સ્નાન દ્વારા નીકળતું નકામું પાણી કે જેને ગ્રે વોટર પણ કહેવામાં આવે છે કે જે તમામ સ્થાનિક પાણીમાંથી નીકળતી પેદાશોમાં આશરે ૮૦% ભાગ આવરી લે છે તેના ઉપર પાયાગત પ્રક્રિયા અને તેના સંગ્રહ માટે માળખાગત બાંધકામનો વિકાસ થવો જોઈએ. આ બધું કૃષિ ક્ષેત્ર માટે કે જે જળનો ૮૦% ભાગ વાપરે છે તેના માટે આ પાણીને રિસાઈકલ કરવા સાદા કચરા સ્થિરીકરણ તળાવો, નિર્માણ પામેલા વેટલેન્ડ્સ અને તેના જેવાં સ્થાનિક માળખાગત બાંધકામની પરિયોજનાઓના માધ્યમથી કરી શકાય.

કેટલાંક રાજ્ય, જેમ કે ગુજરાત, આશરે છ લાખથી વધુ ખેડૂતો, જેમાંથી ૫૦% નાના અને મધ્યમ સ્તરના છે તેમના સુધી સૂક્ષ્મ સિંચાઈની પદ્ધતિઓ પહોંચાડીને ખેતીના પાણીનો અસરકારક ઉપયોગ કરવામાં દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. આંધ્ર પ્રદેશ સરકાર પણ કૃષિમાં જળની ચોક્સાઈને પ્રાથમિકતા આપી રહી છે. તેના માટે તેણે આગામી પાંચ વર્ષમાં ૪૦ લાખ એકર જમીનને સૂક્ષ્મ સિંચાઈ અંતર્ગત આવરી લેવા માટે ૧૧૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. જો આ પગલાંઓને કૃષિ માટે ગ્રે વોટરના પુનઃ ઉપયોગ સાથે મેળવી દેવામાં આવે તો તે જળસંસાધનોમાંથી ઊઠતી માગમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં પરિણમશે.

**જળ 'સૌના વિષય'' તરીકેઃ**

જળ બાબતે વધુ જાગૃતિ અને બદલાતી માનસિકતાને પ્રાધાન્ય આપવાની જરૂર છે. જળને અસીમ સ્ત્રોત ગણવામાં આવે છે અને પુષ્કળ પ્રમાણમાં વેડફવામાં આવે છે જ્યારે અન્ય કેટલાક દુષ્કાળનો ભોગ બને છે. આંતરિક અને બાહ્ય બંને શેરધારકો માટે વર્તણૂક પરિવર્તન દૂરસંચાર બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન પહેલો એ જળ માટેની માનસિકતાને બદલવા માટે નિર્ણાયક સાબિત થશે. તમામ હિતધારકો, રાજ્ય સરકારોથી લઈને નાગરિકો સુધી તમામને ધ્યાનમાં લેવા પડશે અને રાષ્ટ્રીય સંમતિનું સર્જન કરવું પડશે.

સ્વચ્છ ભારત જેવી પહેલ અને સ્વચ્છતા માટે સ્વચ્છતાગ્રહીઓના મોડલની જેમ પાયાના સ્તર પર જળ માટે પણ આવા જ સ્વયંસેવકોની ટુકડી તૈયાર કરવાનો પ્રયત્ન પરિવર્તન લાવી શકે છે. આ ક્ષેત્રના સત્તાધીશો, સરપંચો અને બ્લોક અને જિલ્લા અધિકારીઓની ક્ષમતાને મજબૂત કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

વિશાળ સમવાય દેશમાં સમગ્રતયા જળવ્યવસ્થાપનની પહોંચ મહત્ત્વની છે. જે રીતે દેશે સ્વચ્છ ભારત મિશનમાં કર્યું તે જ રીતે ભારત છૂટાછવાયાં સંસ્થાનોને એકત્રિત કરીને અને જળસુરક્ષાને સૌને લગતી બાબત બનાવીને રાષ્ટ્રીય જળસુરક્ષા પ્રાપ્ત કરી શકે છે.


લેખક ભારત સરકારના જળશક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સેનિટેશન વિભાગના સચિવ છે.

ઈ-મેલઃ
param.iyer@gov.in

# શહેરી ભારતનું નવપરિવર્તન

દુર્ગા શંકર મિશ્રા




વર્ષ ૨૦૧૯નું અંદાજપત્ર એક દાયકા માટેના તેના ૧૦ પોઈન્ટના વિઝન સાથે ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓના નિર્માણ માટેનો ઉદ્દેશ ધરાવે છે. સરકારે અંદાજપત્રમાં આગામી ૫ વર્ષમાં ભારતની માળખાગત સુવિધાઓમાં રૂ.૧૦૦ લાખ કરોડનું મૂડીરોકાણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. સૌપ્રથમ વખત અંદાજપત્રમાં આગામી ૫ વર્ષની મહેચ્છાઓ વડે ૫ ટ્રિલિયન યુએસ ડોલરના સ્તરે પહોંચવાના ધ્યેય નિર્ધારિત કરવામાં આવ્યો છે. એ દ્વારા ૧૩૦ કરોડ લોકોની આસ્થા, વિશ્વાસ અને આકાંક્ષા પૂરી કરાશે. પ્રધાનમંત્રી આવાસ યોજના - અર્બન હેઠળ મંજૂર કરાયેલા આશરે ૮૪ લાખ જેટલા આવાસોનું રૂ.૫ લાખ કરોડના રોકાણથી નિર્માણ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૯-૨૦ને 'કન્સ્ટ્રક્શન ટેકનોલોજી યર' જાહેર કર્યું છે.

ભારતનું ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૧ની વસતીગણતરી અનુસાર ૩૭.૭ કરોડ લોકો (કુલ વસતીના ૩૧.૨%) લોકો શહેરોમાં વસે છે. વર્ષ ૨૦૩૧ સુધીમાં આ આંકડો વધીને ૬૦ કરોડ થવાનો અને ૨૦૫૧ સુધીમાં ૮૦ કરોડ થવાનો અંદાજ મુકાયો છે. (હાઈ પાવર્ડ નિષ્ણાત સમિતિ-એચપીઈસી, ૨૦૧૧). નાગરિક સેવાઓ પૂરી પાડવામાં ઊણપ પેદા થવાની શક્યતા રહે છે.

મેકેન્ઝીના 'ભારતની શહેરી જાગૃતિઃ સમાવેશી શહેરો, આર્થિક વૃદ્ધિના સાતત્યનું નિર્માણ (૨૦૧૦)' શીર્ષક ધરાવતા 'ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ'ના અહેવાલમાં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે ભારત શહેરોમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટેના મૂડીરોકાણના ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે, જે સમાન સ્તર ધરાવતા અન્ય દેશોમાં માથાદીઠ યુએસ $ ૧૦૦ની તુલનામાં ભારતમાં માથાદીઠ યુએસ $ 17 જેટલા છે.

આ અહેવાલમાં એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં યુએસ $ ૧.૨ ટ્રિલિયનનું રોકાણ (૨૦૦૯-૧૦ની કિંમતોએ રૂ.૫૪ લાખ કરોડ)નું રોકાણ કરવાની જરૂર પડશે. આ રોકાણમાંથી અડધી રકમ પાછલાં વર્ષોનાં બાકી રોકાણો (backlog) પૂરો કરવામાં જ વપરાશે. અહેવાલમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતના શહેરી વિસ્તારો એકંદર જીડીપીનો ૫૮% હિસ્સો ધરાવે છે અને કરવેરાની આવકમાં ૮૦ થી ૮૫%નો હિસ્સો ધરાવે છે.

**શહેરી કાયાકલ્પ માટેનાં મિશન્સઃ**

વર્ષ ૨૦૧૪થી સરકાર શહેરી વિકાસના આયોજિત અને પદ્ધતિસરના કાર્યક્રમો હાથ ધરી રહી છે, જેમાં સમાવેશી, સહભાગી અને સાતત્યપૂર્ણ અભિગમનો સમાવેશ થાય છે. ભંડોળની ફાળવણીમાં વધારો થયો છે અને પ્રધાનમંત્રી મોદીએ આપેલા 'સબકા સાથ સબકા વિકાસ'ના શક્તિશાળી મંત્રથી પ્રેરણા મેળવીને જીવન જીવવામાં આસાનીના નીતિ વિષયક ઝોકને પ્રેરણા મળી છે. આ બાબત સરકારના નીચે દર્શાવેલા ૩ સ્તરના અભિગમમાં જોઈ શકાય છેઃ

- તમામ ૪૩૦૦ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ULBs)માં સ્વચ્છ ભારત મિશન - શહેરી (SBM-U), પ્રધાન મંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) અને દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય



યોજના - નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન્સ (DAY-NULM)નો પ્રારંભ કરાયો છે, જેનો ઉદ્દેશ સ્વચ્છતા, પોસાય તેવાં મકાનો અને શહેરી ગરીબીના નિવારણનો છે. સ્વચ્છ ભારત મિશન (SBM) જેવી યોજનાઓએ 'જન આંદોલન' બનીને નોંધપાત્ર પ્રગતિ તરફ કૂચ કરી છે.

- પાણી પુરવઠાની સાર્વત્રિક ઉપલબ્ધિ અને ગટર વ્યવસ્થા/સેપટેજને આવરી લેવાની નોંધપાત્ર વધારાની કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરાય તે પણ જરૂરી છે. ૫૦૦ શહેરો (૧ લાખથી વધુ વસ્તી ધરાવતા) ને અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ૧૦૦ શહેરોમાં સ્માર્ટ સિટી મિશનનો પ્રારંભ કરીને મુખ્ય માળખાગત સુવિધાઓ અને જીવનની ગુણવત્તા તથા તેને સંબંધિત શહેરી સેવાઓમાં માહિતી અને સંદેશાવ્યવહાર ટેક્નોલોજીના ઉપયોગ વડે સુધારણા હાથ ધરવામાં આવી છે.

**અંદાજપત્રના આધારમાં વધારો:**

શહેરી માળખાગત સુવિધાઓ માટે વધુ ભંડોળની જરૂરિયાતના મહત્ત્વનાં મુદ્દાને અંદાજપત્રિય ફાળવણીમાં નોંધપાત્ર વધારો કરીને હલ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ સુધીના ૧૦ વર્ષની એકત્રીત અંદાજપત્રિય ફાળવણીની તુલનામાં તે પછીનાં ૬ વર્ષ દરમ્યાન એટલે કે ૨૦૧૪ પછી (ચાલુ વર્ષના અંદાજ સહિત) રૂ. ૨,૬૮,૪૫૫ કરોડ જેટલી ફાળવણી કરવામાં આવી છે. અગાઉનાં ૧૦ વર્ષ દરમ્યાન વાર્ષિક સરેરાશ અંદાજપત્રિય ફાળવણી આશરે ૧૫,૮૦૦ કરોડ જેટલી હતી, તેમાં નોંધપાત્ર વધારો થઈને રૂ. ૪૪,૦૦૦ કરોડ કરવામાં આવી છે (એકસ્ટ્રા બજેટરી રિસોર્સીસ-EBRની ફાળવણી સહિત) એટલે કે અંદાજે ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે !

વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઈબીઆરની વ્યવસ્થા દ્વારા અંદાજે રૂ.૨૦,૦૦૦ કરોડની ફાળવણી સહિત રૂ.૪૮,૦૩૨ કરોડની ફાળવણી વિવિધ અર્બન મિશન્સ માટે કરવામાં આવી છે એટલે કુલ ઉપલબ્ધિ રૂ.૬૮,૦૦૦ કરોડની થશે.

૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સરકારે શહેરીકરણને પડકાર નહીં પણ એક તક તરીકે નિહાળીને તેનાં ઉપર ભાર મૂક્યો છે અને મેકેન્ઝીના રિપોર્ટ (૨૦૧૦)માં ભારતના શહેરીકરણથી મોટી તક ઊભી થવાનો ઉલ્લેખ કરાયો છે, કારણ કે વર્ષ ૨૦૩૦ સુધીમાં જીડીપીના ૭૦%, કરવેરાની કુલ આવકના ૮૫% અને નોકરીની ચોખ્ખી નવી તકોમાં ૭૦%નું યોગદાન શહેરોમાંથી પ્રાપ્ત થશે.

| | | | |
|---|---|---|---|
| લોકશાહીની સૌથી મોટી તાકાત જનભાગીદારી છે. સ્વચ્છ ભારત મિશનની સફળતા સરકારના કારણે નથી પણ લોકોના કારણે છે. | મને વિશ્વાસ છે કે એક રાષ્ટ્ર તરીકે અને આપણા એકત્રીત પ્રયાસોથી આગામી ૫ વર્ષમાં આપણે ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રનો મુકામ હાંસલ કરીશું. આ માત્ર સરકારનો જ ઉદ્દેશ નથી પણ દરેક ભારતીયનો છે. | ભારત આગામી બે દાયકામાં શહેરીકરણના સૌથી મોટા ઉછાળાનો અનુભવ કરશે. આ એક પડકાર છે, પરંતુ મોટી જવાબદારી અને તક પણ છે. | આર્થિક ક્ષેત્રના લોકો શહેરોને એક ગ્રોથ સેન્ટર ગણે છે... જો કોઈ પણ બાબતમાં ગરીબી નિવારણની ક્ષમતા હોય તો તે આપણાં શહેરો છે. આ કારણે ગરીબ સ્થળોના લોકો તકો મળશે તેમ શહેરો તરફ સ્થળાંતર કરી જશે, કારણ કે તેમને ત્યાં તકો જણાય છે. |

**- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**

ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે સેતુ સાધીને શહેરો સમાવેશી વિકાસ હાંસલ કરવામાં સહાયરૂપ બને છે. મેકેન્ઝીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૨૦ કરોડ જેટલી ગ્રામીણ વસ્તી કે જે શહેરોની નજીક વસે છે તેને નોકરીઓની પ્રાપ્તિ, બજારો અને શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓનો બહેતર લાભ મળશે. આવા લોકો ગ્રામીણ વિસ્તારમાં વસતા સરેરાશ લોકો કરતાં ઊંચી આવક ધરાવે છે.

**મૂડીરોકાણને પ્રોત્સાહનઃ**

આજ સુધીમાં વર્ષ ૨૦૧૪થી ૧૯ દરમ્યાન આશરે રૂ. ૧૬૨, ૧૬૫ કરોડની એકંદર કેન્દ્રીય સહાય છૂટી કરવામાં આવી છે, જેમાં મુખ્યત્વે મેટ્રો પ્રોજેક્ટ્સ, PMAY-U, AMRUT, SCM અને SBMનો સમાવેશ થાય છે. આમ છતાં સંબંધિત પ્રોજેક્ટ્સના માન્ય કરવામાં આવેલા ખર્ચ મુજબ આ યોજનાઓ હેઠળ રૂ. ૧૦,૪૫,૦૭૬ કરોડનો ખર્ચ થાય તેવું લક્ષ છે, જેમાં રાજ્યના હિસ્સા ULBs/લાભાર્થીઓ અને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારની સહાય શહેરી માળખાગત સુવિધાઓ ઊભી કરવા સાડા ૬ ગણા મૂડીરોકાણનું સર્જન કરે છે. શહેરી વિસ્તારોના વિકાસમાં રૂ.૧૦૦ લાખ કરોડના મૂડીરોકાણના મહત્ત્વના હિસ્સાનો સમાવેશ થાય છે. તેનાથી દેશની જીડીપી અને કરવેરાની આવકને નોંધપાત્ર પ્રમાણમાં ગતિ મળશે.

**મેટ્રો પ્રોજેક્ટ્સઃ**

૨૦૧૯-૧૦ના અંદાજપત્રમાં કનેક્ટિવિટીને દેશના અર્થતંત્રના જીવનરક્ત તરીકે પરિભાષિત કરાઈ છે. સરકારની મેટ્રો રેલ પોલિસી-૨૦૧૭નો ઉદ્દેશ પદ્ધતિસરના આયોજન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને વધુ ખાનગી ભાગીદારી વડે મેટ્રો રેલ સિસ્ટમ સાથે લાસ્ટ માઈલ કનેક્ટિવિટી હાંસલ કરવાનો તેમજ ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ (ટીઓડી) અને લેન્ડ વેલ્યૂ કેપ્ચર ફાઈનાન્સ વગેરે જેવાં નવતર પ્રકારના ધિરાણો મારફતે ભંડોળ મેળવવાનો છે.

વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ૩૦૦ કિ.મી.ના નવા મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજૂરી તથા ૨૦૧૮-૧૯ દરમ્યાન ૨૧૦ કિ.મી.ની મેટ્રો લાઈનને કાર્યરત કરવાનો સમાવેશ થાય છે. આ સાથે દેશનાં ૧૮ શહેરોમાં કુલ ૬૫૭ કિ.મી.ના મેટ્રો રેલ નેટવર્ક કાર્યરત બનશે અને ૨૭ શહેરોમાં ૮૭૩ કિ.મી.ની લાઈનો અમલીકરણના વિવિધ તબક્કે છે.

અંદાજપત્રમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના પ્રયાસો વડે અને મંજૂર થયેલાં કામો પૂરાં કરીને તથા ટ્રાન્ઝિટ ઓરિએન્ટ ડેવલપમેન્ટથી ટ્રાન્ઝિટ હબ નજીક વ્યાપારી પ્રવૃત્તિ દ્વારા મેટ્રો રેલવે નેટવર્કને વિસ્તારવાની દરખાસ્ત કરવામાં આવી છે. દિલ્હીને મિરટ વચ્ચે ૮૨ કિ.મી.ની રૂટ લંબાઈ ધરાવતો પ્રથમ રીજનલ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) કોરિડોર અંદાજે રૂ.૩૦,૨૭૪ કરોડના ખર્ચે સ્થપાશે અને તેનું કામ શરૂ થઈ ગયું છે.

**મેક ઈન ઈન્ડિયાઃ**

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મેટ્રો રેલ સિસ્ટમના સ્વદેશીકરણના પ્રયાસો હાથ ધર્યા છે. મંત્રાલયે જાહેરાત કરી છે કે કોઈ પણ ટેન્ડર હેઠળ મેળવાયેલા ઓછામાં ઓછા ૭૫% કોચનું ભારતમાં ઉત્પાદન થયેલું હોવું જોઈએ. હવે ડ્રાઈવર વગરની અદ્યતન રેલગાડીઓનું ઉત્પાદન જાહેર ક્ષેત્રની કંપની ભારત અર્થ મૂવર્સ લિમિટેડ (BEML) દ્વારા હાથ ધરાશે. આ કંપનીને તાજેતરમાં મુંબઈ મેટ્રો કોરિડોર્સ માટે ૩૭૮ મેટ્રો કારના ઉત્પાદન માટે રૂ.૩,૦૧૫ કરોડનો ઓર્ડર મળ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રો રેલ કોચના મળેલા ઓર્ડરમાં આ સૌથી મોટો ઓર્ડર છે.

**વન નેશન વન કાર્ડઃ**

માર્ચ-૨૦૧૯માં પ્રધાનમંત્રી દ્વારા સ્વદેશી ધોરણે વિકસાવાયેલી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાના પેમેન્ટ માટે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ બહાર પાડવામાં આવ્યું હતું જેનો ઉલ્લેખ અંદાજપત્રના પ્રવચનમાં કરાયો હતો. આમાં ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ (AFCS) અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)નો સમાવેશ થાય છે અને એ દ્વારા 'વન નેશન વન કાર્ડ'નો પાયો નંખાયો છે. આ કાર્ડ તમામ પ્રકારની પરિવહન વ્યવસ્થાઓ અને રિટેલ સિસ્ટમમાં વાપરી શકાશે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય આ સિસ્ટમ દ્વારા ભારત ભારે નિકાસ ક્ષમતા ધરાવતી સંપૂર્ણ પેમેન્ટ વ્યવસ્થામાં જોડાયું છે.

**સ્વચ્છ અને વધુ તંદુરસ્ત ભારતઃ**

અંદાજપત્રમાં સ્વચ્છ ભારત મિશન-અર્બન (SBM-U) હેઠળ હાંસલ થયેલ નોંધપાત્ર પ્રગતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં ૨૪ રાજ્ય અને ૯૫%થી વધુ શહેરોને ખુલ્લામાં હાજતથી મુક્ત (ODF) જાહેર કરવામાં આવ્યાં છે. ઘનકચરાના નિકાલ માટે દેશના ૯૦% વોર્ડને ડોર-ટુ-ડોર કલેક્શન વડે આવરી લેવાયા છે. ૫૬% કચરાને વૈજ્ઞાનિક ધોરણે પ્રોસેસ કરાય છે.

વર્ષ ૨૦૧૮-૧૯ના આર્થિક સર્વેક્ષણમાં સેનિટેશનની સુધારેલી વ્યવસ્થાની આરોગ્યના નિર્દેશકો (Index) પર પડેલી અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને એવો અહેવાલ અપાયો છે કે ખુલ્લામાં હાજતથી મુક્ત વ્યવસ્થાના કારણે ઝાડા અને મેલેરિયાના કેસમાં ઘટાડો થયો છે. ઘરે ટોઈલેટ હોવાના કારણે ગરીબમાં ગરીબ લોકોના નાણાકીય ખર્ચમાં ૨.૪ ગણો ઘટાડો થયો છે. વિશ્વ બેંકના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અપૂરતું સેનિટેશન ભારતના ખર્ચમાં જીડીપીના ૬.૪% જેટલો વધારો કરે છે. આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયે ભારત જ્યારે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરનાર છે ત્યારે તા.૨ ઓક્ટોબર, ૨૦૧૯ પહેલાં ભારતને ખુલ્લામાં હાજતથી મુક્ત કરવાની કટિબદ્ધતા જાહેર કરી છે.

**હર ઘર જલઃ અમૃતઃ**

નીતિ આયોગના જણાવ્યા પ્રમાણે ભારતની આશરે ૫૦% વસ્તી પાણીની ઊંચીથી માંડીને અત્યંત તંગીનો અનુભવ કરી રહી છે. જળસુરક્ષા માટે જળશક્તિ મંત્રાલયના જળ જીવન મિશનને સાતત્ય જળવાય તે રીતે પાણી પુરવઠા મેનેજમેન્ટની અન્ય યોજનાઓ સાથે ભેળવી દેવામાં આવશે.

જૂન-૨૦૧૫માં ૫૦૦ શહેરોમાં અમૃત યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોજનાનો ઉદ્દેશ પાણી પુરવઠાનું સાર્વત્રિક કવરેજ અને ગટર તથા સેપ્ટેજ કવરેજને ૩૧% થી વધારીને ૬૨% સુધી લઈ જવાનો છે. આ યોજના હેઠળ તમામ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ માટે સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યા છે અને તે માટે રૂ. ૭૭,૬૪૦ કરોડ મંજૂર કરાયા છે તથા રૂ. ૬૪,૭૬૧ કરોડના પ્રોજેક્ટ્સ બાંધકામ હેઠળ છે. આ પ્રોજેક્ટમાંથી રૂ.૪,૧૬૩ કરોડના પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે. અત્યાર સુધીમાં ૫૮.૫૨ લાખ પાણીનાં નળ અને ૩૬.૯૬ લાખ ગટર જોડાણોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

**જળસંરક્ષણને પ્રોત્સાહનઃ**

મંત્રાલયે જળસંરક્ષણના અભિયાનને જળ આંદોલનનું સ્વરૂપ આપવા માટે જળશક્તિ અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ અભિયાન હેઠળ નીચેની બાબતો પર ઝોક દાખવવામાં આવશેઃ

(અ) રેઈન વોટર હાર્વેસ્ટિંગ

(બ) શુદ્ધ કરાયેલ પાણીનો ફરીથી ઉપયોગ

(ક) જળાશયનો કાયાકલ્પ

(ડ) વૃક્ષારોપણ

૭૫૬ ULBsને પાણીની તંગીવાળા વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગનું માળખું ઊભું કરવા માટે બિલ્ડિંગ - બાયલોઝ ઘડવા તથા શુદ્ધ કરાયેલ પાણીનો ફરી ઉપયોગ કરવા અને ઓછામાં ઓછા એક જળાશયને પુનઃજીવિત કરવા માટે તથા વૃક્ષારોપણ કરવા માટે પ્રોત્સાહિત કરાયા છે.

**ઊર્જા બચતઃ**

અમૃત યોજના હેઠળ સાતત્યપૂર્ણ ઊર્જા પ્રાપ્તિ માટે ૬૨ લાખ સ્ટ્રીટ લાઈટનું એલઈડી લાઈટમાં રૂપાંતર કરવામાં આવ્યું છે, જેના પરિણામે કાર્બન છૂટવાના પ્રમાણમાં ૧૦.૮૫ લાખ ટન જેટલો ઘટાડો થશે.

**સ્માર્ટ સિટી મિશનઃ**

સ્માર્ટ સિટી મિશનના કારણે શહેરો વચ્ચે વધુ સ્માર્ટ બનવાની અને બહેતર ગુણવત્તા ધરાવતા જીવન માટે મહત્ત્વાકાંક્ષી ભારતનો પાયો નાખવાની સ્પર્ધા ચાલી છે. આગામી ૫ વર્ષમાં રૂ.૨,૦૫,૦૧૮ કરોડના ખર્ચે ૫૧૫૧ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. આમાંના ૬૫% પ્રોજેક્ટ્સ અમલીકરણના વિવિધ તબક્કામાં છે. કેટલાક નવતર પ્રકારના પ્રોજેક્ટમાં બાઈક શેરીંગ, સ્માર્ટ સોલર એનર્જી, સ્માર્ટ પોલ્સ, સ્માર્ટ વોટર મીટર્સ, ઈન્ટિગ્રેટેડ સ્માર્ટ ટ્રાફિક/ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

**વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌના માટે આવાસની યોજનાઃ**

પ્રધાનમંત્રી આવાસ યોજના-અર્બન (PMAY-U) હેઠળ રૂ.૫ લાખ કરોડના ખર્ચે ૮૪ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવશે, જેમાંથી ૪૮ લાખથી વધુ આવાસોનું નિર્માણ શરૂ થઈ ચૂક્યું છે. ૨૬ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ થયું છે અને લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા છે. નવી ટેક્નોલોજિસનો ઉપયોગ કરીને ૧૩ લાખથી વધુ આવાસોનું બાંધકામ કરાયું છે. ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ-ઈન્ડિયા (GHTC-I) મારફતે સરકારે દુનિયાભરમાંથી ૫૪ ઉત્તમ ઉપલબ્ધ બાંધકામ ટેક્નોલોજિસની પસંદગી કરી છે. આ ટેક્નોલોજિસનો ઉપયોગ કરીને ૬ લાઈટ હાઉસ પ્રોજેક્ટ્સનો ઓપન લેબોરેટરી તરીકે ટૂંક સમયમાં પ્રારંભ થશે. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૯-૨૦ને 'કન્સ્ટ્રક્શન ટેકનોલોજી યર' જાહેર કર્યું છે.

ભાડાનાં મકાનની જંગી માગ છે. સરકાર મોડલ ટેનન્સી લૉ ઘડી રહી છે,

જેને રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પરિપત્રિત કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં પોસાય તેવા પ્રથમ ઘરની ખરીદીમાં વ્યાજની ચુકવણીની મુક્તિ મર્યાદા વધારવામાં આવી છે. રૂ.૪૫ લાખ સુધીનો ખર્ચ ધરાવતાં મકાનમાં જો રૂ.૨ લાખથી માંડીને રૂ.૩.૫ લાખ સુધીની વ્યાજ ચુકવણીમાંથી મુક્તિ તથા મકાનના વેચાણની રકમનું સ્ટાર્ટ-અપ બિઝનેસમાં રોકાણ કરવામાં આવશે તો કરવેરાની કોઈ જવાબદારી રહેશે નહીં.

હાલમાં નેશનલ હાઉસિંગ બેંક (NHB) રિ-ફાઈનાન્સર અને ધિરાણ આપનાર ઉપરાંત હાઉસિંગ ફાઈનાન્સ ક્ષેત્રના રેગ્યુલેટર તરીકે પણ કામ કરે છે. કાર્યક્ષમ નિયમનના કારણે હાઉસિંગ ક્ષેત્રની વૃદ્ધિને વેગ મળે છે અને એકબીજા સાથે વિરોધ ધરાવતા આદેશો દૂર થાય છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે તેમના પ્રવચનમાં હાઉસિંગ ફાઈનાન્સ ક્ષેત્ર માટેની નિયમન ઓથોરિટી નેશનલ હાઉસિંગમાંથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં પરત લાવવાનો ઉલ્લેખ કર્યો છે.

### જીવન જીવવામાં આસાનીઃ

આવાસ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮માં સૌપ્રથમ 'ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ' જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ૧૧૧ શહેરને આવરી લેવામાં આવ્યાં હતાં. આ મંત્રાલયે તાજેતરમાં 'ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ-૨૦૧૯'ના માળખાની આકારણી હાથ ધરી છે. વિશ્વબેંકના 'ડુઈંગ બિઝનેસ રિપોર્ટ-૨૦૧૯'માં ભારતના કન્સ્ટ્રક્શન પરમિટ બાબતે બિઝનેસ કરવામાં આસાનીનું રેન્કિંગ વર્ષ ૨૦૧૮માં ૧૮૧ હતું તે સુધારીને ૫૨ કરાયું છે એટલે કે ૧૨૯ પોઈન્ટનો વિક્રમ કૂદકો લગાવાયો છે. અત્યાર સુધીમાં ૪૩૯ અમૃત શહેરો સહિત ૧૭૦૫ શહેરોમાં ઓનલાઈન બિલ્ડિંગ પરમિશન સિસ્ટમ (OBPS) અમલમાં મૂકવામાં આવી છે.

### ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહનઃ

વર્ષ ૨૦૧૯-૨૦ના કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં સરકાર દ્વારા ડિજિટલ ચુકવણીઓની સ્વીકૃતિ અને પ્રોત્સાહનનો ઉલ્લેખ કરાયો છે. આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયે સફળતાપૂર્વક વેબ આધારિત PFMSને અંદાજે ૧૦૦% જેટલું ડિજિટલાઈઝ કરવાનો પ્રયાસ કર્યો છે અને તેની તમામ ચુકવણીઓ (અંદાજે વાર્ષિક રૂ.૬૦ હજાર કરોડ જેટલી) દેશમાં પ્રસરેલી ૫૦૦થી વધુ ઓફિસો દ્વારા કરવામાં આવશે. તમામ સરકારી નાણાં સ્વીકારવાની પદ્ધતિઓને ડિજિટલાઈઝ કરવામાં આવી છે. મંત્રાલયે તમામ નાણાકીય વ્યવહારોને કેશલેસ કરવાના ડિજિટલ ઈન્ડિયા મિશનના ઉદ્દેશને હાંસલ કર્યો છે.

### આગળનો પંથઃ

ભારત સરકાર શહેરી વિસ્તારોને જીવન જીવવામાં આસાની, પ્રતિભાવ આપતા શાસન, ચોખ્ખુ અને પર્યાવરણલક્ષી વાતાવરણ, ઝડપી આર્થિક વિકાસ અને નાગરિકો માટે રોજગારીની તકો માટેના વિસ્તારોમાં રૂપાંતરિત કરવા માટે કટિબદ્ધ છે. આપણે શહેરોના ભાવિનું નિર્માણ કરી રહ્યા છીએ. આપણે ઘનિષ્ટ, સમાવેશી, સહભાગી અને ડેટા આધારિત અભિગમ વડે શહેરી પરિવર્તનમાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. સ્માર્ટ સિટીમાંથી આપણે જે શીખ્યા છીએ તેના આધારે અને આપણાં તમામ મિશન વડે રાષ્ટ્રના નૂતન ભારતના ૫ ટ્રિલિયન યુએસ ડોલરના વિઝન તરફ આગળ વધીશું.

### સંદર્ભોઃ


૧) Mckinsey Global Institute (2010). India's urban awakening: Building inclusive cities, sustaining economic growth. McKinsey & Company.

૨) MoUD (2011). Report on Indian Infrastructure and Services, Report of High Powered Expert Committee (HPEC) for Estimating Investment Requirements for Urban Infrastructure Services, Ministry of Urban Development (MoUD), Govt. of India.

3) Union Budget 2019-20. Ministry of Finance, Government of India.

4) Debroy B. Ganguly A, Desai K 2018. Making of New India: Transformation under Modi Government, Wisdom Tree.

5) Debroy B, Malik A (2017) India@70: Capturing India's transformation under Narendra Modi, Wisdom Tree.



લેખક ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ છે.

ઈ-મેલઃ
secyurban@nic.in

# શૈક્ષણિક સુધારાઓના માધ્યમથી નવભારતનું નિર્માણ

આલોક કુમાર, સારાહ આઈપ અને ઉર્વશી પ્રસાદ



શિક્ષણ એ સંતુલિત વિકાસના મુખ્ય પાયામાંનું એક છે. આ બાબત બંધારણીય અને વિધેયક સુધારાઓ, કેન્દ્રીય અને રાજ્યની યોજનાઓ અને મુખ્ય અંદાજપત્રની જાહેરાતોમાં સાબિત થાય છે. સરકારે શિક્ષણને પદ્ધતિસર પરિવર્તિત કરવા માટે લોકો દ્વારા સૂચનો મેળવવા માટે જાહેર ક્ષેત્રમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિનો એક મુસદ્દો બહાર પાડ્યો છે. વર્ષ ૨૦૦૦ના મિલેનિયમ અંદાજપત્રથી લઇને શિક્ષણ ઉપર કરવામાં આવતો ખર્ચ ૫૬૩૫ કરોડ રૂપિયાથી લઈને ૨૦૧૯-૨૦ના કેન્દ્રીય અંદાજપત્રમાં ૯૪,૮૫૩.૬૪ કરોડ રૂપિયા સુધી વધીને તેમાં આશરે ૧૭ ગણો વધારો થયો છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં ન્યાયસંગતતા, પહોંચ અને ગુણવત્તા સુધારવા માટે ભારત સરકાર દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષથી મોટા સુધારાની શરૂઆત કરવામાં આવી છે. શાળાકીય શિક્ષણ ના ક્ષેત્રમાં સરકારે એકંદરે ઓછાં શૈક્ષણિક પરિણામોના પડકારોને પહોંચી વળવા માટે મહત્ત્વનાં પગલા ભર્યાં છે. ઉચ્ચ શિક્ષણમાં નવા અગ્રણી સંસ્થાનોની સ્થાપના કરવા ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે અને આ રીતે સ્વતંત્રતા બાદ ઈતિહાસમાં કરવામાં આવેલ અત્યાર સુધીનું આ પ્રકારનું સૌથી મોટું વિસ્તૃતીકરણ છે. ગુણવત્તાની ખાતરી કરવા માટે ઉચ્ચ શિક્ષણ નિયામક પરિદશ્યના પુનઃનિર્માણનો સચેત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વર્ષ ૨૦૦૦ના મિલેનિયમ અંદાજપત્રથી લઇને શિક્ષણ ઉપર કરવામાં આવતો ખર્ચ ૫૬૩૫ કરોડ રૂપિયાથી લઈને ૨૦૧૯-૨૦ના કેન્દ્રીય અંદાજપત્રમાં ૯૪,૮૫૩.૬૪ કરોડ રૂપિયા સુધી વધીને તેમાં આશરે ૧૭ ગણો વધારો થયો છે. કુલ શિક્ષણ અંદાજપત્રમાં ૫૬,૫૩૬.૬૩ કરોડ રૂપિયા શાળાકીય શિક્ષણ માટે જ્યારે ૩૮,૩૧૭.૦૧ કરોડ રૂપિયા ઉચ્ચ શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે. આ બાબત દર્શાવે છે કે ૨૦માં શાળાકીય શિક્ષણ માટે વર્ષથી વર્ષનો ૧૨.૮%નો વધારો અને ઉચ્ચ શિક્ષણ માટે અંદાજપત્રની ફાળવણીમાં વર્ષથી વર્ષનો ૧૪.૩%નો વધારો થયો છે.

**શાળાકીય શિક્ષણઃ**

૨૦ વર્ષ પાછળ જઈએ તો સરકારી નીતિ એ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી હતી કે દરેક બાળક સુધી શાળાની પહોંચ હોય. સૌના માટે શિક્ષણની પહેલમાં સર્વ શિક્ષા અભિયાન કે જે શિક્ષણના અધિકારનો એક ભાગ હતું અને મધ્યાહ્ન ભોજનને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થતો હતો. આ પ્રયાસોને સફળતા મળી હતી. ૨૦૧૪-૧૫માં પ્રાથમિક સ્તરે સમગ્ર ભારતમાં કુલ દાખલાની સરેરાશ અસરકારક રીતે ૯૯.૮૯% સુધી પહોંચી ગઈ હતી. વર્તમાન સમયમાં ભારતીય શાળા શિક્ષણ પરિદશ્યમાં આશરે ૮૯ લાખ શિક્ષકો સહિત ૧૫ લાખ શાળાનો સમાવેશ થાય છે કે જે ૨૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓની વસ્તીને સેવા પૂરી પાડી રહ્યા છે.

૨૦૧૯-૨૦ માટેના શિક્ષણ અંદાજપત્રમાં શાળાકીય શિક્ષણ માટે આશરે ૬૦% ફાળવવામાં આવ્યા છે, જેમાં રાષ્ટ્રીય શિક્ષણ અભિયાન અને મધ્યાહ્ન ભોજન કાર્યક્રમનો સમાવેશ થાય છે. પુનરાવર્તિત અંદાજ (Revised Estimate - RE) ૨૦૧૮-૧૯ની




સરખામણીએ રાષ્ટ્રીય શિક્ષણ અભિયાન માટે કરવામાં આવેલ ફાળવણીમાં ૧૮.૨%નો વધારો અને અગાઉના વર્ષની સરખામણીએ મધ્યાહ્‌ન ભોજન કાર્યક્રમમાં ૧૦.૫%નો વધારો થયો છે.

એક તરફ જ્યારે જાહેર ખર્ચ અને નીતિગત પ્રયાસોમાં સુધારો થયો છે ત્યારે બીજી બાજુ તેઓ તેટલી જ માત્રામાં શૈક્ષણિક પરિણામોમાં નથી મેળવી શક્યા. શૈક્ષણિક અહેવાલનો વાર્ષિક દરજ્જા (Annual Status of Education Report - ASER) ની માહિતીમાં છેલ્લાં ૧૦ વર્ષમાં પ્રાથમિક શિક્ષણમાં ૯૫%થી વધુ દાખલ થયા હોવાનું દર્શાવે છે. વર્ષ ૨૦૧૮માં શૌચાલય ધરાવતી શાળાઓની સંખ્યા ૬૬.૪% સુધી પહોંચીને લગભગ બમણી થઈ ગઈ છે. આમ છતાં, ધોરણ-૩નાં બાળકો કે જેઓ ધોરણ-૨નાં પુસ્તકો વાંચી શકે તેમની ટકાવારી માત્ર ૬% સુધી વધી છે; જે અગાઉ ૨૦૧૩માં ૨૧.૬% થી લઈને ૨૦૧૮માં ૨૭.૨% છે. શૈક્ષણિક ક્રાંતિની તાતી જરૂરિયાત છે.

ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે જેમાં સંતુલિત વિકાસના ચોથા લક્ષ્યનો પણ સમાવેશ થાય છે. ડ્રાફ્ટ રાષ્ટ્રીય શિક્ષણનીતિની પરિકલ્પના આ મુજબ છેઃ ‘ભારત કેન્દ્રી શિક્ષણપદ્ધતિ કે જે સૌને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડીને પ્રત્યક્ષપણે આપણી રાષ્ટ્રીય સંતુલિતતાને ન્યાયસંગત અને ગતિશીલ જ્ઞાન સમાજમાં પરિવર્તિત કરવા માટે યોગદાન આપે.’ પ્રારંભિક તબક્કાનું બાળશિક્ષણ, પાયાગત સાક્ષરતા અને આંકડાકીય સાક્ષરતા, અભ્યાસક્રમને લગતા સુધારાઓને મજબૂત બનાવવા ઉપર એકલક્ષિત ધ્યાન એ નવભારતના નિર્માણ માટે નિર્ણાયક છે.

શિક્ષણને સંકલિત કરવાની અંદાજપત્રની દરખાસ્તના પરિણામે પ્રાથમિક શાળાથી લઈને ધોરણ-૧૨ સુધી સમગ્ર ક્ષેત્રને સુસંવાદિત બનાવવા માટે સમગ્ર શિક્ષણની શરૂઆત કરવામાં આવી. આ પહેલ કે જેમાં સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન જેવી અનેક યોજનાઓનો સમાવેશ થાય છે. તે સરકારના તમામ સ્તર પર શિક્ષણ વિભાગ અને અમલીકરણ તંત્ર વચ્ચે વધુ સુમેળ સ્થાપિત કરવામાં સહાયક બનશે.

નીતિ આયોગ અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી – MHRD)એ શાળાકીય શિક્ષણમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદર્શન ઉપર સતત દેખરેખ રાખવા અને તેમનું મૂલ્યાંકન કરવા મુખ્ય સૂચકાંક શોધી કાઢ્યા છે. આ સૂચકાંક શૈક્ષણિક પરિણામો, પહોંચ, ન્યાયસંગતતા, માળખાગત બાંધકામ અને શાસન વ્યવસ્થાને આવરી લે છે. એમએચઆરડીના પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (Performance Grading Index - PGI)ના માધ્યમથી એક નિયમિત પ્રદર્શન સમીક્ષા રજૂ કરવામાં આવશે અને નીતિ આયોગના શાળા શિક્ષણ ગુણવત્તા ઈન્ડેક્સમાં રેન્કિંગ પ્રદર્શિત કરવામાં આવશે. તેનાથી રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગોને તમામ નીતિગત સુધારાઓમાં રહેલી મજબૂત અને નબળાં ક્ષેત્રોને ઓળખી કાઢવામાં સહાય મળશે. મંત્રાલયના પ્રથમ પીજીઆઈ અહેવાલમાં દર્શાવ્યા અનુસાર પ્રદર્શન સાથે સંકળાયેલ ભંડોળ એ નક્કર પરિવર્તનો લાવવા માટે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે નિર્ણાયક સાબિત થશે.

નીતિ આયોગ શિક્ષણમાં માનવ મૂડીમાં પરિવર્તન લાવવા માટેનાં સંતુલિત પગલાંઓ (પ્રોજેક્ટ સાથ – ઈ)માં (Sustainable Action for Transforming Human Capital in Education - Project SATH-E) શૈક્ષણિક અને વહીવટી સુધારાઓના માધ્યમથી પદ્ધતિસર પરિવર્તન લાવી રહ્યું છે. ઝારખંડ, ઓડિશા અને મધ્ય પ્રદેશ સરકારની ભાગીદારી સાથે અમલીકૃત આ પ્રોજેક્ટ શાળા શિક્ષણની ઈકો સિસ્ટમને આ મુજબ પરિવર્તિત કરી રહ્યો છેઃ

- સમગ્ર રાજ્યમાં શિક્ષણવૃદ્ધિ કાર્યક્રમોના માધ્યમથી અસરકારક શાળા એકમોની ખાતરી કરીને
- શાળા એકીકરણ અને વિલીનીકરણ
- શિક્ષકોનું બૌદ્ધીકરણ
- સંસ્થાગત પુનઃસ્થાપન
- ડિજિટલ નવીનીકરણના માધ્યમથી તંત્રમાં પારદર્શકતા અને જવાબદારી વધારીને

પ્રત્યેક રાજ્યમાં કરવામાં આવેલ તપાસે લક્ષિત દખલગીરીઓ સાથેનો એક રોડમેપ તૈયાર કરવામાં મદદ કરી છે. સાથ-ઈનો ‘પરિવર્તનનો સિદ્ધાંત’, તેના

પડકારો અને સફળતાઓની સાથે માપી શકાય તેવા મોડલ તરીકે દસ્તાવેજીકૃત કરવામાં આવશે કે જેને સમગ્ર દેશમાં લઈ જઈ શકાય.

ભારત દ્વારા ૨૦૨૧માં પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ એસેસમેન્ટ (Programme for International Students Assessment - PISA)માં ભાગ લેવાનો નિર્ણય; ગ્રામીણ સ્તરે હાથ ધરવામાં આવી રહેલ અનેકવિધ નવીનીકરણના પ્રયોગો અને સાથે-સાથે વાસ્તવિક સમયમાં માહિતી એકત્રીકરણ તરફ વિશ્વના સૌથી વિશાળતમ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમમાંના (Unified District Information System on School Education)ને સુધારવા માટેનાં પગલાં વગેરે મજબૂત સંકેતો દર્શાવે છે કે દેશ શાળા તંત્રની સફળતાની ખાતરી કરવા માટે સાચા પગલા ભરી રહ્યો છે.

**ઉચ્ચ શિક્ષણ:**

ભારતનું ઉચ્ચ શિક્ષણ એ યુવાનોની હંમેશાં વધતી મહત્ત્વાકાંક્ષાઓને પહોંચી વળવાની વિસ્તૃત પહોંચ વધારવાના અને સ્નાતકો ઉત્પાદક કાર્યદળનો હિસ્સો બને તેની ખાતરી કરવા માટે ગુણવત્તા જાળવી રાખવાના બમણા બોજમાં જકડાયેલું છે.

- ભારતમાં હાલ ૮૬૪ યુનિવર્સિટી સ્તરનાં સંસ્થાનો છે,
- ૪૦,૦૨૬ કોલેજ અને ૧૧,૬૬૯ સ્ટેન્ડ અલોન સંસ્થાન.
- યુનિવર્સિટી સ્તરનાં સંસ્થાનની સંખ્યા ૨૫% જેટલી વધી છે
- છેલ્લાં પાંચ વર્ષમાં કોલેજોની સંખ્યા આશરે ૧૩% જેટલી વધી છે.
- ઉચ્ચ શિક્ષણ જીઈઆર (૧૮-૨૩ વર્ષના વયના જૂથ માટે ગણવામાં આવેલ) ૨૦૦૫-૦૬માં ૧૧.૫%થી વધીને ૨૦૧૬-૧૭માં ૨૫.૨% થયો છે.
- આપણે વિશ્વ સરેરાશમાં ૩૩% પાછળ છીએ અને તે પણ બ્રાઝિલ (૪૬%) અને ચીન (૩૦%) જેવાં તુલનાત્મક અર્થતંત્રની સરખામણીમાં
- ગુણવત્તા અને સ્નાતકોની રોજગારી એ પડકારો રહ્યા છે.

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોમાં પ્રવેશ વધારવા માટે કેટલાંક પગલાં લેવામાં આવ્યા છે, જેમાં મુક્ત અને દૂરવર્તી શિક્ષણ માટે નવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નિયમનો લાગુ કરવા કે જે ખ્યાતનામ સંસ્થાનોને દૂરવર્તી શિક્ષણના માધ્યમથી પ્રવેશ આપવાની અને કેન્દ્ર દ્વારા ભંડોળ મેળવતા સંસ્થાનોના વિસ્તૃતીકરણની પરવાનગી આપે તેનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (રુસા)ના માધ્યમથી સંસ્થાન સ્થાપવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ યોજનાના મુખ્ય ઘટકો નીચે મુજબ છે:

- સ્વાયત્ત સંસ્થાનોનું યુનિવર્સિટીમાં અપગ્રેડશન
- યુનિવર્સિટી સ્થાપવા માટે કોલેજોનું એકત્રીકરણ
- સેવા ના પહોંચી હોય તેવા વિસ્તારમાં નવી વ્યાવસાયિક કોલેજોની સ્થાપના
- ક્ષમતાસુધારણા માટે યુનિવર્સિટી અને કોલેજોને માળખાગત બાંધકામ માટે ગ્રાન્ટ પૂરી પાડવી
- રુસા (RUSA - ૨૦૧૭-૨૦)ના બીજા તબક્કા દરમિયાન ગુણવત્તામાં વધારાને પ્રાથમિકતા આપવામાં આવી છે અને સાથે જ નીતિ આયોગ દ્વારા ઓળખી કાઢવામાં આવેલા મહત્ત્વાકાંક્ષી જિલ્લામાં પહોંચ અને ગુણવત્તાને લગતા પ્રશ્નોને પણ સંબોધવામા આવશે.

સરકારે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (National Assessment and Accreditation Council - NAAC)માં પણ કેટલાક સુધારા હાથ ધર્યા છે. સ્વ-મૂલ્યાંકન, માહિતી એકત્રીકરણ અને ત્રીજા પક્ષ દ્વારા મૂલવણી તેમજ તટસ્થ સહકર્મી સમીક્ષા ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવા એક સ્વાયત્ત અને સ્વ-નિયામક રાષ્ટ્રીય પરીક્ષણ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે અને આ રીતે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (Central Board of Secondary Education) જેવી સંસ્થાઓને પ્રવેશ પરીક્ષાઓની તેમની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવી છે અને સાથે-સાથે પદ્ધતિ વિજ્ઞાનમાં વધુ માનાંકીકરણ અને વિશ્વસનીયતાની ખાતરી કરવામાં આવી છે.

એક ત્રીજા સ્તરની સ્વાયત્ત નિયામક વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જેમાં એનએએસી દ્વારા સંસ્થાઓને આપવામાં આવેલા એક્રેડિટેશન સ્કોર અથવા અન્ય પેનલમાં મૂકવામાં આવેલ એક્રેડિટેશન સંસ્થા દ્વારા અથવા પ્રખ્યાત વિશ્વ રેન્કિંગમાં તેમની હાજરીના આધારે સંસ્થાનોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. શ્રેણી-૧ અને શ્રેણી-૨ની યુનિવર્સિટી પાસે મહત્ત્વની સ્વાયત્તત્તા હશે. તે જ રીતે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને કોલેજ માટે

એક્રેડિટેશન સ્કોરના આધારે સ્વાયત્તતાની મંજૂરી આપવા માટે નવા નિયમનો જાહેર કર્યાં છે. આ કોલેજોને પરીક્ષાઓ યોજવાની, મૂલ્યાંકન વ્યવસ્થા નક્કી કરવાની અને પરિણામો જાહેર કરવાની પણ સત્તા હશે પરંતુ તેમને ડિગ્રી આપવાની પરવાનગી નહિ હોય.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)ને વધુ સત્તા આપવા માટે ૧૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ સંસદના બંને સદન દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) બિલ પસાર કરવામાં આવ્યું. આઈઆઈએમનું હવે એક બોડી કોર્પોરેટ તરીકે ગઠન કરવામાં આવશે અને એક બોર્ડ દ્વારા કે જેમાં એલ્યુમ્ની પણ સમાવિષ્ટ હશે તેમના દ્વારા સંચાલન કરવામાં આવશે. આ બોર્ડ પાસે વહીવટ, અભ્યાસક્રમ ડિઝાઇન અને ડિગ્રી આપવાને લગતી બાબતોમાં નિર્ણય લેવાની સત્તા હશે. આઈઆઈએમ ડિપ્લોમાના બદલે એમબીએની ડિગ્રી આપી શકશે.

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા તેમના અંદાજપત્ર વક્તવ્ય ૨૦૧૯-૨૦માં દર્શાવ્યા અનુસાર યુજીસી કાયદો, ૧૯૫૬ને રદ કરવા માટે ભારતીય ઉચ્ચ શિક્ષણ કમિશન (Higher Education Commission of India - HECI) વિધેયક ઘડવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણનું નિયમન કરવા માટે આ વિધેયક વધુ મુક્ત, પરિણામ અને એક્રેડિટેશન આધારિત નિયામક તંત્ર બનાવવાની દરખાસ્ત મૂકે છે.

આપણે ક્યુએસ QS વિશ્વ યુનિવર્સિટી રેન્કિંગમાં ભારતનાં ત્રણ સંસ્થાનોના સમાવેશને જોયો છે: આઈઆઈટી - બોમ્બે, આઈઆઈટી - દિલ્હી અને આઈઆઈએસસી. "વિશ્વ કક્ષાનાં સંસ્થાનો"નું નિર્માણ કરવા માટે ૨૦૧૯-૨૦માં ૪૦૦ કરોડ રૂપિયાની કુલ રકમ ફાળવવામાં આવી છે કે જે ૨૦૧૮-૧૯ REમાં ફાળવવામાં આવેલ ૧૨૮.૯૦ કરોડ રૂપિયાની રકમની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ છે.

'ભારતમાં અભ્યાસ કરો' નામનો એક કાર્યક્રમ વિદેશી વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોમાં અભ્યાસ કરવા આકર્ષવા માટે અને ભારતને "ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર" બનાવવા માટે શરૂ કરવામાં આવ્યો છે. ભારતીય યુનિવર્સિટીઓમાં મુલાકાતી અધ્યાપક તરીકે આંતરરાષ્ટ્રીય તજજ્ઞોને આકર્ષવા માટે શૈક્ષણિક નેટવર્કની વૈશ્વિક પહેલ (Global Initiative of Academic Networks) વિકસિત કરવામાં આવી છે.

સુધારેલા અંદાજ ૨૦૧૮-૧૯માં રહેલા ૨૪૩.૬ કરોડ રૂપિયાની સરખામણીએ આ વખતે ૬૦૮.૮૭ કરોડ રૂપિયાની ફાળવણી સાથે સંશોધન અને નવાચારને મુખ્ય પ્રાથમિકતા આપવામાં આવી છે. વૈશ્વિક કક્ષાનાં સંસ્થાનોનું નિર્માણ કરવા માટે સંશોધન પરિણામ અને અવતરણો મહત્ત્વપૂર્ણ છે. સરકારે ઇન્સ્ટિટયૂશન્સ ઓફ એમિનન્સની સ્થાપના કરી છે, સેન્ટર ઓફ એક્સલન્સની રચના કરી છે અને જાહેર ખાનગી સંશોધન અને વિકાસશીલ ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું છે. નાણા મંત્રીએ સંશોધનના ભંડોળ, સંકલન અને પ્રોત્સાહન માટે રાષ્ટ્રીય સંશોધન સંસ્થા (National Research Foundation - NRF)ની જાહેરાત કરી છે. એનઆરએફ એ વિવિધ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટને આત્મસત્ કરશે અને આ રીતે પ્રયાસો અને ખર્ચની નકલને અટકાવશે.

અનુગામી રાષ્ટ્રીય નીતિઓએ ભારતના વિકાસમાર્ગને નિર્ધારિત કરવામાં શિક્ષણ ક્ષેત્રને જરૂરી મહત્ત્વ આપ્યું છે. સમકાલીન યાદીમાં તેની હાજરી સહજીવી ભૂમિકા દર્શાવે છે કે જે કેન્દ્ર અને રાજયએ શિક્ષણની પ્રાથમિકતામાં ભજવવી જ પડશે. તાજેતરમાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ મુસદ્દો સમવાય માળખાના તમામ સ્તરે સહયોગાત્મક દૃષ્ટિકોણને યથાર્થરૂપ આપે છે. નીતિઓને દશ્યમાન પરિણામોમાં પરિવર્તિત કરવા માટે સમગ્રતયા ગોઠવણી અને ન્યુ ઇન્ડિયાના દૃષ્ટિકોણને ઈચ્છાશક્તિ અને કાર્યમાં સંચાલિત કરવાની જરૂર છે.

**References:**


- https://www.indiabudget.gov.in/
- NITI Aayog's 'Strategy for New India @ 75'.



આલોક કુમાર ભારત સરકારના નીતિ આયોગમાં સલાહકાર (માનવસંસાધન વિકાસ) છે. સારાહ આઈપ ભારત સરકારના નીતિ આયોગમાં યુવા પ્રોફેશનલ છે. ઉર્વશી પ્રસાદ ભારત સરકારના નીતિ આયોગમાં જાહેર નીતિ નિષ્ણાત છે.

ઈ-મેલ:
alokkumar.up@ias.nic.in
sarah.iype@nic.in
urvashi.prasad@nic.in

# પરિવહન ક્ષેત્રે માળખાગત સુવિધાઓ

જી. રઘુરામ

કેન્દ્ર સરકારનુ વર્ષ ૨૦૧૯-૨૦નુ અંદાજપત્ર રજૂ કરતી વખતે નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે કનેક્ટિવિટી એ અર્થતંત્રનુ જીવનરક્ત છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના, ઔદ્યોગિક કોરીડોર્સ, ડેડિકેટેટ ફ્રેઈટ કોરિડોર્સ, ભારત માલા અને સાગર માલા પ્રોજેક્ટ્સ, જલ માર્ગ વિકાસ, અને ઉડે દેશકા આમ નાગરિક - ઉડાન યોજના વગેરે જેવાં કનેક્ટિવિટીનાં તમામ પ્રકારનાં સ્વરૂપોને ભારે પ્રોત્સાહન આપી રહી છે. આ બધા સાથે સંકળાયેલ ડિજિટલ કનેક્ટિવિટી અને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ(ઈફ્જ) જેવાં સંબંધિત ક્ષેત્રો ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

ગ્રામીણ માર્ગોના વિકાસ માટે કરાયેલી ફાળવણીઓ એ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) ના લાંબા ગાળાના તબક્કાઓનો હિસ્સો છે. આ પ્રોજેકટનો દેશની સૌથી સફળ 'યોજનાઓ'માંની એક ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૦ માં શરૂઆત થયેલી આ યોજનામાં પ્રથમ તબક્કો પૂર્ણ થતાં ૯૩ % લક્ષ્યાંક હાંસલ કરીને માર્ચ ૨૦૧૯ સુધીમાં ૧,૭૮,૧૮૪ માન્ય સ્થળો (હેબીટેશન) સુધી પહોંચી શકાયુ હતું અને હાલમાં રોજે રોજ ૧.૨૫ લાખ કી.મીના માર્ગોનુ બાંધકામ થાય છે. બાકીનો ૭ % હિસ્સો કાં તો અર્થક્ષમ નહોતો અથવા તો રાજ્યોએ તેને અન્ય યોજનાઓ હેઠળ આવરી લીધો હતો.

અંદાજે કુલ ૬ લાખ કીલો મીટરના બાર માસી રસ્તાનુ બાંધકામ કરવામાં આવ્યું છે. બીજા તબક્કાની શરૂઆત વર્ષ ૨૦૧૩ માં થઈ હતી. એમાં પ્રથમ તબક્કાના અને ભારે ટ્રાફિક ધરાવતા માર્ગો અપગ્રેડ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરાયુ હતું. અંદાજે રૂ. ૮૦,૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની હવે જાહેરાત કરવામાં આવી છે.

માર્ગોના બાંધકામ અને માવજતની પ્રગતિને મોનિટર કરવા માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

રસ્તાના બાંધકામ અને જાળવણીની પ્રગતિની દેખરેખ રાખવા માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. સર્વિસીસ મારફતે કનેક્ટિવિટી એ હજુ પડકાર છે. ઘણાં સ્થળો (હેબિટેશન) કે જ્યાં મુખ્ય માર્ગ સાથે સિંગલ સાઈડેડ કનેક્ટિવિટી છે, ત્યાં સર્વિસીસને હેબિટેશનમાં આકર્ષી શકાતી નથી કારણ કે સર્વિસ પ્રોવાઈડર્સને આવવાની અને જવાની એમ બંને તરફની માંગ છે અને તેને કારણે અર્થક્ષમતા (viability)ની ખાત્રી મળતી નથી. સ્થળો માટે બે તરફની કનેક્ટિવિટી ઉભી થશે ત્યારે પ્રોવાઈડર્સ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચશે અને એક છેડાથી બીજા છેડાના અર્થક્ષમ રૂટ્સ શક્ય બનશે.

પાંચ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર્સ છે, એમાંથી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર ભવિષ્યલક્ષી આયોજનો બાબતે





અગ્રીમ તબક્કામાં છે. અન્ય કોરિડોર્સમાં ચેન્નાઈ- બેંગલુરૂ, બેંગલુરૂ- મુંબઈ, અમૃતસર-કોલકતા, અને વિશાખાપટ્ટનમ-ચેન્નાઈનો સમાવેશ થાય છે. 'કોરિડોર' તરફ ધ્યાન કેન્દ્રિત કરવા કરતાં તેની સાથેના નજીકના અથવા સાથેના કોરિડોરના જોડાણ ઉપર ધ્યાન અપાય છે. એમાં કોરિડોર્સની સાથે સાથે રહેવાને બદલે નોડમાં ઉદ્યોગો વચ્ચે દેખીતી એકરૂપતા જણાય છે.

પરિવહન માટે રેલવે આધારિત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર્સ (DFCs) દિલ્હી-મુંબઈના અને અમૃતસર-કોલકતાના કોરિડોર કરોડરજ્જુ બની રહેશે. એ બાબત નોંધવી જોઈએ કે વર્ષ ૨૦૧૬ ના અંદાજપત્રમાં કોલકતા-મુંબઈ, દિલ્હી-ચેન્નાઈ, અને ખડગપુર-વિજયવાડા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર્સની જાહેરાત કરવામાં આવી હતી. વિશાખાપટ્ટનમ-ચેન્નાઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરને દિલ્હી-ચેન્નાઈ અને ખડગપુર વિજયવાડા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો કેટલાક ભાગમાં ટેકો પ્રાપ્ત થશે. આ બજેટમાં હાલમાં બાંધકામ હેઠળ છે તેવા પશ્ચિમી ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર અને પૂર્વ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ઉપર ધ્યાન અપાયુ છે. આથી બે કોરિડોર પૂર્ણ કરવામાં ધ્યાન કેન્દ્રિત થશે.

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સ (PPPs) આધુનિકીકરણ હાંસલ કરવામાં સહાયક બનશે તે બાબત બજેટમાં પ્રતિબિંબીત કરવામાં આવી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં રૂ. ૫૦લાખ કરોડ સુધીનુ કુલ મૂડીરોકાણ થશે તેવુ માનવામાં આવે છે. એવી આશા રાખવામાં આવે છે કે ફ્રેઈટ ટ્રાફિકમાં રેલવેનો હિસ્સો ટન કીલોમીટર પ્રમાણે હાલમાં ૩૫ % છે તે વર્ષ ૨૦૩૨ સુધીમાં ૫૦ % જેટલો ઉંચે જશે.


માળખાગત સુવિધાઓનાં લગભગ તમામ ક્ષેત્રોમાં સર્વિસના હિસ્સાનુ સૌ પ્રથમ ખાનગીકરણ કરવામાં આવે છે. એનાં ઉદાહરણ જોઈએ તો વિમાન સંચાલન અને શિપિંગ સર્વિસીસ ખાનગી ક્ષેત્ર પાસે છે તેને કારણે એરપોર્ટસ અને પોર્ટસ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સના પ્રથા તરફ આગળ વધી રહ્યાં છે. માળખાગત સુવિધાઓનાં ક્ષેત્રોમાં રેલવે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સનો લાભ લેવામાં પાછળ પડી ગયું છે.

રોડ ક્ષેત્રે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સના રૂટ મારફતે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ટોલીંગ, નોન-ટોલ આવક, વાયેબિલીટી ગેપ ફંડીગ (પ્રોજેક્ટ અર્થક્ષમ બને તે માટે ખૂટતુ ભંડોળ મેળવવુ), ઓપરેટ- મેઈન્ટેઈન-ટ્રાન્સફર (OMT), ટોલ-ઓપરેટ-ટ્રાન્સફર, હાઈબ્રીડ એન્યુઈટી મોડલ વગેરે જેવા અભિગમને ઉપયોગ કરીને ભારતમાલા ફેઝ-૨માં ૩,૦૦૦ કી.મી.ના એક્સપ્રેસ વે, ૪,૦૦૦ કી.મીના ગ્રીનફીલ્ડ માર્ગો અને રાજ્ય સરકારોને રોડ નેટવર્કમાં ઉમેરો કરવા માટે સહયોગ પૂરો પાડવામાં આવશે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોગ્રામ / ભારતમાલાએ રાજ્ય સરકારોને રોડ નેટવર્કમાં ઉમેરો કરવાનો માર્ગ બતાવ્યો છે. ઘણા રાજયોએ હાઈ-ડેન્સીટી કોરિડોર્સમાં સુધારા માટે સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન્સ અને મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના (MMGSY)ની સ્થાપના કરી છે.

ભાડેથી માલની હેરફેરમાં માર્ગોનો હિસ્સો ૬૦ % થી વધુ હોવાથી સુધરેલી રોડ કનેક્ટિવીટી જીડીપીમાં વૃધ્ધિ નુ નોંધપાત્ર પ્રેરક બળ બની રહે છે. આ સ્થિતિએ ટ્રકીગ ઉદ્યોગને મોટો લાભ કરી આપ્યો છે. ઈલેક્ટ્રિક વાહનોની પ્રથા જો અપનાવવામાં આવે તો તેની પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે પ્રદૂષણનુ સ્તર નીચુ આવવાની અપેક્ષા રહે છે.

સાગરમાલા એ ભારતના સાગરકાંઠે પ્રોજેકટસની એક સંકલિત પુષ્પ માળા છે. તેનાથી આયાત અને નિકાસમાં સુવિધા થવા ઉપરાંત સાગર કાંઠે પરિવહનમાં પણ વધારો થવાની સંભાવના છે. સાગરકાંઠે પરિવહનનો સૌથી મોટો પડકાર દેશના એક બીજા સાથે જોડાઈ શકે તેવા પરિવહનનાં મોડલ્સ મારફતે વિસ્તારોને જોડવાનો અને છેલ્લા સ્થળ સુધી કનેક્ટિવિટીનો છે. જળ માર્ગ વિકાસની યોજનાઓ વડે જળ માર્ગે પરિવહનને પણ એક મોટી તક તરીકે જોવામાં આવે છે. આ યોજનામાં મહત્વનાં સ્થળોએ નેશનલ વૉટરવેઝ અને




ટર્મિનલ્સ વિકસાવવાનો સમાવેશ થાય છે.

લાંબા ગાળાના અવરોધ પછી એરપોર્ટસમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સની યોજના ફરીથી આવી છે. પાંચ એરપોર્ટસ (કોચિન, હૈદ્રાબાદ, બેંગલુરૂ, મુંબઈ અને દિલ્હી)ને વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૭ સુધીના ગાળામાં આવરી લેવાનો પ્રયાસ થયો હતો. ટેન્ડરીંગ અને બીડીંગ, કોન્ટ્રાક્સ અને પર્યાવરણ અંગે ઘણી ચિંતા વ્યક્ત કર્યા પછી આ યોજના મુલતવી રાખવામાં આવી હતી. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સથી કસ્ટમર સર્વિસમાં સુધારો થવાની અને એરપોર્ટસની અર્થક્ષમતા વધવાની સંભાવના છે.

સરકારે ઉડાન યોજનામાં સારૂ કામ કર્યું છે, આ યોજનાનો હાલમાં ત્રીજો રાઉન્ડ ચાલી રહ્યો છે. એમાં પસંદગીના ઓપરેટર્સને ઈરાદાપત્રો આપવામાં આવ્યા છે. ઓછો ઉપયોગ થતો હોય તેવાં એરપોર્ટસ અને રૂટ્સને નિયંત્રિત (સબસીડી ધરાવતાં) અને અનિયંત્રિત ભાડાં વડે મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કરાયો છે. બજેટમાં પણ સરકારી માલિકીની અને ખોટ કરતી એરલાઈન, એર ઈન્ડીયાના ખાનગીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

એકંદરે બજેટમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે હાલમાં ચાલી રહેલા પ્રયાસો સ્વીકારીને એમાં જરૂરી ગતિશિલતા લાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. કેન્દ્રનાં નાણાં મંત્રી જણાવે છે કે આગામી પાંચ વર્ષમાં માળખાગત સુવિધાના ક્ષેત્રે ૧૦૦ લાખ કરોડના મૂડીરોકાણનો લક્ષ્યાંક સફળતાપૂર્વક હાંસલ કરવા માટે વ્યાપક આયોજન, દેખરેખ, અને અમલીકરણની જરૂર પડશે. આ માટેના મહત્વના પડકારોમાં જમીન સંપાદન, પર્યાવરણની મંજૂરીઓ, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ્સનો લાભ લેવાનાં પગલાં તથા એક બીજા સાથે જોડાય તેવાં મોડલ અને છેલ્લા સ્થળ સુધીની કનેક્ટિવિટીનો સમાવેશ થાય છે.


લેખક બેંગલુરુ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના નિયામક છે.

ઈ-મેલઃ
directro@iimb.ac.in

# તમામ માટે ઊર્જા સુરક્ષા

**મનોજ કુમાર ઉપાધ્યાય**

કોઈ પણ દેશના નાગરિકોનું જીવનધોરણ કેવું છે એની જાણકારી મેળવવાનો મહત્ત્વપૂર્ણ માપદંડ ઊર્જા છે. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિનો પાયાની બાબત વીજળીનો માથાદીઠ વપરાશ (ઊર્જાનાં તમામ સ્વરૂપો) અને માનવ વિકાસ સૂચકાંક (HDI) વચ્ચેનો સહસંબંધ છે. ભારત વિશ્વની કુલ વસ્તીમાં ૧૮% હિસ્સો ધરાવે છે, છતાં વિશ્વની મુખ્ય ઊર્જાનો ફક્ત આશરે ૬% ઉપયોગ કરે છે. ઊર્જાનાં મુખ્ય સ્રોતો છે – કોલસો, ઓઇલ, ગેસ અને નવીન ઊર્જા. ભારતમાં મુખ્યત્વે કોલસામાંથી ઊર્જાનું ઉત્પાદન થાય છે તેમજ જૈવ ઊર્જા સહિત નવીનીકરણ ઊર્જાનાં સ્રોતો પણ સારી રીતે અપનાવ્યાં છે.

**કોલસોઃ**

કોલસાનો ભંડાર આશરે ૩૦૦ અબજ ટન છે. અત્યાર સુધી ભારતીય વીજળીની વ્યવસ્થામાં કોલસો મેરુદંડ સમાન છે. કોલસાની પ્રચુર ઉપલબ્ધતાના કારણે લાંબા સમય સુધી કોલસો ઊર્જાનો સસ્તો સ્રોત બની શકે છે. આ ઊર્જાનો એકમાત્ર સ્રોત છે, જેની ભારતને આયાત કરવી પડતી નથી (સ્ટીલ બનાવવા માટે કોકિંગ કોલસા સિવાય). જો વાણિજ્યિક ઉપયોગ માટે ઉત્ખનન-કમ-ખાણકામ માટે ઉચિત નીતિગત માળખાગત કાર્ય કરવામાં આવે તો થર્મલ કોલસાની આયાત ઘટાડીને શૂન્ય કરી શકાય, જોકે નવીનીકરણ ઊર્જાની સરખામણીમાં કોલસો પર્યાવરણને અનુકૂળ ઇંધણ નથી.

**ઓઇલ અને ગેસઃ**

આ સંસાધનો પર્યાપ્ત નથી. ઓઇલની કિંમતમાં વધઘટ થાય છે, જેમાં આંશિક વધારો પણ અર્થતંત્ર પર ઘણું દબાણ વધારે છે. ગેસ સસ્તો અને પર્યાવરણને વધારે અનુકૂળ છે, કુલ મુખ્ય સંયુક્ત વાણિજ્યિક ઊર્જામાં ઓઇલનો હિસ્સો ૨૯% અને ગેસનો હિસ્સો ફક્ત ૭% છે, છતાં ઊર્જાના સ્રોત તરીકે ઓઇલ અને ગેસ પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે નવીનીકરણ ઊર્જા તરફ વળવું જરૂરી છે.

પછી પણ ભારત ઓઇલ માટેની આયાત પર નિર્ભર રહેશે, કારણ કે એ સ્થાનિક સ્રોતોમાંથી એની જરૂરિયાતને પૂર્ણ નહી કરી શકે. જ્યારે ઓઇલ અને ગેસનાં વપરાશને મર્યાદિત કરવા નીતિ બનાવવાની જરૂર છે, ત્યારે પ્રવાહી અને વાયુ હાઇડ્રોકાર્બનનાં ઉત્ખનન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપીને સ્વદેશી રીતે એની જરૂરિયાતોને પૂર્ણ કરવા પ્રોત્સાહન આપવું પડશે.

**નવીનીકરણ ઊર્જાઃ**

ઊર્જાનો ત્રીજો સ્રોત નવીનીકરણ ઊર્જા છે, જે સૌર, પવન, બાયોમાસ, હાઇડ્રો અને આ પ્રકારના વધારે સ્રોતો છે. આ મોટા ભાગે પર્યાવરણને અનુકૂળ છે. ઉષ્ણકટિબંધમાં સ્થિત ભારત સૌર અને પવન ઊર્જાની અમર્યાદિત સંભવિતતા ધરાવે છે. પાકના અવશેષ, પશુનું ખાતર, માનવીય કચરો અને ખાદ્ય ચીજવસ્તુઓનો કચરો વગેરે સ્વરૂપે બાયોમાસ સ્રોતોની મોટી ઉપલબ્ધતા પણ બાયોમાસ આધારિત ઊર્જા ઉત્પાદન માટેની વિસ્તૃત તકો પૂરી પાડે છે.

નવીન ઊર્જાનાં સ્રોતોની કિંમતોમાં ઘટાડો થઈ રહ્યો છે અને અત્યારે લગભગ કોલસામાંથી પેદા થતી વીજળીના દર જેટલો છે, જોકે નવીનીકરણ ઊર્જા સાથે સંબંધિત સમસ્યાઓમાં એની વધઘટ, અનિશ્ચિતતા અને સિઝનાલિટી છે. ઉપરાંત ખર્ચની દૃષ્ટિએ થર્મલ ઊર્જાને સમકક્ષ હોવા છતાં થર્મલ પાવર પ્લાન્ટમાંથી પેદા થતી વીજળી જેટલી સૌર ઊર્જાનું ઉત્પાદન કરવા માટે ૫૦ ગણી વધારે જમીનની જરૂર છે. રૂફટોપ અને ખેતીવાડીની જમીન સમાધાન રજૂ કરે છતાં આ પરિબળ મર્યાદારૂપ બની શકે છે.

**જૈવ ઊર્જાઃ**

જૈવ ઊર્જા ભારતની કુલ ઊર્જાના ઉત્પાદનમાં વધારો કરી શકે છે. બાયોગેસ પશુનાં છાણ, માનવીય કચરો અને શાકભાજીના કચરામાંથી મળે છે, જે રસોડામાં જરૂરી ઇંધણનું સમાધાન બની શકે છે. ઊર્જાનો આ સ્રોત સસ્તો અને પર્યાવરણને અનુકૂળ છે. એ ગ્રામીણ વિસ્તારોમાં એલપીજીનું સ્થાન લેવાની સંભવિતતા ધરાવે છે. બાયોમાસ જૈવ ઈંધણનો સ્રોત પણ બની શકે છે, જે પેટ્રોલિયમ ઓઇલની જરૂરિયાત ઘટાડવામાં મદદરૂપ થશે.

**પરમાણુ ઊર્જાઃ**

જ્યાં સુધી પરમાણુ રિએક્ટર્સનું નોંધપાત્ર રીતે નિયંત્રણ થાય છે ત્યાં સુધી પરમાણુ રિએક્ટર્સમાંથી પેદા થતી વીજળી નવીનીકરણ ઊર્જાનાં સ્રોતોમાંથી પેદા થતી ઊર્જા જેટલી વાજબી ન બની શકે એવું શક્ય છે. સરકાર બિનઊર્જાના ઘટકો માટે અંદાજપત્રીય ટેકાનો વિચાર કરી શકે છે. કુદરતી ગેસ કે કોલસામાંથી પેદા થતું પ્રવાહી ઇંધણ મિથેનોલ ગેસ કે કોલસાના ઉપયોગની રીતને બદલી શકે છે.

**ઊર્જા સુરક્ષાઃ**

ઊર્જાની સુરક્ષામાં સુધારો મહત્ત્વપૂર્ણ નીતિગત લક્ષ્યાંક છે, જે આયાત પર નિર્ભરતામાં ઘટાડા સાથે સંલગ્ન છે. અત્યારે ભારત ઓઇલ, ગેસ અને કોલસાની આયાત કરે છે. ઓઇલ, કોલસા અને ગેસના સ્થાનિક પુરવઠાની ઉપલબ્ધતા અને સ્પર્ધાત્મક દરે તેમના ઉત્ખનનની સંભવિતતાને ધ્યાનમાં રાખીએ તો આયાત પર નિર્ભરતામાં ઘટાડાની ઘણી શક્યતા છે.



જો ગરીબીના સ્તરને ધ્યાનમાં રાખીએ તો વાજબી કિંમતે તમામને ઊર્જાની સુલભતા સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. ૨ જૂન, ૨૦૧૯ સુધી ઇલેક્ટ્રિસિટીની સુલભતા વધીને ૯૯.૯૯% કુટુંબો વીજળીનો પુરવઠો ધરાવતા હતા. રસોઈ માટે બાયોમાસ પર નિર્ભર આશરે ૧૩૯ મિલિયન લોકોને વાજબી સમયગાળામાં એલપીજી સ્વરૂપે સ્વચ્છ, બિનપ્રદૂષિત રસોઈ ઊર્જા પ્રદાન થશે એવી અપેક્ષા છે.

વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા પ્રકાશિત એનર્જી ટ્રાન્ઝિશન ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન સુધરીને (૭૬મી પોઝિશન) હાંસલ કરી હતી. એની સ્થાપિત ક્ષમતા વર્ષ ૨૦૧૮માં ૩,૪૪,૦૨૨ મેગાવોટથી વધીને વર્ષ ૨૦૧૯માં ૩,૫૬,૧૦૦.૧૯ મેગાવોટ થઈ છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ઊર્જાનું કુલ ઉત્પાદન ૧૩૭૬ BU હતું (જેમાં ઊર્જાના આયાત અને નવીનીકરણના સ્રોતો સામેલ છે). ઊર્જાના ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણની ક્ષમતાઓમાં પ્રગતિ થઈ છે. થર્મલ પાવરની ક્ષમતા ૬૪% છે અને ત્યારબાદ નવીનીકરણ ઊર્જાનું સ્થાન છે. ૪૬% વીજળીનો પુરવઠો ખાનગી ક્ષેત્રમાંથી મળે છે.

કુલ ઊર્જામાં નવીનીકરણ ઊર્જાનો હિસ્સો વર્ષ ૨૦૧૪-૧૫માં ૬%થી વધીને ૨૦૧૮-૧૯માં ૧૦% થયો છે. ભારતે દુનિયાનો સૌથી મોટો નવીનીકરણ ઊર્જા વિસ્તરણ કાર્યક્રમમાંનો એક હાથ ધર્યો છે.

**વીજ ક્ષેત્રઃ**

કેન્દ્રીય અંદાજપત્રમાં વીજળીના ક્ષેત્ર માટે રૂ. ૧૬૪૦૦.૫૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે અગાઉના નાણાકીય વર્ષ કરતાં રૂ. ૧૯૮૮.૦૨ કરોડ વધારે છે. નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય (એમએનઆરઈ) ક્ષેત્રને રૂ. ૪૬૫૩.૪૫ કરોડની ફાળવણી થઈ હતી અને પેટ્રોલિયમ ક્ષેત્રને

રૂ. ૩૮૯૮૨.૦૫ કરોડની ફાળવણી હતી. અંદાજપત્રમાં વીજળીની સુલભતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મોટી જાહેરાતો નીચે મુજબ છે:

- **ઊર્જાની સુલભતા:** સરકારે વીજળીનું જોડાણ પ્રદાન કરવાનો અને દેશમાં તમામ ગ્રામીણ કુટુંબો (જેઓ ઇચ્છતા નથી એ સિવાય)ને પર્યાવરણને અનુકૂળ સ્વચ્છ ઇંધણની સુલભતા પ્રદાન કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે એમાં સૌભાગ્ય અંતર્ગત ૯૯% કુટુંબોને જોડાણ આપવામાં આવ્યાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને ઉજ્જવલા યોજના અંતર્ગત ૭ કરોડ એલપીજી સિલિન્ડર આપવામાં આવ્યાં છે. ઊર્જાની સુલભતામાં પડકાર જોડાણનો હોવાની સાથે સુલભતા અને વાજબીપણીનો પણ છે.
- **ગ્રામીણ ઊર્જાની સુલભતા:** નવી ઉજ્જવલા જેવી યોજના સોલર સ્ટવ અને બેટરી ચાર્જર્સને પ્રોત્સાહન આપશે. ખાનગી પહેલો નવીનીકરણ ઊર્જાને ખેડૂતો માટે આવકના વૈકલ્પિક સ્રોત તરીકે સપોર્ટ કરશે.
- **સુધારાનું વિતરણ:** ઉજ્જવલા ડિસ્કોમ એશ્યોરન્સ યોજના (ઉદય)ની કામગીરી ચકાસવામાં આવે છે.
- નવીનીકરણ ઊર્જાના ઉદ્યોગની વૃદ્ધિને સુધારવા અંદાજપત્ર વેગ આપશે એવી અપેક્ષા છે. જોકે આ સંબંધમાં અંદાજપત્રમાં કશું સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

જ્યારે વીજ ક્ષેત્રની વાત આવે છે ત્યારે અંદાજપત્રમાં વિતરણ ક્ષેત્રની કાર્યદક્ષતા સુધારવા માળખાગત અને ટેરિફ નીતિમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ૨૪ x ૭ વીજળીના પુરવઠા સહિત તમામ ખાનગી ક્ષેત્રનું હાર્દ વિતરણ ક્ષેત્રની કાર્યદક્ષતા હોવાથી પ્રાથમિકતા નક્કી થઈ છે. નવીનીકરણ ઊર્જા માટે અપર્યાપ્ત માગ સહિત વીજ ક્ષેત્રનાં તણાવના ઉત્પાદનનો પડકાર પણ છે. આ સરકાર માટે પ્રચંડ પડકાર છે. વિતરણ ક્ષેત્રની કાર્યદક્ષતા સુધારવા વિસ્તૃત માળખાગત સુધારાની જરૂર છે, જેમ કે વીજ ધારામાં સુધારામાં કેરેજ (carriage) અને કન્ટેન્ટને અલગ કરવાની દરખાસ્ત. સોલર રુફટોપ ચાવીરૂપ ક્ષેત્ર છે, જેના પર પ્રતિબદ્ધતા સાથે ધ્યાન આપવાની જરૂર છે.

લેખક ભારત સરકારના નીતિ આયોગમાં નાયબ સલાહકાર છે.

ઇ-મેલ:
mk.upadhyay@nic.in


## Our New Address

Editor, Yojana Office, Publications Division
Ministry of Information & Broadcasting, Government India

C/o Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Mother Teresa Road, Near CNI Church, Bhadra, Ahmedabad-380001. Gujarat.

E-mail: yojanagujarati@gmail.com
Phone: 079 - 26588669.

(for subscription queries:
Monday to Friday: 2 PM to 4 PM)

For new subscription, please ask for subscription form and guidelines via e-mail.

Kindly send cheque/DD in favour of :

“SBI A/C No. 515-08-10, Yojana(Guj.)” or may pay by cash in person.

# ખેડૂતોના કલ્યાણ તરફ ઝડપી આગેકૂચ

જગદીપ સકસેના

કેન્દ્ર સરકારના અંદાજપત્ર (નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦)માં ખેડૂતોના કલ્યાણ અને ખેતીને નાણાકીય ફાળવણીઓમાં અને પરિવર્તનના દ્રષ્ટિ તરીકે વિક્રમજનક ગતિ હાંસલ થઈ છે. સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની કટિબદ્ધતા દોહરાવી છે અને એ માટે હાલમાં કાર્યરત યોજનાઓને ટેકો આપ્યો છે, નવી યોજનાઓનો આરંભ કર્યો છે. એવાં સંખ્યાબંધ પગલાંઓ રજૂ કરવામાં આવ્યાં છે કે જે ખેતી કરતા સમુદાયના આર્થિક-સામાજિક દરજ્જાને ઊંચે લઈ જવામાં સહાયરૂપ બની શકે.

અંદાજપત્ર રજૂ કરતી વખતે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે, ''અમે જે કાંઈ કરીશું તેમાં ગામ, ગરીબી અને કિસાનો કેન્દ્રમાં રહેશે.'' આવું કહીને તેમણે પોતાનો સ્પષ્ટ ઈરાદો વ્યક્ત કરી દીધો છે.

**હકારાત્મક ફાળવણીઓ:**

અગાઉની રૂ.૮૬,૬૦૦ કરોડની ફાળવણીની તુલનામાં (નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના સુધારેલા અંદાજ મુજબ) ખેતી અને સંલગ્ન ક્ષેત્રને કુલ ફાળવણી વધારીને રૂ.૧,૫૧,૫૦૦ કરોડ કરવામાં આવી છે. આ હરણફાળ પ્રધાન મંત્રી કિસાન સન્માનનિધિ (PM-KISAN)માં કરાયેલી જંગી ફાળવણીના કારણે છે. આ યોજના દરેક ખેડૂતને એકસરખા ત્રણ હપ્તામાં વર્ષ દરમ્યાન રૂ.૬,૦૦૦ની રોકડ સહાય પૂરી પાડે છે.

પરંતુ ખેતી માટે જે ફાળવણી કરવામાં આવી છે તેમાં ફર્ટિલાઈઝર સબસિડીનો ઉલ્લેખ કરાયો નથી અને તે હવે રૂ.૮૦,૦૦૦ કરોડ જેટલી થાય છે અને તેમાં અંદાજે ૧૪% ટકાનો વધારો થયો છે. વિવિધ પાક (ઘઉં અને ડાંગર સિવાયના), પશુઓ અને માછીમારી જેવી મહત્ત્વની અને કેન્દ્રિત યોજનાઓમાં પણ લઘુતમ ટેકાના ભાવ (MSP) માટે ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણીથી અંદાજપત્રીય જોગવાઈઓમાં ૬ થી ૫૦% જેટલો વધારો હાંસલ થયો છે. વ્યાજ સબસિડી મારફતે હકારાત્મક અસર પેદા થાય તે માટેની આ રકમ વધારીને રૂ.૧૮,૦૦૦ કરોડ કરવામાં આવી છે, જે ગયા વર્ષની તુલનામાં ૨૦%નો ચોખ્ખો વધારો દર્શાવે છે.

અંદાજપત્રમાં ગ્રામીણ માર્ગો માટે રૂ.૧૯,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે અગાઉના વર્ષે કરાયેલા ખર્ચની તુલનામાં ૨૨.૫%નો કૂદકો દર્શાવે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-III (PMGSY-III) આગામી ૫ વર્ષ દરમ્યાન ૧.૨૫ લાખ કિ.મી. લંબાઈના રોડ અપગ્રેડ કરવાનું વિઝન નક્કી કરાયું છે, જેનો અંદાજિત ખર્ચ રૂ.૮૦,૨૫૦ કરોડ થશે. PMGSY યોજના હેઠળ ૩,૦૦૦ કિ.મી.ના રોડ ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બાંધવામાં આવ્યા છે.






વેસ્ટ, પ્લાસ્ટિક અને કોલ્ડ મિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કાર્બનનો વ્યાપ ઘટાડવાનો પ્રયાસ કરાયો છે. સરકારે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY) માટેની ફાળવણીમાં પણ ૧૭% સુધીનો વધારો કર્યો છે. આ યોજનાનો વર્ષ ૨૦૧૬માં પ્રારંભ કરવામાં આવ્યો હતો અને યોજનાથી સિંચાઈના પ્રોજેક્ટસને વેગ આપી સિંચાઈ પ્રાપ્ત વિસ્તાર વધારવામાં પ્રગતિ હાંસલ થઈ છે.

**બિઝનેસને વેગઃ**

ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ (e-NAM) નો પ્રારંભ ખેડૂતોને તેમની પેદાશોના ઉત્તમ ભાવ મળી રહે તેની ખાતરી માટે વર્ષ ૨૦૧૬માં કરવામાં આવ્યો હતો. સરકાર, રાજ્ય સરકાર સાથે મળીને e-NAM વ્યવસ્થા ગોઠવવા માગે છે. ખેડૂતોને એકમના કદમાં વધારો કરવાનો લાભ મળી રહે તે માટે આગામી ૫ વર્ષમાં ૧૦,૦૦૦ નવા ફાર્મર પ્રોડ્યુસર સંગઠનો (FPOs) સ્થાપવાની દરખાસ્ત કરાઈ છે. FPOs એ ખેડૂતલક્ષી કંપનીઓ છે, જે પોતાની પેદાશોના માર્કેટિંગ માટે નીતિ અનુસાર મોડલનો ઉપયોગ કરે છે. FPOs ખેડૂતોને કાર્યક્ષમ, કરકસરયુક્ત અને સાતત્યપૂર્ણ સ્રોતોનો ઉપયોગ કરીને ખેડૂતોને ઉત્પાદકતા વધારવા માટે પ્રેરે છે.

સરકારની સ્કીમ ઓફ ફંડ ફોર અપગ્રેડેશન એન્ડ રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ (SFURTI)નો ઉદ્દેશ પરંપરાગત ઔદ્યોગિક ક્ષેત્રને સુગમતા માટે સમાન પ્રકારની વધુ ને વધુ વ્યવસ્થાઓ ગોઠવવાનો છે. સરકારે વાંસ, મધ અને ખાદી ઉદ્યોગોની ક્લસ્ટર ડેવલપમેન્ટ માટે પસંદગી કરી છે. SFURTI યોજનાનો ઉદ્દેશ વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૦ નવા ક્લસ્ટર સ્થાપવાનો છે, જેના દ્વારા ગ્રામીણ વિસ્તારના કસબીઓ પોતાની ક્ષમતા વિકસાવી શકે અને સરકાર પાસેથી માર્કેટ સપોર્ટ મેળવી શકે તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો આ ક્ષેત્રમાં સમન્વય કરી શકે તેવો છે. સરકાર પ્રમોશન ઓફ ઈનોવેશન ફોર ઈન્ડસ્ટ્રી એન્ડ આંત્રપ્રિન્યોરશિપ (ASPIRE)ને મજબૂત કરવા માગે છે અને આ હેતુથી ૮૦ લાઈવલીહુડ બિઝનેસ ઈનક્યુબેટર્સ અને ૨૦ ટેક્નોલોજી બિઝનેસ ઈનક્યુબેટર્સ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન સ્થાપવા માગે છે. આ પ્રયાસ વડે એગ્રો- રૂરલ ઉદ્યોગ ક્ષેત્રોમાં ૭૫,૦૦૦ કુશળ ઉદ્યોગસાહસિકો વિકસાવવાની સંભાવના છે. આ પગલાં મારફતે ગ્રામીણ વિસ્તારોમાં અને ખાસ કરીને એગ્રો- પ્રોસેસિંગ ક્ષેત્રમાં મધ્યમ, નાનાં અને માઈક્રો એકમો (MSME)ની વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન મળશે.

**મૂડીરોકાણો આકર્ષવા અંગેઃ**

કૃષિ ક્ષેત્રને કોર્પોરેટ જગતમાંથી મૂડીરોકાણની જરૂર છે. ખેતીમાં ઉમેરાયેલા એકંદર ૧૪% મૂલ્યનું આ સેક્ટરમાં રોકાણ થાય છે, જેમાં ૭૮.૦૧% ખેડૂતોનું રોકાણ, ૧૯.૪% જાહેર ક્ષેત્રનું રોકાણ અને ખાનગી ક્ષેત્રનું ૨.૫% જેટલું ઓછું રોકાણ થાય છે. સરકાર ખાનગી ઉદ્યોગસાહસિકો ફીલ્ડમાં તથા વાંસ અને ઈમારતી લાકડાંમાં મૂલ્ય વૃદ્ધિ તથા રિન્યુએબલ એનર્જી જેવી સંલગ્ન પ્રવૃત્તિઓ મારફતે ખેડૂતોની પેદાશોમાં મૂલ્ય વૃદ્ધિને વેગ આપવા માટે ટેકો પૂરો પાડશે. સરકારે કિસાન ઉર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાઅભિયાન (KUSUM) યોજનાનો માર્ચ-૨૦૧૯માં પ્રારંભ કર્યો છે. આ યોજના હેઠળ વ્યક્તિગત ખેડૂતો/ સહકારી સંસ્થાઓ/ પંચાયતો FPOsમાં એગ્રિકલ્ચર પમ્પસનું સૌર ઊર્જાકરણ અને સોલર પાવર પેનલ્સ (૫૦૦ KW થી MW સુધીની) લગાવવાની યોજના તૈયાર કરી છે. આ યોજનાઓથી વધારાની વીજળી ગ્રીડને વેચીને ખેડૂતો માટે વધારાની આવકનો વિકલ્પ ઊભો કરાશે.


ઉદ્યોગસાહસિકો અને ખાસ કરીને યુવાનો ડેરી પ્રવૃત્તિને આજીવિકા માટેના પૂર્ણ સમયના વ્યવસાય તરીકે સ્વીકારી રહ્યા છે. સરકાર પશુઆહારના ઉત્પાદન, દૂધનું એકત્રીકરણ, પ્રોસેસિંગ અને માર્કેટિંગ જેવી પ્રવૃત્તિઓ મારફતે આ વ્યવસાયને પ્રોત્સાહન આપી રહી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) મારફતે સરકાર એક સબળ ફિશરીઝ મેનેજમેન્ટ ફ્રેમ વર્ક સ્થાપવા માગે છે. કેન્દ્ર સરકારે પશુપાલન, ડેરી પ્રવૃત્તિ અને માછીમારી ક્ષેત્રના વિકાસ માટે અલાયદા મંત્રાલયની રચના કરી છે. જો હવામાનની વિસંગતતા અથવા તો વિકટ પરિસ્થિતિ સર્જાય અથવા તો ખેતી દ્વારા આવક પેદા કરવાની મુશ્કેલી ઊભી થાય ત્યારે લાઈવસ્ટોક (પશુઓ) 'લાઈવલીહુડ ઈન્સ્યોરન્સ' તરીકે કામ કરે છે.

**મૂળભૂત બાબતોઃ**

સરકારે ઝીરો અંદાજપત્ર ફાર્મિંગને પ્રોત્સાહન આપવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે અને હવે તે લોકપ્રિય બનતું જાય છે. કર્ણાટક, હિમાચલ પ્રદેશ, કેરાલા, ઉત્તરાખંડ, છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશે એવી ખેત પદ્ધતિઓ અપનાવી છે કે જેમાં ઓછું પાણી અને ઓછો ખર્ચ કરવામાં આવે તો પણ વધુ ખેતપેદાશ મળી રહે છે. વિદર્ભના ૭૦ વર્ષની વયના ખેડૂત અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા સુભાષ પાલેકર ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ (ZBNF) તરીકે ઓળખાતી આ ટેકનિકના પાયોનિયર છે. ZBNFને કારણે ઉત્પાદનના ખર્ચમાં કાપ આવે છે અને મોટા ભાગના ઈનપુટ કુદરતી સ્રોતમાંથી મળે છે. ઝીરો બજેટનો અર્થ એવો થાય છે કે પાકની ફેરબદલી અથવા તો વધારાની આવકના અન્ય સ્રોત મારફતે થયેલા ખર્ચનું વળતર મળી રહે.

દાળ-કઠોળ પછી સરકાર હવે તેલિબિયાંનું ઉત્પાદન અને ઉત્પાદતા વધારવા તરફ ધ્યાન આપી રહી છે. આ દેશે તેલિબિયાંમાં ૧૯૯૦ની આસપાસ 'યેલો રિવોલ્યુશન' જોયું છે પણ તે કેટલાંક ખેતીલક્ષી પરિબળોના કારણે અને નીતિ વિષયક સમસ્યાઓના કારણે ટકી શક્યું ન હતું. હવે જ્યારે તેલિબિયાંની ઉત્પાદકતા વધારવા માટે દરખાસ્ત કરાઈ છે ત્યારે આપણે તેલિબિયાંના ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવાના માર્ગે આગળ ધપીશું.

કેન્દ્ર સરકારનું અંદાજપત્ર ખેતી માટેની માળખાગત સુવિધાઓમાં વ્યાપક રોકાણ કરીને અને ખાનગી ઉદ્યોગસાહસિકતાને ટેકો પૂરો પાડીને ખેડૂતોના કલ્યાણ માટે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું ધ્યેય હાંસલ કરવાના ધ્યેયથી ઝડપભેર આગળ વધી રહ્યું છે. ગ્રામીણ અર્થતંત્રને પુનર્જીવિત કરવાની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. આ બધાં પગલાંથી ખેડૂતોના ચહેરા ઉપર આનંદ પ્રસરશે અને ખેતી ક્ષેત્રે જે હતાશા પ્રવર્તે છે તે ઘટાડી શકાશે.




લેખક નવી દિલ્હી ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચના ભૂતપૂર્વ મુખ્ય સંપાદક છે.

ઈ-મેલઃ
jagdeepsaxena@yahoo.com

# અંદાજપત્ર અને મહિલા સશક્તીકરણ

**શાહિન રાઝી અને નૌશિન રાઝી**

"જ્યાં સુધી મહિલાઓની સ્થિતિમાં સુધાર નહિ આવે ત્યાં સુધી વિશ્વના કલ્યાણની કોઈ શક્યતા નથી. કોઇ પણ પક્ષી માટે એક પાંખે ઊડવું શક્ય નથી." – સ્વામી વિવેકાનંદ

"નારી તું નારાયણી" (સૌ સ્ત્રીઓ દેવીઓ છે) એ ભારતની પરંપરા રહી છે. આ શબ્દો સાથે કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે અંદાજપત્ર ૨૦૧૯-૨૦માં મહિલા સશક્તીકરણને વેગ આપ્યો.

સશક્તીકરણ એ બહુઆયામી, બહુપરિમાણીય અને બહુસ્તરીય ખ્યાલ છે. મહિલા સશક્તીકરણ એ એક પ્રક્રિયા છે કે જેમાં મહિલાઓ જ્ઞાન, નાણાં સુધીની પહોંચ અને નિર્ણય પ્રક્રિયા જેવાં સંસાધનોમાં અંકુશનો મોટો હિસ્સો પ્રાપ્ત કરે છે.

કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯-૨૦એ ૧૫મું અંદાજપત્ર છે કે જેણે જાતિ પ્રતિભાવી અંદાજપત્ર (Gender Responsive Budgeting - GRB)નો સમાવેશ કર્યો છે. ભારત દ્વારા ૨૦૦૫-૦૬માં તેને સ્વીકૃતિ મળી હતી. આ બજેટ ભારતના સૌપ્રથમ પૂર્ણકાલીન મહિલા નાણાં મંત્રી દ્વારા રજૂ કરવામાં આવ્યું છે કે જેમણે ૨૦૦૩-૦૪માં રાષ્ટ્રીય મહિલાપંચના સભ્ય તરીકે આગેવાની સંભાળી હતી.

જીઆરબી–GRBને નાણાકીય પ્રતિબદ્ધતાઓ સાથે જાતિગત સમાનતા તરફના પ્રયાસોને મજબૂતી આપનારું શક્તિશાળી નાણાકીય સાધન માનવામાં આવે છે. જીઆરબી – એ માત્ર મહિલાઓને લગતા કાર્યક્રમો માટે સંસાધન ફાળવવાને લગતું નથી, પરંતુ તે મહિલાઓ અને પુરુષોની જુદી જુદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમગ્ર અંદાજપત્ર પ્રક્રિયામાં જાતિગત લેન્સના અમલીકરણની બાબત છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે જાતિગત અંદાજપત્ર ફાળવણી એ ૧૩૧,૬૯૯.૫૮ કરોડ રૂપિયા છે કે જે ૨૦૧૮-૧૯માં ૧૨૧,૯૬૧ કરોડ રૂપિયા કરતાં વધુ છે. તે કુલ ખર્ચના પ્રમાણ તરીકે ૫% જેટલું નજીક છે.

વચગાળાના કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯-૨૦માં એક હકારાત્મક વિકાસ એ જોવા મળ્યો હતો કે જાતિગત અંદાજપત્ર સ્ટેટમેન્ટમાં વાસ્તવિક ખર્ચ અંગેની માહિતી આપવામાં આવી હતી. બાકીના અંદાજપત્ર માટે પહેલાંથી જ આ પ્રણાલી અમલમાં હતી કે જે હવેથી જાતિગત ઘટકોની દેખરેખ રાખવા માટે એક સારી શરૂઆત છે. નાણાં મંત્રી એ જીઆરબીનું મૂલ્યાંકન કરવા માટે સરકાર અને ખાનગી શેરધારકો સાથે મળીને એક સમિતિની રચના કરવાની દરખાસ્ત મૂકી છે.

તાજેતરની સામાન્ય ચૂંટણીમાં મતદાતાઓની થયેલી વૃદ્ધિ અને સંસદમાં મહિલાઓની સંખ્યાના સંદર્ભમાં મહિલાઓની રાજકીય ભાગીદારીમાં થનારા લાભને દર્શાવતા નાણાં મંત્રીએ મહિલા કેન્દ્રીના બદલે મહિલા સંચાલિત પહેલો તરફ સરકારની પહોંચ ઉપર ભાર મૂક્યો.

આર્થિક સર્વેક્ષણ ૨૦૧૮-૧૯ મહિલાઓના આર્થિક સશક્તીકરણ પ્રત્યે એક રસપ્રદ પહોંચ રજૂ કરે છેઃ નોબલ પારિતોષિક વિજેતા રિચાર્ડ થલેરની નજ (nudge) થિયરી અને સ્વચ્છ ભારત મિશન તેમજ 'બેટી બચાવો, બેટી પઢાઓ' આંદોલનો વડે આવેલા સફળ વર્તણૂક પરિવર્તનથી પ્રેરણા લઈને કાર્યદળ અને અર્થતંત્રમાં મહિલાઓના યોગદાનને વધારવા માટે સર્વે દ્વારા એક સૂત્ર બનાવવામાં આવ્યું – બલદેવ (BALDAV) (બેટી આપકી ધનલક્ષ્મી ઔર વિજયલક્ષ્મી).

કેન્દ્રીય અંદાજપત્ર દ્વારા આગામી નાણાકીય વર્ષ માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (WCD) માટે ૨૯૦૦૦



કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે કે જે પાછલા ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષની સરખામણીએ ૧૭% વધુ છે. આ ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલ કુલ રકમ કે જેમાં પોષણ અને સામાજિક સુરક્ષાનો પણ સમાવેશ થાય છે તે ૨૦૧૮-૧૯માં ૨૫૫૧ કરોડ રૂપિયા હતી તેને વધારીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૧૭૮ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

માતૃત્વ લાભ અને બાળસુરક્ષા સેવાઓના કેન્દ્રના કાર્યક્રમોને પણ મોટો વેગ મળ્યો છે. પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (PMMVY), માતૃત્વ લાભ કાર્યક્રમ ૧૨૦૦ કરોડ રૂપિયાથી લગભગ બમણો વધારીને ૨૫૦૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓને પ્રથમ જીવિત બાળકની પ્રસૂતિ માટે ૬૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવે છે.

સંકલિત બાળ વિકાસ સેવાઓ અંતર્ગત બાળસુરક્ષા સેવાઓ કાર્યક્રમ માટેની ફાળવણી ૯૨૫ કરોડ રૂપિયાથી વધારીને ૧૫૦૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. આગામી નાણાકીય વર્ષ માટે WCD મંત્રાલય માટે ૨૯,૧૬૪.૯૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે કે જે ગયા વર્ષે ફાળવાયેલ ૨૪,૭૫૮.૬૨ કરોડ રૂપિયા કરતાં ૧૭%નો વધારો સૂચવે છે. ફાળવણીનો એક મોટો ભાગ – ૧૯,૮૩૪.૩૭ કરોડ રૂપિયા આંગણવાડી સેવાઓ માટે ફાળવવામાં આવ્યો છે. વર્તમાન નાણાકીય વર્ષમાં 'બેટી બચાવો, બેટી પઢાઓ' કાર્યક્રમને ૨૮૦ કરોડ રૂપિયા મેળવશે.

રાષ્ટ્રીય પોષણ મિશન કે જે અલ્પ વિકાસ, કુપોષણ, એનીમિયા અને જન્મ સમયે ઓછું વજન ધરાવતાં બાળકોના સ્તરને ઘટાડવા ઉપર લક્ષ્યિત છે અને જે સમગ્ર દેશમાં ૧૦ કરોડ લોકોને આવરી લેવાનો લક્ષ્યાંક ધરાવે છે તેને ૩૪૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

મહિલા શક્તિ કેન્દ્રો માટેની ફાળવણી ૧૧૫ કરોડ રૂપિયાથી વધારીને ૧૫૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. કેન્દ્રીય સ્તરે ભંડોળ મેળવતી યોજનાઓ માટેની ફાળવણી ગયા વર્ષના ૪૪૦૦ કરોડ રૂપિયાથી વધીને ૨૮,૯૧૪ કરોડ રૂપિયા થઈ છે.


કામ કરતી મહિલાઓ જ્યારે ઘરથી દૂર હોય ત્યારે તેઓ પોતાનાં બાળકોને ઘોડિયાઘરમાં મૂકી શકે તે માટે રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના માટેની ફાળવણી પણ ૩૦ કરોડ રૂપિયાથી વધારીને ૫૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે.

કામ કરતી મહિલાઓની હોસ્ટેલ યોજના માટેની ફાળવણીમાં ત્રણ ગણા કરતાં વધુ વધારો થયો અને ૫૨ કરોડ રૂપિયાથી વધીને તે ૧૬૫ કરોડ રૂપિયા થઈ. શોષણની અટકાયત, બચાવ અને પીડિતાના પુનર્વસન માટેની એક યોજના ઉજ્જવલા માટેનું અંદાજપત્ર ૨૦ કરોડ રૂપિયાથી વધારીને ૩૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. વિધવાગૃહો માટેનું બજેટ ૮ કરોડથી વધારીને ૧૫ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.

નાણાં મંત્રીએ સ્વ-સહાય જૂથના પ્રત્યેક સભ્યને તેમના જન ધન ખાતા ઉપર ૫૦૦૦ રૂપિયાનો ઓવર ડ્રાફ્ટ અને મુદ્રા યોજના અંતર્ગત પ્રત્યેક સ્વ-સહાય જૂથદીઠ એક મહિલા માટે ૧ લાખ રૂપિયાની લોનની મંજૂરી આપીને સ્વ-સહાય જૂથો (SHG)ને સશક્ત બનાવવા માટેની દરખાસ્ત મૂકી છે.

સરકારે તમામ જિલ્લાઓના મહિલા એસએચજીને મૂડી ઉપલબ્ધ કરાવવાની મંજૂરી આપીને વ્યાજ આર્થિક સહાય યોજનાને વિસ્તૃત કરવાની દરખાસ્ત મૂકી છે.

ઉજ્જવલા અને સૌભાગ્ય યોજનાએ કઈ રીતે મહિલાઓના




જીવનને સરળ બનાવ્યું છે તેનો ઉલ્લેખ કરતાં નાણાં મંત્રીએ જણાવ્યું કે ૭ કરોડ એલપીજી જોડાણો આપી દેવામાં આવ્યાં છે અને ૨૦૨૦સુધીમાં, ''જેઓ જોડાણો લેવા ના માંગતા હોય તેમના સિવાય પ્રત્યેક ગ્રામીણ પરિવારો પાસે વીજળી અને સ્વચ્છ રાંધણગેસની સુવિધા હશે.''

મહિલા સુરક્ષા અને સશક્તીકરણ મિશન અંતર્ગત કુલ અંદાજપત્ર ૧૧૪૮ કરોડ રૂપિયાથી વધારીને ૧૩૧૫ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

જાતિગત સમીકરણોમાં પરિવર્તન લાવવા માટે મહિલાઓના મુદ્દાઓ અને બહુદિશાત્મક વિકાસને રાષ્ટ્રીય નીતિના મુસદ્દામાં મુખ્ય ભૂમિકા ભજવવી પડશે. સ્વચ્છ ભારત મિશન જેવી સફળ પહેલના સ્તરે નીડર ચળવળ શરૂ થવી જોઈએ. વિકાસનો માર્ગ આરોગ્ય, શિક્ષણ અને મહિલાઓના સશક્તીકરણ વિના ખેડવો શક્ય નથી, કારણ કે તેઓ કુલ વસ્તીનો લગભગ ૫૦% હિસ્સો આવરી લે છે.

**સંદર્ભોઃ**


- ગુલાટી, નલિની – મહિલા સંચાલિત પહેલ.
- જુદાં જુદાં અખબારો.



ડૉ. શાહિન રાઝી U.G.C. માનદ્ નિવૃત્ત (emeritus) ફેલો, અર્થશાસ્ત્રી અને શિક્ષણવિદ છે. નૌશિન રાઝી મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને સમાજ સેવિકા છે.

ઈ-મેલઃ
shahin.razi@gmail.com
naushin.razi-1@gmail.com




**યોજના વાંચો, યોજના વંચાવો, યોજના વસાવો**

# સુધારાઓ ઉપર કેન્દ્રિત રેલવે અંદાજપત્ર

**શાઈન જેકબ**

અંદાજપત્રમાં તે બાબત ભારપૂર્વક દર્શાવવામાં આવી છે કે આગામી ૧૧ વર્ષમાં અથવા ૨૦૩૦ સુધી ભારતીય રેલવેને વધુ રૂ.૫૦ લાખ કરોડના મૂલ્યના રોકાણની જરૂર પડશે. આ આંકડાઓ કદાચ અવાસ્તવિક લાગી શકે, કારણ કે આટલા મોટા પાયા પર રોકાણ હાથ ધરવામાં ઓછામાં ઓછા ત્રણ દાયકાનો સમય લાગી શકે છે, જોકે મૂડીખર્ચની વર્તમાન ગતિ વિચારણામાં લેવામાં આવે તો નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જવાબ આપ્યો છે, ‘‘ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારો.’’

**મર્યાદામાં વધારોઃ**

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે, મૂડીખર્ચનો કુલ અંદાજ રૂ.૧,૬૦,૧૭૫.૬૪ કરોડ રાખવામાં આવ્યો છે, જે ગત નાણાકીય વર્ષમાં રૂ.૧,૩૮,૮૫૭.૫૨ કરોડ કરતાં ૧૫% વધુ છે. અંદાજપત્ર અત્યાર સુધીના સૌથી વધારે રૂ.૬૫,૮૩૭ કરોડના સરકારી રોકાણનો પણ અંદાજ રજૂ કરે છે, જે ૨૦૧૮-૧૯માં અંદાજપત્રીય સહાયતા તરીકે રૂ.૫૩,૦૬૦ કરોડની સરખામણીમાં ૨૪%નો વધારો સૂચવે છે. ભારતીય રેલવે નાણાં નિગમ (IRFC) દ્વારા ઋણ રૂ.૫૫,૪૭૧ કરોડ પર રાખવામાં આવ્યું છે, જે ૨૦૧૮-૧૯ માટે સુધારેલા અંદાજમાં રૂ.૫૨,૨૯૭ કરોડથી થયેલો વધારો દર્શાવે છે.

વર્ષ માટે મૂડીખર્ચ આયોજનના મહત્ત્વપૂર્ણ ઘટકોમાં રૂ.૧૦,૫૦૦ કરોડનો સમાવેશ થાય છે, જે આંતરિક સ્રોતોમાંથી આવશેઃ રૂ.૮૩,૫૭૧ કરોડ બાહ્ય અંદાજપત્રીય સ્રોતો અને રૂ.૨૬૭.૬૪ કરોડ નિર્ભયા ભંડોળમાંથી પ્રાપ્ત થશે. તે સરખામણીમાં આંતરિક સ્રોતો તરીકે નિર્ધારિત કરાયેલા રૂ.૬,૫૦૦ કરોડ અને બાહ્ય અંદાજપત્રીય સ્રોતોમાંથી રૂ.૭૯,૨૯૭.૫૨ કરોડ ઓછા હતા.

ભારતીય રેલવે માટે ચિંતાનો વિષય તેનો વધતો જતો કર્મચારીખર્ચ છે, જે નાણાકીય વર્ષ દરમિયાન વધીને રૂ.૮૬,૫૫૪.૩૧ કરોડ પર પહોંચી ગયો છે, જે ૨૦૧૮-૧૯ માટે સુધારેલા અંદાજમાં રૂ.૭૭,૭૯૬.૨૪ કરોડની સરખામણીમાં રૂ.૮,૭૫૮ કરોડ વધારે છે. રેલવે દ્વારા આગામી સમયમાં હાથ ધરાનારી વિશાળ ભરતી ઝુંબેશના કારણે આ ખર્ચમાં હજુ વધારો થઇ શકે છે. હાલમાં વિવિધ સલામતી શ્રેણીઓ જેવી કે સહાયક લોકો પાઇલટ અને ટેક્નિશિયન, લેવલ-૧ અને નિરીક્ષક બંને શ્રેણીઓમાં પરિચાલન વિભાગોની સુરક્ષા શ્રેણીના હોદ્દાઓ અને સિવિલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન જેવા ટેક્નિકલ વિભાગોમાં ૧.૫ લાખથી વધુ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા શરૂ થઇ ચૂકી છે. ફેબ્રુઆરી મહિનામાં સ્તર-૧માં વધુ ૧,૦૦,૦૦૦ કર્મચારીઓની ભરતી માટે જાહેરાત પણ બહાર પડાઇ હતી.

નાણાકીય વર્ષ દરમિયાન મુસાફરો, નૂર સેવાઓ અને અન્ય કમાણીઓ સહિત કુલ ટ્રાફિક થકી આવકમાં ૧૪.૧%નો વધારો થવાની અપેક્ષા છે અને ૨૦૧૮-૧૯માં રૂ.૧,૮૯,૯૦૩.૯૫ કરોડની સરખામણીમાં રૂ.૨,૧૬,૬૭૫ કરોડ પર પહોંચી જશે. સરકાર મુસાફરી સેવા થકી પ્રાપ્ત થતી આવક ૨૦૧૮-૧૯માં રૂ.૫૧,૦૬૬.૬૪ કરોડથી ૯.૭%નો વધારો થઈને ચાલુ વર્ષે રૂ.૫૬,૦૦૦ કરોડ પર પહોંચવાની આશા રાખે છે. ભારતીય રેલવે માટે મુખ્ય આવકનું સાધન ગણાતી નૂર સેવાઓમાં ૨૦૧૮-૧૯માં રૂ.૧,૨૭,૪૩૦.૦૮ કરોડની સરખામણીમાં તેની આવકમાં ૧૨.૨%નો વધારો થઈને રૂ.૧,૪૩,૦૦૦ કરોડ પર પહોંચવાની સંભાવના જોવા મળી રહી છે.

ચાલુ વર્ષે પરિચાલનદર ગત વર્ષના ૯૭.૩%ની સરખામણીમાં ૯૫% સુધી મર્યાદિત રહેવાની સંભાવના છે. પરિચાલનદરની ગણતરી રેલવે દરેક રૂપિયો કમાવવા માટે કેટલા રૂપિયા ખર્ચે છે (૨૦૧૯-૨૦માં દરેક રૂપિયો કમાવવા માટે ૯૫ પૈસા ખર્ચે છે) તેના આધારે કરવામાં આવે છે. ૨૦૧૭માં મુખ્ય અંદાજપત્ર સાથે વિલયના કારણે રેલવેને આશરે રૂ.૯,૭૦૦ કરોડના વાર્ષિક ડિવિડન્ડની જોગવાઇ દૂર કરવાની મદદ

મળી છે, જેનો ઉપયોગ કુલ અંદાજપત્રીય સહાય માટે સરકારને ચુકવણી કરવા માટે કરાતો હતો.

રૂ.૫૦ લાખ કરોડનો લક્ષ્યાંક વાસ્તવિક બનાવવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં અનેકગણો વધારો કરવાની જરૂર છે. ચાલુ વર્ષ દરમિયાન ૨૦૧૯-૨૦માં જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા રોકાણો માત્ર રૂ.૨૮,૧૦૦ કરોડ સુધી મર્યાદિત કરવામાં આવ્યાં હતાં. અંદાજપત્ર બાદ રેલવે મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે જો મુસાફરો માટે લાભદાયક સાબિત થાય તો સરકાર ખાનગી પક્ષકારો માટે અલગ લાઇન બિછાવવાના ખ્યાલ અંગે વિચારણા કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, ‘‘અમે પહેલાંથી કોલ (coal) ઇન્ડિયા અને NTPC જેવી કંપનીઓ સાથે ભાગીદારી ધરાવીએ છીએ. આપણે તેને વિસ્તારવી અને ઝડપી બનાવવી પડશે.’’

નૂરવહનનો લક્ષ્યાંક વધારીને ૧૨૭૪ મિલિયન ટન (MT) કરવામાં આવ્યો છે. ૨૦૧૮-૧૯ દરમિયાન તે ૫૨.૬૧ MT અથવા ૪.૩% હતો. આ જ રીતે ૨૦૧૮-૧૯ની વાસ્તવિક (જોગવાઇ) ઉપરાંત મુસાફરોની સંખ્યા પણ વધારીને ૮૫૯૩.૭૯ મિલિયન એટલે કે ૧.૮% વધારવાનો લક્ષ્યાંક છે.

**રોકાણ ક્યાંથી આવશે?**

રેલવે મંત્રીના આયોજનમાં સરકારી ખર્ચ અને ખાનગી ભંડોળ થકી પ્રાદેશિક જોડાણ માટે રોકાણ સંભાવનાઓનો પણ સમાવેશ થાય છે. રેલવેની વિચારણા હેઠળ રહેલા મુખ્ય પ્રોજેક્ટમાં ૧૦૦% વિદ્યુતીકરણ પૂર્ણ કરવું, સિગ્નલ વ્યવસ્થા આધુનિક બનાવવી, મુસાફરોની સુવિધામાં વધારો અને સ્ટેશન પુનઃ વિકાસનો સમાવેશ થાય છે.

૨૦૩૦ સુધીમાં ભારતના માલ પરિવહનના ટ્રાફિકમાં રેલવેનો હિસ્સો માત્ર ૩૦%થી વધારીને ૬૦%ની આસપાસ પહોંચાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. તેનું મુખ્ય કારણ એ છે કે નૂરભાડાની આવક પ્રાપ્ત કરીને મુસાફરોને ભાડામાં ભારે છૂટછાટ આપવામાં આવી રહી છે. રેલવેની મુખ્ય આવકનો સ્રોત નૂરભાડું છે. રેલવે દર ૧૦ કિ.મી.ની મુસાફરી માટે ખર્ચમાં ૭૩ પૈસાનો ભાર ઉઠાવે છે જ્યારે મુસાફરો પાસેથી માત્ર ૩૬ પૈસા જ વસૂલવામાં આવે છે.

તાજેતરના અહેવાલમાં નીતિ આયોગે નોંધ્યું છે કે વહનક્ષમતામાં ભારે ઘટાડો અને કિંમત સ્પર્ધાત્મકતાની ગેરહાજરીના કારણે સડક નૂર પરિવહનમાં રેલવેનો હિસ્સો ૧૯૫૦-૫૧માં ૮૬.૨% થી ઘટીને ૨૦૧૫માં ૩૩% પર પહોંચી ગયો છે. માલવહન હિસ્સામાં વધારો કરવા માટે આયોજિત ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (DFCs) ગેમ ચેન્જર સાબિત થવાની સંભાવના છે. બે DFCs-પૂર્વ અને પશ્ચિમ-રૂ.૮૧,૪૫૯ કરોડના અંદાજિત રોકાણ સાથે ૨૦૨૨માં કાર્યાન્વિત થવાની ધારણા છે. આ જ રીતે બીજા બે DFCs-પૂર્વ પશ્ચિમ અને પૂર્વ કિનારાના કોરિડોર ૨૦૨૭ સુધી રૂ.૧.૨૩ લાખ કરોડના રોકાણ દ્વારા શરૂ થઇ શકે છે.

સરકાર ૨૦૨૧-૨૨ સુધીમાં સમગ્ર બ્રોડગેજ નેટવર્કના વિદ્યુતીકરણનું આયોજન કરી રહી છે. રેલવે મંત્રાલય સમક્ષ ઉપલબ્ધ જુલાઇની માહિતી અનુસાર અંદાજે રૂ.૨૭,૦૦૦ કરોડના ખર્ચે ઓછામાં ઓછા ૨૮,૮૧૦ કિમીના ટ્રેક વિદ્યુતીકરણ માટે હાથ પર લેવામાં આવ્યા છે, જેમાંથી ૨૦૧૯-૨૦ માટે આશરે ૭,૦૦૦ કિમીની કામગીરી હાથ ધરાશે.

રેલવે બોર્ડે પુનઃ વિકાસ માટે સમગ્ર દેશમાં ઓછામાં ઓછાં ૬૦૦ સ્ટેશન પર કામગીરી હાથ ધરી છે, જેના માટે સમગ્રપણે રૂ.૧ ટ્રિલિયનના રોકાણનો અંદાજ છે. રેલવેમાં એરપોર્ટ સમકક્ષ સુવિધાઓ આપવાની પણ વિચારણા ચાલી રહી છે.

તમામ રેલવે સ્ટેશન (નાના સ્ટેશન સિવાય) ઉપર ટૂંક સમયમાં વાઇ-ફાઇ સુવિધા પૂરી પાડવામાં આવશે. અત્યાર સુધી ૧,૬૦૩ સ્ટેશનમાં આ સુવિધા ઉપલબ્ધ છે અને ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ સુધીમાં બાકીનાં ૪,૮૮૨ સ્ટેશન પર આ સુવિધા પૂરી પાડવાનો લક્ષ્યાંક છે. તમામ સ્ટેશનોને ૨૦૨૧-૨૨ સુધીમાં સર્વેલન્સ સિસ્ટમ આધારિત CCTV અંતર્ગત લાવવાની તૈયારી ચાલી રહી છે. મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ (MAHSR) અથવા બુલેટ ટ્રેન રૂ.૮૮,૦૦૦ કરોડના ખર્ચે ૨૦૨૩ સુધીમાં શરૂ થવાની સંભાવના છે.

અંદાજપત્રમાં રેપિડ રિજનલ ટ્રાન્ઝિટ સિસ્ટમ જેવાં વિશિષ્ટ હેતુ સાધનો દ્વારા સબઅર્બન નેટવર્કમાં રોકાણ વધારીને સબઅર્બન નેટવર્કમાં વ્યાપક ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રસ્તાવ કરાયો છે. જો આ તમામ આયોજનો વાસ્તવિકતામાં પરિણમે તો છેવટે તે ભારતીય મુસાફરો માટે લાભદારી પુરવાર થશે.

લેખક ભારતના ‘બિઝનેસ સ્ટાન્ડર્ડ’ સાથે જોડાયેલા પત્રકાર છે.

ઈ-મેલઃ
shinejac@gmail.com

# આ નાગરિક અભિમુખ, વિકાસ અભિમુખ અને ભવિષ્યલક્ષી અંદાજપત્ર છેઃ પ્રધાનમંત્રી

- ❖ હું દેશના પ્રથમ નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને તેમની ટીમને આ નાગરિક અભિમુખ, વિકાસ અભિમુખ અને ભવિષ્યલક્ષી અંદાજપત્ર માટે અભિનંદન પાઠવું છું.
- ❖ આ અંદાજપત્ર દેશને સમૃદ્ધ બનાવશે અને તેના નાગરિકોને વધુ સશક્ત બનાવશે. આ અંદાજપત્ર થકી ગરીબો વધુ ક્ષમતાઓ પ્રાપ્ત કરશે અને યુવાનો વધુ સારું ભવિષ્ય પ્રાપ્ત કરશે.
- ❖ આ અંદાજપત્રના કારણે મધ્યમવર્ગની પ્રગતિ થશે અને વિકાસની ગતિ વેગવાન બનશે.
- ❖ આ અંદાજપત્ર કરવ્યવસ્થાને સરળ બનાવશે અને માળખાગત વ્યવસ્થાને આધુનિક બનાવશે.
- ❖ આ અંદાજપત્ર ઉદ્યોગ અને સાહસિકોને મજબૂત બનાવશે. તે દેશની વિકાસ પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીમાં વધારો કરશે.
- ❖ આ અંદાજપત્ર શૈક્ષણિક ક્ષેત્રને વધુ સારું બનાવશે. તે કૃત્રિમ બુદ્ધિમત્તા અને અવકાશ સંશોધનના લાભ લોકો સુધી પહોંચાડવામાં મદદ કરશે.
- ❖ આ અંદાજપત્ર નાણાકીય વિશ્વ માટે સુધારા ધરાવે છે, સામાન્ય નાગરિકો માટે જીવન જીવવાની સરળતા અને ગામડાંઓ અને ગરીબો માટે કલ્યાણ પણ ધરાવે છે.
- ❖ આ હરિત અંદાજપત્ર છે, જેમાં પર્યાવરણ, ઈલેક્ટ્રિક પરિવહન અને સૌર ક્ષેત્ર ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.
- ❖ છેલ્લાં પાંચ વર્ષમાં દેશ નિરાશાના વાતાવરણમાંથી બહાર આવ્યો છે અને હવે અપેક્ષાઓ અને આત્મવિશ્વાસથી ભરપૂર બન્યો છે.
- ❖ સામાન્ય લોકોને તેમના પોતાના અધિકારો જેવા કે વીજળી, ગેસ અને રસ્તાઓ માટે સંઘર્ષ કરવો પડતો હતો અને ગંદકી, ભ્રષ્ટાચાર અને VIP કલ્ચર જેવા અનેક પડકારોનો સામનો કરવો પડતો હતો. અમે નિરંતર આ બાબતો દૂર કરવા પ્રયત્નો કર્યા છે અને તેમાં સફળ પણ થયા છે.
- ❖ આજે લોકો અસંખ્ય આશાઓ અને આકાંક્ષાઓ ધરાવે છે. આ અંદાજપત્ર તેને પરિપૂર્ણ કરવાનું વચન આપે છે. આ અંદાજપત્ર તે બાબત સુનિશ્ચિત કરે છે કે દિશા સાચી છે, પ્રક્રિયા સાચી છે, ઝડપ સાચી છે અને તેથી લક્ષ્યોની પ્રાપ્તિ ચોક્કસ છે.
- ❖ આ આશાઓ, વિશ્વાસ અને આકાંક્ષાઓનું અંદાજપત્ર છે. આ અંદાજપત્ર ૨૧મી સદીના ભારત અને નવા ભારતના નિર્માણની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા મહત્ત્વપૂર્ણ કડી સાબિત થશે.
- ❖ આ અંદાજપત્ર વર્ષ ૨૦૨૨ એટલે કે સ્વતંત્રનાં ૭૫ વર્ષ સંબંધિત નિર્ણયોના અમલીકરણ માટે નવો માર્ગ નિર્ધારિત કરશે.
- ❖ ગત પાંચ વર્ષમાં અમારી સરકારે ગરીબો, ખેડૂતો, અનુસૂચિત જાતિઓ, કચડાયેલા અને દબાયેલા વર્ગોને સશક્ત બનાવવા માટે અનેક પગલાંઓ લીધા છે. આગામી પાંચ વર્ષમાં આ સશક્તીકરણ તેમને વિકાસનું શક્તિશાળી કેન્દ્રબિંદુ બનાવશે.



- આ કેન્દ્રબિંદુ ૫ ટ્રિલિયન ડોલરના સ્વપ્નને સાકાર કરવા માટે દેશને નવી ઊર્જા પૂરી પાડશે.
- આ અંદાજપત્રમાં કૃષિક્ષેત્રમાં માળખાકીય સુધારા માટે નવી યોજનાઓ જાહેર કરવામાં આવે છે. PMKISAN દ્વારા ખેડૂતોને ૮૭,૦૦૦ કરોડ રૂપિયાનું હસ્તાંતરણ, ૧૦,૦૦૦થી વધારે ખેડૂત ઉત્પાદક સંઘ ખોલવાનો નિર્ણય, માછીમારો માટે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અને નેશનલ વેરહાઉસિંગ ગ્રિડની સ્થાપના - આ તમામ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.
- માનવશક્તિ વગર જળસંરક્ષણ શક્ય નથી. લોકચળવળ થકી જ જળસંરક્ષણ શક્ય છે. આ અંદાજપત્ર માત્ર વર્તમાન પેઢીની જ નહીં, પરંતુ આગામી પેઢીની પણ કાળજી રાખે છે. 'સ્વચ્છ ભારત અભિયાન', 'હર ઘર જલ અભિયાન' જેવી યોજનાઓ જળસંકટનો સામનો કરવા દેશને સક્ષમ બનાવશે.
- આ અંદાજપત્રમાં લેવામાં આવેલા નિર્ણયો આગામી દાયકાનો પાયો મજબૂત કરશે અને સાથે-સાથે યુવાનો માટે નવી સંભાવનાઓનાં દ્વાર પણ ખોલશે.
- આ અંદાજપત્ર તમારી આકાંક્ષાઓ, તમારાં સપનાંઓ અને તમારી કટિબદ્ધતાઓનું ભારત બનાવવા તરફ લેવામાં આવેલો ઐતિહાસિક કદમ છે.
- હું ફરી એક વખત નાણાં મંત્રી અને તેમની ટીમને અભિનંદન આપું છું. ઉજ્જવળ ભવિષ્ય માટે ભારતના તમામ નાગરિકોને મારી શુભકામના.

સ્રોતઃ PIB

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 7TH OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

પ્રકાશન તા. ૧ ઓગસ્ટ, ૨૦૧૯
પોસ્ટિંગ તા. ૭ ઓગસ્ટ, ૨૦૧૯

**YOJANA (GUJARATI), AUGUST-2019** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક:
તંત્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, C/O પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો,
બીજો માળ, અખંડાનંદ હોલ, મધર ટેરેસા રોડ,
સીએનઆઈ ચર્ચની નજીક, ભદ્ર,
અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત.




Printed & Published by Dr. Sadhana Rout, Pr. D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
**Regional Office:** Editor, Yojana Office, Publications Division, Ministry of I&B, Government of India
C/o Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Mother Teresa Road, Near CNI Church, Bhadra, Ahmedabad-380001. Gujarat.
**For subscription, purchase, advertisements & discount policy, contact : yojanagujarati@gmail.com or (079) 26588669 (Mon-Fri)**
Printed by Print Vision Pvt. Ltd., Opp. Ashwamegh Elegance-II, Ambawadi Bazar, Ambawadi, Ahmedabad-380006.